सत्यमेव जयते

**ભારત સરકાર**

# અંદાજપત્ર 2020-21

## નાણાં મંત્રી

# નિર્મલા સિતારમણનું

## સંબોધન

ફેબ્રુઆરી 1, 2021

# વિષયવસ્તુ

## ભાગ-એ

| | પાના નંબર |
|---|---|
| ▪ **પ્રસ્તાવના** | 1 |
| ▪ **આરોગ્ય અને સુખાકારી** | 5 |
| ▪ **ભૌતિક અને નાણાકીય મૂડી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર** | |
| ▪ **આકાંક્ષી ભારત માટે સમાવિષ્ટ વિકાસ** | 19 |
| ▪ **માનવમૂડીનું પુન:શક્તિવર્ધન** | 22 |
| ▪ **નવીનીકરણ, સંશોધન અને વિકાસ** | 23 |
| ▪ **મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ** | 24 |
| ▪ **રાજવિત્તીય સ્થિતિ** | 25 |

## ભાગ-બી

**સીધા વેરાની દરખાસ્તો**

- વરિષ્ઠ નાગરિકોને રાહત
- આવકવેરા કામકાજ માટે સમયમાં ઘટાડો
- વિવાદ સમાધાન સમિતિની સ્થાપના
- ફેસલેસ આઇટીએટી
- એનઆરઆઇને છૂટછાટ
- ઑડિટમાંથી મુક્તિ
- ડિવિડન્ડ માટે રાહત
- ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિદેશી રોકાણ આકર્ષિત કરવું
- પરવડે એવા આવાસ/ ભાડાના આવાસ
- આઇએફએસસીને કરરાહત
- પહેલેથી પૂરવામાં આવેલા રિટર્ન્સ
- નાના ટ્રસ્ટોને રાહત
- શ્રમ કલ્યાણ

**પરોક્ષ વેરાની દરખાસ્તો** 33

- જીએસટી
- આબકારી જકાત (કસ્ટમ ડ્યુટી)નું સુયોજન
- ઇલેક્ટ્રોનિક અને મોબાઇલ ફોન ઉદ્યોગ
- આયર્ન અને સ્ટીલ
- વસ્ત્ર-ટેક્સ્ટાઇલ
- રસાયણો

- સોનું અને ચાંદી
- રિન્યુએબલ એનર્જી
- મૂડી સાધનો
- એમએસએમઇ ઉત્પાદનો
- કૃષિ ઉત્પાદનો

**જોડાણ** 37

**પ્રવચનના ભાગ-એનાં જોડાણ**

- આરોગ્ય અને સુખાકારી-ખર્ચ
- ફ્લેગશિપ પરિયોજનાઓ-માર્ગ અને રાજમાર્ગો
- ડિસઇનવેસ્ટમેન્ટ/ વ્યૂહાત્મક ડિસઇંવેસ્ટમેન્ટ નીતિની વિગતો
- કૃષિ વસ્તુઓની એમએસપીથી ખરીદી
- નવી શિક્ષણ નીતિ (એનઇપી)ના ભાગરૂપે શિક્ષણ પહેલ
- વધારાના બજેટરી સંસાધનો અંગેનું સરવૈયું
  (સરકાર દ્વારા પૂર્ણ નિયંત્રિત બૉન્ડ્સ, એનએસએસએફ લૉન અને અન્ય સંસાધનો)

**પ્રવચનના ભાગ-બીનાં જોડાણ** 45

**સીધા વેરા**

**પરોક્ષ વેરા**

**બજેટ 2021-2022**

*નાણાં મંત્રી*

**શ્રીમતી નિર્મલા સીતારમણનું**

**સંબોધન**

**ફેબ્રુઆરી 1, 2021**

માનનીય અધ્યક્ષ શ્રી,

હું વર્ષ 2021-2022 માટેનું અંદાજપત્ર રજૂ કરું છું.

**પ્રસ્તાવના**

**1.** માનનીય અધ્યક્ષ શ્રી, આ બજેટની તૈયારી અગાઉ કદી ન હતા એવા સંજોગોમાં હાથ ધરાઇ હતી. આપણે દેશની અંદર દેશ કે પ્રદેશને અસર કરતી આપત્તિઓ વિશે જાણતા હતા પણ કોવિડ-19 સાથે સમગ્ર 2020માં જે વેઠ્યું છે એ અસાધારણ છે.

**2.** મેં જ્યારે 2020-21નું અંદાજપત્ર રજૂ કર્યું ત્યારે આપણે કલ્પના નહોતા કરી શક્યા કે પહેલેથી મંદગતિનું શૂળ વેઠતું વૈશ્વિક અર્થતંત્ર અભૂતપૂર્વ સંકોચનમાં ધકેલાઇ જશે.

**3.** આપણે એ પણ ન કલ્પી શક્યા કે અન્ય દેશોની જેમ આપણા લોકોએ પણ પોતાનાં આપ્તજનોને ગુમાવવા પડશે અને આરોગ્ય કટોકટીના કારણે આવેલી યાતનાઓ વેઠવી પડશે.

**4.** લૉકડાઉન ન રાખવાનું જોખમ બહુ વધારે હતું. ત્રણ સપ્તાહનું સંપૂર્ણ લૉકડાઉન જાહેર કર્યાના 48 કલાકોની અંદર પ્રધાનમંત્રીએ રૂ. 2.76 લાખ કરોડની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના જાહેર કરી- એનાથી 80 કરોડ લોકોને નિ:શુલ્ક અનાજ, 80 કરોડ પરિવારોને મફત રાંધણ ગેસ મહિનાઓ સુધી પૂરાં પડાયાં અને 40 કરોડથી વધુ ખેડૂતો, મહિલાઓ, વૃદ્ધો, ગરીબો અને જરૂરિયાતમંદોને સીધી રોકડ અપાઇ.

**5.** મોટા ભાગના નાગરિકો ઘરે રહ્યા ત્યારે દૂધ, શાકભાજી અને ફળ સપ્લાયર્સ, ટ્રક ડ્રાઇવર્સ, રેલવે અને જાહેર પરિવહનના કામદારો, બૅન્ક કર્મચારીઓ, વીજળી કામદારો, આપણા અન્નદાતાઓ, પોલીસ, ફાયરમેન અને સશસ્ત્ર દળો, તમામે રાબેતા મુજબ કામે જવું પડ્યું પણ પોતાના પર હાવી થઈ રહેલા વાયરસની વધારાની ચિંતા સાથે. આપણે આને સ્વીકારીએ છીએ અને એ મહ્ત્વના મહિનાઓ દરમિયાન તેઓ દેશની પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટે કેવી રીતે એમની ફરજ અને કામગીરી બજાવી શક્યા એ માટે આ પુરૂષો અને મહિલાઓ પ્રતિ હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું ત્યારે હું માનું છું કે હું આ પૂજ્ય ગૃહના દરેક વતી બોલું છું.

**6.** સ્પીકર સર, જાહેર હેતુ માટે આદરણીય સાંસદો અને ધારાસભ્યોએ પણ એમનાં પગાર આપ્યા છે.

**7.** મે 2020માં સરકારે આત્મનિર્ભર ભારત પૅકેજ (એએનબી 1.0) જાહેર કર્યું. રોગમુક્તિ ટકાવી રાખવા અમે વર્ષ દરમિયાન બીજા બે આત્મનિર્ભર ભારત પૅકેજીસ (એએનબી 2.0 અને એએનબી 3.0) જાહેર કર્યા. આ તમામ આત્મનિર્ભર ભારત પૅકેજીસનું કૂલ નાણાંકીય મૂલ્ય રૂ. 27.1 લાખ કરોડ અંદાજાયું હતું જે જીડીપીના 13%થી વધારે છે અને એમાં આરબીઆઇ દ્વારા લેવાયેલાં પગલાંનો સમાવેશ થાય છે.

**8.** સરકાર તરીકે અમે સ્થિતિ પર નજર રાખી અને અમારા પ્રતિસાદમાં અમે પ્રોએક્ટિવ હતા. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં સરકારે આપણા સમાજના સૌથી વંચિતો-ગરીબમાં ગરીબ, દલિતો, આદિવાસીઓ, વૃદ્ધો, પરપ્રાંતીય કામદારો અને આપણાં બાળકોની સેવા માટે એના સંસાધનો કામે લગાડ્યા. પીએમજીકેવાય, ત્રણ એએનબી પૅકેજીસ અને ત્યારબાદ કરાયેલી જાહેરાતો પાંચ મિનિ-બજેટ જેવી જ હતી.

**9.** આત્મનિર્ભર પૅકેજીસે માળખાગત સુધારાની આપણી ગતિને વધારી. એમએસએમઇની ફેરવ્યાખ્યા, ખનીજ ક્ષેત્રનું વેપારીકરણ, કૃષિ અને શ્રમ સુધારા, જાહેર સાહસોનું ખાનગીકરણ, એક દેશ એક રાશન કાર્ડ, અને ઉત્પાદન સાથે જોડાયેલી ઇન્સેન્ટિવ યોજનાઓ આ સમયગાળા દરમિયાન હાથ ધરાયેલા નોંધપાત્ર સુધારા પૈકીના છે. આ સિવાય ફેસલેસ આવકવેરા એસેસમેન્ટ, ડીબીટી અને નાણાકીય સમાવેશ તો ખરાં જ.

**10.** આજે ભારત પાસે બે રસીઓ ઉપલબ્ધ છે અને કોવિડ-19 સામે તેણે પોતાના નાગરિકો જ નહીં પણ 100 કે એથી વધુ દેશોના નાગરિકોને તબીબી રીતે રક્ષિત કરવાનું આરંભ્યું છે. એ જાણીને હાશ થશે કે બે કે એથી વધુ રસીએ જલદી અપેક્ષિત છે.

**11.** આપણા વૈજ્ઞાનિકોને યશ આપીને અને એમનો આભાર વ્યક્ત કરીને માનનીય પ્રધાનમંત્રીએ રસીકરણ ઝુંબેશ આરંભ કરાવી. આપણે એમના પ્રયાસોની શક્તિ અને ખંત બદલ સદા આભારી છીએ.

**12.** આ બધા સાથે આપણે ફરી યાદ અપાવીએ કે કોવિડ-19 સામેની આપણી લડાઇ 2021માં પણ જારી રહેશે.

**13.** હવે, જેમ કે બે વિશ્વ યુદ્ધો બાદ બન્યું એમ એવા સંકેતો છે કે કોવિડ પછીના વિશ્વમાં રાજકીય, આર્થિક અને વ્યૂહાત્મક સંબંધો બદલાઇ રહ્યા છે. ઇતિહાસમાં આ ક્ષણ નવા યુગનો સૂર્યોદય છે.- એક એવા જેમાં ભારત આશા અને સંભાવનાઓની ખરા અર્થમાં ધરતી બનવા સારી રીતે સમતુલામાં છે.

***'શ્રદ્ધા એવું પક્ષી છે જે પરોઢ હજી અંધારી હોય ત્યારે પણ પ્રકાશનો અનુભવ કરે છે અને ગાય છે.'***

*-રવિન્દ્રનાથ ટાગોર*

*(ફાયરફ્લાઇસ – સૂત્રનો સંગ્રહ)*

**14.** આ ભાવના સાથે હું ટીમ ઇન્ડિયાએ ઑસ્ટ્રેલિયામાં તાજેતરમાં જે દર્શનીય સફળતા મેળવી એનાથી ક્રિકેટ-પ્રેમી દેશ તરીકે આપણે જે ખુશી અનુભવી એ ફરી યાદ કરતા મારી જાતને રોકી નથી શક્તી. આ આપણને એ તમામ ગુણોની યાદ અપાવે છે જે લોકો ખાસ કરીને આપણા યુવા તરીકે દેખાવ કરીને સફળ થવા માટેની અતૃપ્ત તરસ અને અઢળક આશાઓને મૂર્તિમંત કરે છે.

**15.** આજે ડેટા દર્શાવે છે કે પ્રતિ દસ લાખની વસ્તીએ ભારતમાં 112 એ સૌથી નિમ્ન મૃત્યુદરોમાંનો એક છે અને દસ લાખે સક્રિય કેસોની સંખ્યા 130 છે એ પણ સૌથી નિમ્ન પૈકીની એક છે. અર્થતંત્રમાં આપણે હવે જે પુન:સંચાર જોઇ રહ્યા છે એનો પાયો આ આંકડાઓએ નાખ્યો છે.

**16.** આ બજેટ આ નવા દાયકાનું પહેલું અંદાજપત્ર હશે. આ બજેટ ડિજિટલ બજેટ પણ હશે અને આ બધું આપ સૌના સહકારથી શક્ય બન્યું છે.

**17.** અત્યાર સુધી માત્ર ત્રણ વાર એવું બન્યું છે કે અર્થતંત્રમાં સંકોચન બાદ બજેટ આવ્યું હોય. આ તમામ સંકોચનો ભારતને લગતી સ્થિતિને પરિણામે આવ્યા હતા. આ વખતે આપણા અર્થતંત્રમાં સંકોચન વૈશ્વિક મહામારીને લીધે છે, બીજા ઘણો દેશોની જેમ જ.

**18.** આમ કહીને હું વિશ્વાસપૂર્વક કહેવા માગું છું કે આપણી સરકાર અર્થતંત્રને ફરી પાટે લાવવા સમર્થન અને સુવિધા આપવા માટે સંપૂર્ણ તૈયાર છે. ટકી શકે એવા વિકાસ માટે આવશ્યક ગતિ મેળવવા અને ઉપર ઉઠવા માટે આ અંદાજપત્ર આપણા અર્થતંત્રને દરેક તક પૂરી પાડે છે.

**19.** આપણા ઇતિહાસ માટે 2021નું વર્ષ ઘણા અગત્યના સીમાચિહ્નોનું વર્ષ છે. આમાંના કેટલાંકનો હું ઉલ્લેખ કરું છું: સ્વતંત્રતાનું 75મું વર્ષ; ભારતમાં ગોવાના ઉમેરાના 60 વર્ષ; 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધના 50 વર્ષ; સ્વંત્રત ભારતની 8મી વસ્તી ગણતરીનું વર્ષ; બ્રિક્સ પ્રમુખપદ માટે ભારતનો વારો; આપણા ચંદ્રયાન-3 મિશનનું વર્ષ અને હરિદ્વાર મહાકુંભ

**20.** માનનીય અધ્યક્ષ શ્રી, હું આ અંદાજપત્રનો ભાગ એ શરૂ કરું એ પૂર્વે હું અત્રે એ સ્વીકરાવા માગું છું કે આપણા જેવા દેશમાં કટોકટીના સમયે લોકો એક થતાં હોય છે ત્યારે આઇસોલેશન અને અંતર કેવું ઉલંઘનીય પડકાર જેવું લાગ્યું હશે. એનાથી આપણે ઘણી રીતે આહત થયા છીએ. આપણી શારીરિક અને માનસિક સુખાકારી માટે આ બહુ મુશ્કેલ વર્ષ હતું અને એનો ઇનકાર ન થઈ શકે. આ અઘરા વર્ષનો સામનો કરવા માટે જે સહનશક્તિ દર્શાવી છે એ માટે દરેક નાગરિકના સન્માનમાં હું શીશ ઝુકાવું છું.

**ભાગ-એ**

**21.** ભાગ-એમાં હું આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન મૂકવા માગું છું.

**22.** આત્મનિર્ભરતા એ નવો વિચાર નથી. પ્રાચીન ભારત મોટા ભાગે આત્મનિર્ભર હતું અને સમાન રીતે વિશ્વનું વેપાર કેન્દ્રબિંદુ હતું.

**23.** આત્મનિર્ભર ભારત 130 કરોડ ભારતીયોની અભિવ્યક્તિ છે જેઓને એમની ક્ષમતાઓ અને કુશળતાઓમાં પૂર્ણ આત્મવિશ્વાસ છે.

**24.** આપણે જી20 અને બ્રિક્સ જેવા આંતરરાષ્ટ્રીય જૂથોનો હિસ્સો છીએ જ. ભારતના પ્રયાસોને લીધે ડિઝાસ્ટર રિસાયલન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું જોડાણ અને આંતરરાષ્ટ્રીય સૌર કરાર આજે વાસ્તવિકતા છે.

**25.** ભાગ-એની દરખાસ્તો દેશ પહેલા, ખેડૂતોની આવક બમણી, મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વસ્થ ભારત, સુશાસન, યુવાઓને તક, તમામને શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને સમાવિષ્ટ વિકાસ અને અન્ય સંકલ્પને વધારે મજબૂત કરશે.

**26.** આ ઉપરાંત અમે 2015-16ના અંદાજપત્રમાં આપેલા 13 વચનોના ઝડપી અમલીકરણના માર્ગે છીએ. આ વચનો આપણી સ્વંત્રતાના 75મા વર્ષે અમૃત મહોત્સવ 2022 દરમિયાન સાકાર કરવાના છે. આ વચનો પણ આ આત્મનિર્ભરતાના સ્વપ્નનો પડઘો પાડે છે.

**27.** 2021-2022ની બજેટ દરખાસ્તો છ સ્તંભો પર ટકેલી છે.

i. આરોગ્ય અને સુખાકારી
ii. ભૌતિક અને નાણાકીય મૂડી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર
iii. આકાંક્ષી ભારત માટે સમાવિષ્ટ વિકાસ
iv. માનવમૂડીનું પુન;શક્તિવર્ધન
v. નવીનીકરણ, સંશોધન અને વિકાસ
vi. મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ

### *1. આરોગ્ય અને સુખાકારી*

**28.** સૌથી પહેલાં તો કહેવા માગું છું કે આરોગ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર રોકાણ આ અંદાજપત્રમાં ધરખમ વધારી દેવાયું છે. આગળ જતાં, સંસ્થાઓ વધારે શોષી લે એમ અમે વધારે આપવા કટિબદ્ધ છીએ.

**29.** આરોગ્ય તરફ સાકલ્યવાદી અભિગમ લેતા અમે ત્રણ ક્ષેત્રો: અટકાયતી, ઉપચારક અને તંદુરસ્તી મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

### *આરોગ્ય પ્રણાલીઓ*

**30.** છ વર્ષોમાં રૂ. 64,180 કરોડના ખર્ચે એક નવી કેન્દ્ર પુરસ્કૃત યોજના **પીએમ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના** શરૂ કરાશે. આનાથી પ્રાથમિક, સહાયક અને ત્રીજી પંક્તિની આરોગ્ય સંભાળ પ્રણાલીઓની ક્ષમતા વિકસશે, હાલની રાષ્ટ્રીય સંસ્થાઓ વધારે મજબૂત બનશે, અને નવા તેમજ ઉદભવતા રોગોને શોધી એનો ઇલાજ કરવાની જોગવાઇ કરવા નવી સંસ્થાઓ સર્જાશે. નેશનલ હેલ્થ મિશન ઉપરાંતની આ યોજના છે. આ યોજના હેઠળના મુખ્ય હસ્તક્ષેપ આ મુજબ છે:

a. 17,788 ગ્રામીણ અને 11,024 શહેરી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સને સમર્થન;
b. 11 રાજ્યોમાં તમામ જિલ્લાઓમાં સંકલિત જાહેર આરોગ્ય લેબ્સ સ્થાપવી અને 3382 તાલુકા જાહેર આરોગ્ય એકમોની સ્થાપના;

c. 602 જિલ્લાઓ અને 12 કેન્દ્રીય સંસ્થાનોમાં ક્રિટિકલ કેર હૉસ્પિટલ બ્લૉક્સ સ્થાપવા;
d. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ(એનસીડીસી)ને, એની પાંચ પ્રાદેશિક શાખાઓ અને 20 મેટ્રોપોલિટન હેલ્થ સર્વેલન્સ યુનિટ્સને મજબૂત કરવા;
e. તમામ જાહેર હેલ્થ લેબ્સને જોડવા માટે તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને સંકલિત આરોગ્ય માહિતી પોર્ટલ વિસ્તારવું;
f. 17 નવા જાહેર આરોગ્ય એકમો કાર્યરત કરવા અને પ્રવેશદ્વારે એટલે કે 32 હવાઇમથકો, 11 દરિયાઇ બંદરો અને 7 લેન્ડ ક્રોસિંગ્સ પરના 33 હયાત જાહેર આરોગ્ય એકમોને મજબૂત કરવા;
g. 15 હેલ્થ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર્સ અને 2 મોબાઇલ હૉસ્પિટલ્સની સ્થાપના; અને
***h.*** વિશ્વ આરોગ્ય સંસ્થાના સાઉથ ઇસ્ટ એશિયા પ્રદેશના પ્રાદેશિક રિસર્ચ પ્લેટફોર્મ વન હેલ્થ માટે રાષ્ટ્રીય સંસ્થાનની સ્થાપના, 9 બાયો-સેફ્ટી લેવલ 3 લૅબોરેટરીઝ અને 4 પ્રાદેશિક નેશનલ ઇન્સ્ટીટ્યુટ્સ ફોર વાયરોલોજીની સ્થાપના.

***પોષણ***

**31.** વિતરણ, પોષણ સંબંધી સામગ્રી, વિતરણ, પહોંચ અને પરિણામને મજબૂત કરવા અમે પૂરક પોષણ કાર્યક્રમ અને પોષણ અભિયાનને વિલિન કરીને મિશન પોષણ 2.0 શરૂ કરીશું. 112 આકાંક્ષી જિલ્લાઓમાં પોષણ સંબંધી પરિણામો સુધારવા માટે અમે એક સઘન વ્યૂહરચના અપનાવીશું.

**પાણી પુરવઠાનો સાર્વત્રિક વ્યાપ**

**32.** વિશ્વ આરોગ્ય સંસ્થાએ સાર્વત્રિક આરોગ્ય હાંસલ કરવાની પૂર્વ જરૂરિયાત તરીકે વારંવાર સ્વચ્છ પાણી, સ્વચ્છતા અને સ્વચ્છ પર્યાવરણ પર ભાર મૂક્યો છે.

**33.** જળજીવન મિશન (શહેરી) શરૂ થશે. એનો હેતુ તમામ 4378 શહેરી સ્થાનિક સંસ્થાઓમાં 2.86 કરોડ ઘરેઘરે નળ જોડાણ સાથે સાર્વત્રિક પાણી પુરવઠાનો અને 500 અમૃત શહેરોમાં લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટનો છે. તે રૂ. 287000 કરોડના ખર્ચે આગામી પાંચ વર્ષોમાં અમલી થશે.

***સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત***

**34.** શહેરી ભારતની વધુ *સ્વચ્છતા* માટે અમે સંપૂર્ણ મળ ગટર વ્યવસ્થાપન અને વૅસ્ટ વૉટર ટ્રીટમેન્ટ, કચરાને સ્રોત પર જ અલગ પાડી દેવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકમાં ઘટાડો, બાંધકામ અને ડિમોલિશનની પ્રવૃત્તિઓથી નીકળતા કચરાના અસરકારક વ્યવસ્થાપન કરીને હવાનું પ્રદૂષણ ઘટાડવું અને કચરા નિકાલનાં તમામ જૂનાં સ્થળોના બાયો ઉપચાર પર ધ્યાન કેન્દ્રિત કરવા માગીએ છીએ. 2021-2026 એમ પાંચ વર્ષો માટે રૂ. 141678 કરોડની નાણાકીય ફાળવણી સાથે અર્બન સ્વચ્છ ભારત મિશન 2.0 અમલી થશે.

***સ્વચ્છ હવા***

**35.** હવા પ્રદૂષણની ઝડપથી વધતી સમસ્યાને હાથ ધરવા હું આ અંદાજપત્રમાં દસ લાખથી વધુ વસ્તી ધરાવતાં 42 શહેરી કેન્દ્રો માટે 2217 કરોડ રૂપિયાની રકમ ફાળવવા દરખાસ્ત કરું છું.

*સ્ક્રેપિંગ પૉલિસી*

**36.** અમે જૂનાં અને અનફિટ વાહનો દૂર કરવા માટે અલગથી સ્વૈચ્છિક વાહન સ્ક્રેપિંગ પૉલિસી જાહેર કરી રહ્યા છીએ. આનાથી બળતણ કાર્યક્ષમ, પર્યાવરણીય રીતે અનુકૂળ વાહનોને ઉત્તેજનમાં મદદ મળશે અને એનાથી વાહન પ્રદૂષણ ઘટશે અને ઑઇલ આયાત બિલ પણ ઓછું થશે. વ્યક્તિગત વાહનોના કિસ્સામાં 20 વર્ષ અને કૉમર્શિયલ વાહનોના કિસ્સામાં 15 વર્ષો બાદ વાહનોનો ઑટોમેટેડ ફિટનેસ સેન્ટર્સમાં ફિટનેસ ટેસ્ટ્સ થશે. મંત્રાલય દ્વારા આ યોજનાની વિગતો અલગથી આપવામાં આવશે.

*રસીઓ*

**37.** મેડ ઇન ઇન્ડિયા પ્રોડક્ટ- ભારતમાં બનેલી ન્યુમોકોકલ રસી હાલ 5 રાજ્યો પૂરતી મર્યાદિત છે એ સમગ્ર દેશમાં શરૂ કરાશે. આનાથી વર્ષે 50,000 બાળકોથી વધુનાં મૃત્યુ ટળી જશે.

**38.** બજેટ અંદાજ 2021-22માં મેં કોવિડ-19 રસી માટે રૂ. 35000 કરોડ પૂરાં પાડ્યાં છે. જરૂર પડે વધારે ફંડ્સ પૂરું પાડવા હું કટિબદ્ધ છું.

**39.** આ વર્ષના રૂ. 94,452 કરોડના બજેટ અંદાજ સામે 2021-22ના બજેટ અંદાજમાં આરોગ્ય અને તંદુરસ્તી માટે બજેટ ખર્ચ રૂ. 2,23,846 કરોડ છે જે 137%નો વધારો છે. આની વિગતો સંબોધનના જોડાણ 1માં છે.

***2. ભૌતિક અને નાણાકીય મૂડી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર***

*આત્મનિર્ભર ભારત- પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ (પીએલઆઇ)*

**40.** 5 ટ્રિલિયન ડૉલરના અર્થતંત્ર માટે આપણા ઉત્પાદન ક્ષેત્રએ ટકાઉ ધોરણે દ્વિઅંકી વૃદ્ધિ નોંધાવવી પડે. આપણી ઉત્પાદન કંપનીઓએ વૈશ્વિક સપ્લાય ચેનનો અતૂટ ભાગ બનવાની, હાર્દ યોગ્યતા અને આધુનિક ટેકનોલોજી ધરાવે એ આવશ્યક છે. આ તમામ હાંસલ કરવા માટે 13 ક્ષેત્રો માટે ઉત્પાદનના વૈશ્વિક વિજેતાઓ સર્જવા આત્મનિર્ભર ભારત માટે પીએલઆઇ સ્કીમ જાહેર થઈ છે. આ માટે સરકારે 2021-22ના નાણાંકીય વર્ષથી શરૂ કરીને પાંચ વર્ષમાં આશરે રૂ. 1.97 લાખ કરોડ સોંપ્યા છે. આ પહેલથી ચાવીરૂપ સેક્ટર્સમાં વ્યાપ અને કદ લાવવામાં, વૈશ્વિક વિજેતાઓ સર્જવામાં અને સંવર્ધન કરવામાં મદદ મળશે અને આપણા યુવાનોને જૉબ્સ પૂરાં પાડશે.

*ટેક્સ્ટાઇલ*

**41.** ટેક્સ્ટાઈલ ઉદ્યોગ વૈશ્વિક રીતે સ્પર્ધાત્મક બને એ માટે સમર્થ કરવા, મોટા રોકાણોને આકર્ષવા અને રોજગાર સર્જનને વેગ આપવા આ પીએલઆઇ સ્કીમ ઉપરાંત *મેગા ઇન્વેસ્ટમેન્ટ ટેક્સ્ટાઇલ પાર્ક્સ (મિત્રા)*ની યોજના શરૂ કરાશે. નિકાસમાં વિશ્વવિજેતાઓ સર્જવા સમર્થ કરવા પ્લગ એન્ડ પ્લે સુવિધાઓ સાથેનું વિશ્વ કક્ષાનું ઇન્ફ્રાસ્ટક્ચર આનાથી સર્જાશે. 3 વર્ષોમાં 7 ટેક્સ્ટાઈલ પાર્ક્સ સ્થાપવામાં આવશે.

*ઇન્ફ્રાસ્ટ્રક્ચર*

**42.** મેં ડિસેમ્બર 2019માં નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન (એનઆઇપી)ની જાહેરાત કરેલી એ ભારત સરકાર દ્વારા અત્યાર સુધીની આ પ્રકારની પહેલી અને સંપૂર્ણ સરકારી કવાયત છે. 6835 પરિયોજનાઓ સાથે એનઆઇપીની શરૂઆત થઈ હતી; પ્રોજેક્ટ પાઇપલાઇન હવે વિસ્તરીને 7400 પ્રોજેક્ટ્સ થઈ છે. અમુક મહત્વના ઇન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રાલયો હેઠળ રૂ. 1.10 લાખ કરોડના આશરે 217 પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા છે.

**43.** એનઆઇપી એ એવો ચોક્કસ લક્ષ્યાંક છે જે સરકાર આગામી વર્ષોમાં હાંસલ કરવા માટે કટિબદ્ધ છે. આ માટે સરકાર અને નાણાકીય ક્ષેત્ર બંને તરફથી ફંડિંગમાં મોટા વધારાની જરૂર પડશે. આ બજેટમાં હું ત્રણ રીતે આમ કરવા નક્કર પગલાં લેવા સૂચવું છું:

**44.** પહેલું સંસ્થાકીય માળખાઓ સર્જવા દ્વારા; બીજું મૉનેટાઇઝિંગ એસેટ્સને જોરદાર મોટો હલેસો અને ત્રીજું કેન્દ્રીય અને રાજ્ય અંદાજપત્રોમાં મૂડી ખર્ચાનો હિસ્સો વધારીને.

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાયનાન્સિંગ- ડેવલપમેન્ટ ફાયનાન્સિયલ ઇન્સ્ટીટ્યુશન (ડીએફઆઇ)**

**45.** માળખાગત સુવિધાઓ- ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લાંબા ગાળાની ઋણ નાણા વ્યવસ્થાની આવશ્યકતા છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર નાણા વ્યવસ્થા માટે પૂરું પાડનાર, શક્તિમાન બનાવનાર અને ઉત્પ્રેરક તરીકે કામ કરે એવું પ્રોફેશનલી-વ્યવસાયિક રીત વ્યવસ્થાપિત ડેવલપમેન્ટ ફાયનાન્સિયલ ઇન્સ્ટીટ્યુશન જરૂરી છે. આ ડીએફઆઇ સ્થાપવા માટે હું એ અનુસરીને એક બિલ રજૂ કરીશ. આ સંસ્થાના મૂડીકરણ માટે મેં રૂ. 20000 કરોડની રકમ પૂરી પાડી છે. મહત્વાકાંક્ષા એવી છે કે આગામી ત્રણ વર્ષોના સમયમાં આ ડીએફઆઇ માટે ઓછામાં ઓછો રૂ. 5 લાખ કરોડનો ધિરાણ પૉર્ટફોલિયો હોય.

**46.** આઇએનવીઆઇટીઓ અને આરઇઆઈવીટીઓને વિદેશી પૉર્ટફોલિયો રોકાણકારો દ્વારા ધિરાણ નાણા વ્યવસ્થા પ્રસ્તુત કાયદાઓમાં અનુકૂળ સુધારાઓ કરીને સક્ષમ કરાશે. આનાથી આઇએનવીઆઇટીઝ અને આરઇઆઈટીઝને નાણા મેળવવામાં વધારે સુગમતા રહેશે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રિયલ એસ્ટેટ ક્ષેત્રો માટે નિધિમાં વધારો થશે.

*એસેટ મૉનેટાઇઝેશન*

**47.** નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે કાર્યરત જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અસ્કયામતોનું મૉનેટાઇઝિંગ બહુ અગત્યનો ફાયનાન્સિંગ વિકલ્પ છે. સંભવિત બ્રાઉનફિલ્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સની એક ' નેશનલ મૉનેટાઇઝેશન પાઇપલાઇન' શરૂ કરાશે. પ્રગતિ પર નજર રાખવા અને રોકાણકારોને દ્રશ્યક્ષમતા પૂરી પાડવા એસેટ મૉનેટાઇઝેશન ડૅશબૉર્ડ પણ સર્જાશે. મૉનેટાઇઝેશનની દિશામાં કેટલાંક મહત્વના પગલાં છે:

a. નેશનલ હાઇ વે ઑથિરિટી ઑફ ઇન્ડિયા અને પીજીસીઆઇએલ દરેક પાસે એક પ્રાયોજિત ઇનવીઆઇટી (ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ) હશે જે આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોને આકર્ષશે. રૂ. 5000 કરોડના એન્ટરપ્રાઇઝ મૂલ્યના પાંચ કાર્યરત માર્ગોને

એનએચએઆઇ ઇનવીઆઇટીને તબદીલ થઈ રહ્યા છે. એવી જ રીતે રૂ. 7000 કરોડના મૂલ્યની ટ્રાન્સમિશન એસેટ્સ પીજીસીઆઇએલ ઇનવીઆઇટીને તબદીલ કરાશે.

b. ડેડિકેટેડ ફ્રેટ કૉરિડોર કાર્યરત થયા બાદ રેલવે એને કામકાજ અને જાળવણી માટે મોનેટાઇઝ કરશે.

c. કામકાજ અને વ્યવસ્થાપન છૂટછાટ માટે એરપોર્ટ્સનો આગામી લૉટ્સ મોનેટાઇઝ્ડ કરાશે.

d. એસેટ મોનેટાઇઝેશન પ્રોગ્રામ હેઠળ અન્ય મહત્વની ઇન્ફ્રાસ્ટ્રકચર એસેટ્સ છે: 1. એનએચએઆઇ દ્વારા ચાલતા ટૉલ માર્ગો. 2. પીજીસીઆઇએલની ટ્રાન્સમિશન એસેટ્સ. 3. ગેલ, આઇઓસીએલ અને એચપીસીએલની ઑઇલ અને ગેસ પાઇપલાઇન. 4. ટાયર ટુ અને ટાયર 3 શહેરોમાં એએઆઇના એરપોર્ટ્સ. 5. અન્ય રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સ. 6. સીપીએસઇની વૅરહાઉસિંગ એસેટ્સ જેવી કે સેન્ટ્રલ વેરહાઉસિંગ કૉર્પોરેશન અને એનએએફઇડી અને અન્યો અને 7. સ્પોર્ટ્સ સ્ટેડિયમ.

*મૂડી બજેટમાં તીવ્ર વધારો*

**48.** બજેટ અંદાજ 2020-21માં અમે મૂડી ખર્ચ માટે રૂ. 4.12 લાખ કરોડ પૂરાં પાડ્યાં હતાં. અમારા પ્રયાસો હતા કે સંસાધનોની અછત છતાં આપણે મૂડી પર વધારે ખર્ચ કરવો જોઇએ અને અમે 2020-21ના સુધારેલા અંદાજમાં પૂરાં પાડ્યા હતા એ રૂ. 4.39 લાખ કરોડની આસપાસ વર્ષ પૂર્ણ થવાની શક્યતા છે. 2021-22 માટે હું મૂડી ખર્ચમાં તીવ્ર વધારો સૂચવું છું અને એટલે રૂ. 5.54
લાખ કરોડ ફાળવ્યા છે જે 2020-21ના બજેટ અંદાજ કરતા 34.5% વધારે છે. આમાંથી રૂ. 44000 કરોડથી વધુની રકમ મેં આર્થિક બાબતોના વિભાગના બજેટ હેડ હેઠળ મૂકી છે જે મૂડી ખર્ચમાં સારી પ્રગતિ બતાવે અને વધુ ફંડની જરૂર હોય એવા પ્રોજેક્ટ્સ/પ્રોગ્રામ્સ/ વિભાગોને અપાશે. આ ખર્ચ ઉપરાંત અમે રાજ્યો અને સ્વાયત્ત સંસ્થાઓને એમના મૂડી ખર્ચ માટે રૂ. 2 લાખ કરોડથી વધુ આપીશું.

**49.** રાજ્યોને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સર્જન માટે એમના બજેટના વધુ ખર્ચ કરવા માટે પ્રેરિત કરવા પણ અમે ચોક્કસ મિકેનિઝમ પર કામ કરીશું.

*માર્ગ અને રાજમાર્ગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર*

**50.** રૂ. 5.35 લાખ કરોડની ભારતમાલા પરિયોજના હેઠળ 3.3 લાખ કરોડ રૂપિયાના ખર્ચે 13000 કિમી વધુની લંબાઇના રસ્તાઓ પહેલેથી અપાઇ ચૂક્યા છે અને એમાંથી 3800 કિમીના રસ્તાનું નિર્માણ થઈ ચૂક્યું છે. માર્ચ 2022 સુધીમાં અમે વધુ 8500 કિમી રસ્તા આપીશું અને વધારાના 11000 કિમી નેશનલ હાઇ વે કૉરિડોર્સ પૂર્ણ કરીશું.

**51.** રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ વધારવા માટે વધુ આર્થિક કૉરિડોર્સની પણ યોજના છે. એમાંના કેટલાંક છે

a. તમિલનાડુમાં રૂ. 1.03 લાખ કરોડના રોકાણથી 3500 કિમીનો નેશનલ હાઇ વે. આમાં મદુરાઇ-કોલ્લમ કૉરિડૉર, ચિત્તૂર-થટચૂર કૉરિડૉરનો સમાવેશ. બાંધકામ આગામી વર્ષથી શરૂ થશે.

b. કેરળમાં 1100 કિમીના નેશનલ હાઇ વેનું કામ રૂ. 65000 કરોડના ખર્ચે અને એમાં કેરળના મુંબઈ-કન્યાકુમારી કૉરિડૉરના 600 કિમીના સેક્શનનો સમાવેશ.

c. પશ્ચિમ બંગાળમાં 25000 કરોડ રૂ.ના ખર્ચે 675 કિમીના હાઇ વેનું કામ, અને એમાં હાલના રોડ કોલકાતા-સિલિગુરીના અપગ્રેડેશનનો સમાવેશ.

d. આસામ રાજ્યમાં રૂ. 19000 કરોડના નેશનલ હાઇ વેનું કામ  હાલ પ્રગતિમાં છે. આગામી ત્રણ વર્ષોમાં આ રાજ્યમાં 1300થી વધુ કિમીને આવરી લેતા નેશનલ હાઇ વેઝનું કામ રૂ. 34000 કરોડથી વધુના ખર્ચે હાથ ધરાશે.

**52.** કેટલાંક ફ્લેગશિપ કૉરિડૉર્સ અને અન્ય મહત્ત્વની પરિયોજનાઓ જેમાં 2021-22માં  નોંધપાત્ર પ્રવૃત્તિઓ દેખાશે એ જોડાણ-2માં છે.

**53.** માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય માટે હું રૂ. 118101 કરોડના વધારાયેલા મૂડીરોકાણની પણ જોગવાઇ કરી રહી છું અને એમાંથી રૂ. 108230 કરોડ મૂડી માટે છે જે અત્યાર સુધીની સૌથી વધારે રકમ છે.

***રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર***

**54.** ભારતીય રેલવેએ ભારત માટે નેશનલ રેલ પ્લાન-2030 તૈયાર કર્યો છે. આ યોજના 2030 સુધીમાં 'ફ્યુચર રેડી' રેલવે સિસ્ટમનું સર્જન કરશે.

**55.** 'મેક ઇન ઈન્ડિયા' સાર્થક કરવા આપણી વ્યૂહરચનાઓ મહત્ત્વનો ભાગ છે આપણા ઉદ્યોગ માટે પરિવહન એટલે કે લૉજિસ્ટિક ખર્ચ નીચે લાવવો. વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કૉરિડૉર (ડીએફસી) અને ઇસ્ટર્ન ડીએફસી જૂન 2022 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. નિમ્ન અનુસાર વધારાની પહેલ સૂચવાઇ છે:

a. 2021-22માં ઇસ્ટર્ન ડીએફસીના સોન્નાગર-ગોમોહ સેક્શન (263.7 કિમી) પીપીપી ધોરણે હાથ ધરાશે. એના તુરંત બાદ 274.3 કિમીનો ગોમોહ-દનકુનિ સેક્શન પણ હાથ ધરાશે.

b. અમે ભવિષ્યના ડેડિકેટેડ ફ્રેટ કૉરિડૉર પ્રોજેક્ટસ હાથ ધરીશું જેમાં ખડગપુરથી વિજયવાડા ઇસ્ટ કૉસ્ટ કૉરિડૉર, ભુસાવળથી ખડગપુરથી દાનજુનિ ઇસ્ટ-વેસ્ટ કૉરિડૉર અને ઇટાર્સીથી વિજયવાડા નોર્થ-સાઉથ કૉરિડૉર છે. પહેલા તબક્કે ડિટેલ્ડ પ્રોજેક્ટ્સ રિપોર્ટ્સ હાથ ધરાશે.

c. બ્રોડ ગેજ રૂટ કિલોમીટર્સ (આરકેએમ) વીજળીકરણ 46,000 કિમી પહોંચવાની અપેક્ષા છે એટલે કે 1 ઑક્ટોબર 2020ના રોજ 41,548 આરકેએમથી 2021નાં અંત સુધીમાં 72%. ડિસેમ્બર, 2023 સુધીમાં બ્રોડ ગેજ રૂટ્સના 100% વીજળીકરણનું કાર્ય સંપન્ન થશે.

**56.** ઉતારૂઓની સુવિધા અને સલામતી માટે નીચે મુજબનાં પગલાં સૂચવાયાં છે.

a. ઉતારૂઓને વધારે સારી મુસાફરીની અનુભૂતિ થાય એ માટે અમે પ્રવાસન રૂટ્સ પર સુંદર રીતે ડિઝાઇન કરાયેલા વિસ્ટા ડૉમ એલએચબી કૉચ શરૂ કરીશું.

b. છેલ્લાં કેટલાંક વર્ષોમાં હાથ ધરાયેલાં સલામતીનાં પગલાંઓએ પરિણામો આપ્યાં છે. આ પ્રયાસોને વધુ મજબૂત કરવા ભારતીય રેલવેના ઉચ્ચ ઘનતાવાળા નેટવર્ક્સ અને બહુ વધારે વપરાશમાં લેવાતા નેટવર્ક્સને સ્વદેશી રીતે વિકસાવાયેલ ઑટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ અપાશે. આ સિસ્ટમ માનવ ભૂલને કારણે ટ્રેન અથડામણ નિર્મૂળ કરે છે.

c. રેલવે માટે હું રૂ. 1,10,055 કરોડની રેકોર્ડ રકમ પૂરી પાડી રહી છું અને એમાંથી રૂ. 1,07,100 કરોડ મૂડી ખર્ચ માટે છે.

*શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર*

**57.** મેટ્રો રેલ નેટવર્કના વિસ્તરણ અને સિટી બસ સેવાને વધારીને અમે શહેરી વિસ્તારોમાં જાહેર પરિવહનનો હિસ્સો વધારવા તરફ કામ કરીશું, જાહેર બસ પરિવહન સેવાને વધારવા માટે રૂ. 18000 કરોડના ખર્ચે એક નવી યોજના શરૂ કરાશે. આ યોજનાથી નવી પીપીપી મોડેલ્સની ગોઠવણી સુગમ બનશે જેનાથી ખાનગી ક્ષેત્રના ખેલાડીઓ 20000થી વધુ બસોને ફાયનાન્સ, મેળવી, ચલાવી અને જાળવણી કરી શક્શે. આ યોજનાથી ઑટોમોબાઇલ સેક્ટરને વેગ મળશે, આર્થિક વિકાસને જોર મળશે અને શહેરી નિવાસીઓની હેરફેરની સુગમતા વધવાની સાથે આપણા યુવાઓ માટે રોજગારની તકો સર્જશે.

**58.** કુલ 702 કિમીની પરંપરાગત મેટ્રો કાર્યરત છે અને વધુ 1016 કિમીની મેટ્રો અને આરઆરટીએસ 27 શહેરોમાં નિર્માણાધીન છે. બે નવી ટેકનોલોજી જેવી કે 'મેટ્રોલાઇટ' અને 'મેટ્રોનીઓ' ફેલાવાશે જેનાથી ટાયર ટુ શહેરોમાં અને ટાયર-1 શહેરોની પરિઘમાં એ જ અનુભૂતિ , સુગમતા અને સલામતી સાથે ઘણાં ઓછા ખર્ચે મેટ્રો રેલ સિસ્ટમ પૂરી પડાશે.

**59.** કેન્દ્ર નીચેની પરિયોજનાને પ્રતિરૂપ નાણાં આપશે:

a. 11.5 કિમીના કોચી મેટ્રો રેલ ફેઝ 2ને રૂ. 1957.05 કરોડના ખર્ચે.

b. 118.9 કિમીના ચેન્નાઇ મેટ્રો રેલ ફેઝ-2ને રૂ. 63246 કરોડના ખર્ચે.

c. 58.19 કિમીના બેંગલુરુ મેટ્રો રેલવે પ્રોજેક્ટને ફેઝ 2એ અને 2બીને રૂ. 14788 કરોડના ખર્ચે.

d. નાગપુર મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ 2 અને નાસિક મેટ્રોને અનુક્રમે રૂ. 5976 કરોડ અને રૂ. 2092 કરોડના ખર્ચે.

*વીજળી ઇન્ફ્રાસ્ટ્રક્ચર*

**60.** છેલ્લાં છ વર્ષોમાં આપણે પાવર સેક્ટરમાં સંખ્યાબંધ સુધારા અને સિદ્ધિઓ જોઇ છે. અમે 139 ગિગા વૉટ્સની સ્થાપિત ક્ષમતા ઉમેરી છે, વધારે 2.8 કરોડ ઘરોને જોડ્યા છે અને ટ્રાન્સમિશન લાઇન્સની 1.41 લાખ સર્કિટ્સ ઉમેરી છે.

**61.** સમગ્ર દેશમાં ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓ સરકારી કે ખાનગી, ઇજારાશાહી ધરાવે છે. સ્પર્ધાને ઉત્તેજન આપીને ગ્રાહકોને પસંદગી પૂરી પાડવાની જરૂર છે. ગ્રાહકો એક કરતા વધારે ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓમાંથી વિકલ્પોની પસંદગી કરી શકે એ માટે માળખું અમલી કરાશે.

**62.** ટ્રાન્સમિશન કંપનીઓની નભવાની ક્ષમતા એ ગંભીર ચિંતાની બાબત છે. આગામી પાંચ વર્ષોમાં રૂ. 3,05,984 કરોડના ખર્ચ સાથે એક સુધારેલી- સુધારા આધારિત પરિણામ સાથે સંકળાયેલી પાવર ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ શરૂ કરાશે. આ યોજના પ્રિ પેઇડ સ્માર્ટ મીટરિંગ અને ફીડર સેપરેશન, સિસ્ટમ અપગ્રેડેશન વગેર સહિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર સર્જન માટે ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓને મદદ પૂરી પાડશે અને નાણાકીય સુધારણાઓ સાથે જોડાયેલી હશે.

**63.** નવેમ્બર 2020માં પ્રધાનમંત્રીએ ત્રીજી રિ-ઇન્વેસ્ટ કૉન્ફરન્સમાં બોલતા સર્વગ્રાહી નેશનલ હાઇડ્રોજન મિશન શરૂ કરવાની યોજના જાહેર કરી હતી. 2021-22માં હવે ગ્રીન પાવર સ્ત્રોતોમાંથી હાઇડ્રોજન પેદા કરવા માટે એક હાઇડ્રોજન એનર્જી મિશન શરૂ કરવાની દરખાસ્ત છે.

***બંદરો, વહાણો અને જળમાર્ગો***

**64.** મુખ્ય બંદરો એમની કાર્યરત સેવા જાતે જ વ્યવસ્થાપિત કરવાથી એક મોડેલ તરફ આગળ વધશે જેમાં એક ખાનગી ભાગીદાર એમના માટે વ્યવસ્થાપન કરશે. આ હેતુ માટે રૂ. 2000 કરોડથી વધુના સાત પ્રોજેક્ટ્સ 2021-22ના નાણાકીય વર્ષમાં મુખ્ય બંદરો દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ મોડ પર ઑફર કરાશે.

**65.** મંત્રાલયો અને કેન્દ્રીય જાહેર સાહસોના એકમો દ્વારા વૈશ્વિક ટેન્ડર્સ બહાર પડે એમાં ભારતીય શિપિંગ કંપનીઓને સબસિડી ટેકો પૂરો પાડવા માટે ભારતમાં મર્ચન્ટ શિપ્સના ફ્લેગિંગને ઉત્તેજન આપવાની એક યોજના શરૂ કરાશે. પાંચ વર્ષોમાં રૂ. 1624 કરોડની રકમ પૂરી પડાશે. આ પહેલથી ભારતીય સાગરખેડુઓ માટે વ્યાપક તાલીમ અને રોજગારની તકો સર્જાશે અને એ ઉપરાંત વૈશ્વિક શિપિંગમાં ભારતીય કંપનીઓનો હિસ્સો વધશે.

**66.** ભારતે રિસાયકલિંગ ઑફ શિપ્સ એક્ટ, 2019 ઘડ્યો છે અને હૉંગ કૉંગ ઇન્ટરનેશનલ કન્વેન્શનને સંમત થયું છે. ગુજરાતના અલંગ ખાતે આશરે 90 શિપ રિસાયકલિંગ યાડ્ર્સ એચકેસી-માન્ય પ્રમાણપત્રો મેળવી ચૂક્યા છે. યુરોપ અને જાપાનથી વધુ જહાજો ભારત લાવવા પ્રયાસો થશે. આશરે 4.5 મિલિયન લાઇટ ડિસ્પ્લેસમેન્ટ ટન (એલડીટી)ની રિસાયકલિંગની ક્ષમતા 2024 સુધીમાં બમણી થશે. આનાથી આપણા યુવાઓ માટે વધારાની 1.5 લાખ નોકરીઓ ઊભી થવાની આશા છે.

***પેટ્રોલિયમ અને નેચરલ ગેસ***

**67.** કોવિડ-19 લૉકડાઉનના ગાળા દરમિયાન આપણી સરકારે દેશભરમાં બળતણનો પુરવઠો વિક્ષેપ વિના ચાલુ રાખ્યો હતો. લોકોનાં જીવનમાં આ મહત્ત્વના ક્ષેત્રના અગત્યતાના પ્રકારની નોંધ લઈને નીચે મુજબની ચાવીરૂપ પહેલની જાહેરાત કરવામાં આવે છે:

a. 8 કરોડ ઘરોને લાભાન્વિત કરનારી ઉજ્જવલા યોજના વધુ એક કરોડ લાભાર્થીઓ સુધી વિસ્તારાશે.
b. આગામી ત્રણ વર્ષોમાં અમે સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં વધુ 100 જિલ્લાઓ ઉમેરીશું.
c. જમ્મુ અને કાશ્મીરના કેન્દ્ર શાસિત પ્રદેશમાં એક ગેસ પાઇપલાઇન પ્રોજેક્ટ હાથ ધરાશે.
d. તમામ કુદરતી ગેસ પાઇપલાઇન્સમાં ભેદભાવ રહિત ઓપન એક્સેસ આધારે કૉમન કેરિયર કેપેસિટીના બુકિંગનું સંકલન અને સુવિધાઓ માટે એક સ્વતંત્ર ગેસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ ઑપરેટરની સ્થાપના થશે

### *નાણાકીય મૂડી*

**68.** સેબી એક્ટ, 1992, ડિપૉઝટરીઝ એક્ટ, 1996, સિક્યોરિટીઝ કૉન્ટ્રાક્ટ્સ (નિયમન) એક્ટ, 1956 અને ગવર્મેન્ટ સિક્યોરિટિઝ એક્ટ, 2007ની જોગવાઇઓને વધારે સુદ્રઢ કરવા વધારે તાર્કિક એક જ સિક્યોરિટિઝ માર્કેટ્સ કોડમાં ફેરવવા સૂચવું છું.

**69.** ગિફ્ટ-આઇએફએસસી ખાતે સરકાર વર્લ્ડ ક્લાસ ફિન-ટેક હબના વિકાસને સમર્થન આપશે.

**70.** તણાવના સમય દરમિયાન કૉર્પોરેટ બૉન્ડ માર્કેટમાં ભાગ લેનારાનો આત્મવિશ્વાસ વધારવા અને સેકન્ડરી માર્કેટની પ્રવાહિતા સામાન્ય રીતે વધારવા કાયમી સંસ્થાકીય માળખું સર્જવાની દરખાસ્ત છે. સૂચિત સંસ્થા તણાવયુક્ત અને સામાન્ય સમયમાં એમ બન્ને રીતે ઇન્વેસ્ટમેન્ટ ગ્રેડ સિયોરિટીઝ (જામીનગીરીઓ) ખરીદશે અને બૉન્ડ માર્કેટના વિકાસમાં મદદરૂપ થશે.

**71.** બજેટ 2018-19માં સરકારે દેશમાં રેગ્યુલેટેડ ગૉલ્ડ એક્સેચેન્જીસની સિસ્ટમ શરૂ કરવાનો ઇરાદો જાહેર કર્યો હતો. આ હેતુ માટે સેબીને નિયામક તરીકે જાહેર કરાશે અને વેર હાઉસિંગ ઉપરાંત વૉલ્ટિંગ, એસેઇંગ, લૉજિસ્ટિક વગેરે સહિતની કૉમોડિટી માર્કેટ ઇકો સિસ્ટમ વ્યવસ્થા સ્થાપવા માટે વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્લેટરી ઑથોરિટીને મજબૂત કરાશે.

**72.** રોકાણકારોના રક્ષણ પ્રતિ તમામ નાણાકીય પ્રોડક્ટ્સમાં તમામ નાણાકીય રોકાણકારોના અધિકાર તરીકે હું રોકાણકાર ચાર્ટર શરૂ કરવા સૂચવું છું.

**73.** ઉર્જાના બિનપરંપરાગત ક્ષેત્રને વધુ વેગ આપવા માટે હું સોલર એનર્જી કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાને વધારાની રૂ. 1000 કરોડની મૂડી અને ઇન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સીને વધુ રૂ. 1500 કરોડની મૂડી ઉમેરવા દરખાસ્ત કરું છું.

### *વીમા ક્ષેત્રે એફડીઆઇ વધારવું*

**74.** વીમા કંપનીઓમાં એફડીઆઇની પરવાનગી આપવા પાત્ર મર્યાદા 49%થી વધારી 74% કરવા અને સલામતી સાથે વિદેશી માલિકી અને અંકુશની છૂટ માટે હું વીમા કાયદો, 1938માં સુધારો સૂચવું છું. નવા માળખા હેઠળ, બૉર્ડ પરના બહુમતી ડિરેક્ટર્સ અને ચાવીરૂપ મેનેજમેન્ટની વ્યક્તિઓ નિવાસી ભારતીયો હશે અને ઓછામાં ઓછા 50% ડિરેક્ટર્સ સ્વતંત્ર ડિરેક્ટર્સ હશે અને નફાની ચોક્કસ ટકાવારી સામાન્ય અનામત તરીકે જાળવી રાખવાની રહેશે.

### નવું માળખું રચીને સ્ટ્રેસ્ડ એસેટ સમાધાન

**75.** જાહેર ક્ષેત્રની બૅન્કો એમની તણાવયુક્ત એસેટ્સ માટે ઊંચી જોગવાઇઓ કરે છે એ સ્તર બૅન્ક બુક્સ સ્વચ્છ કરવાનાં પગલાં માગી લે છે. હયાત સ્ટ્રેસ્ડ ડેટ મજબૂત બનાવવા અને લઈ લેવા માટે એક એસેટ રિકન્સ્ટક્શન કંપની લિમિટેડ અને એસેટ મેનેજમેન્ટ કંપની સ્થાપવામાં આવશે અને ત્યારબાદ તે એસેટ્સનું વ્યવસ્થાપન અને નિકાલ છેવટે મૂલ્ય ઉપાર્જન માટે વૈકલ્પિક રોકાણ ફંડ્સ અને અન્ય સંભવિત રોકાણકારોને આપવામાં આવશે.

### *જાહેર ક્ષેત્રની બૅન્કોનું ફેરમૂડીકરણ*

**76.** સરકારી બૅન્કોની નાણાકીય ક્ષમતા વધારે મજબૂત કરવા માટે 2021-22માં વધુ રૂ. 20000 કરોડનું ફેરમૂડીકરણ સૂચવવામાં આવે છે.

### થાપણ વીમો

**77.** ગત વર્ષે સરકારે બૅન્ક ગ્રાહકો માટે થાપણ વીમા કવરેજ રૂ. એક લાખથી વધારી 5 લાખ કરવાને મંજૂરી આપી હતી. જોગવાઇઓને વધુ સુવ્યવસ્થિત કરવા હું આ સત્રમાં જ ડીઆઇસીજીસી એક્ટ, 1961માં સુધારા માટે આગળ વધીશ જેથી જો કોઇ બૅન્ક કામચલાઉ રીતે એની ફરજો પૂર્ણ ન કરી શકે તો આવી બૅન્કના થાપણદારો સરળતાથી અને સમયબદ્ધ રીતે એમની થાપણ વીમા જેટલી રકમ ઉપાડી શકે. આનાથી હાલ તણાવગ્રસ્ત બૅન્કોના થાપણદારોને મદદ મળશે.

**78.** નાના ધિરાણ મેળવનારાના હિતોનું રક્ષણ જારી રાખીને ધિરાણ શિસ્ત સુધરે એ માટે રૂ. 100 કરોડની ઓછામાં ઓછી એસેટ સાઇઝની એનબીએફસીઓ માટે સિક્યોરિટીસેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (સરફેસી) એક્ટ, 2002 હેઠળ પાત્ર લઘુત્તમ લૉન સાઇઝ હાલના રૂ. 50 લાખના સ્તરથી ઘટાડીને રૂ. 20 લાખ કરવાની દરખાસ્ત છે.

### *કંપની બાબતો*

**79.** કંપનીઝ એક્ટ, 2013 હેઠળ પ્રક્રિયાગત અને ટેકનિકલ માંડવાળપાત્ર ગુનાઓને અપરાધ નહીં ગણવાનું હવે પૂર્ણ થયું છે. હું હવે લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશીપ (એલએલપી) એક્ટ, 2008ને બિનઅપરાધીકરણ માટે હાથ ધરવા સૂચવું છું.

**80.** સર, હું નાની કંપનીઓ માટેની કંપનીઝ એક્ટ, 2013 હેઠળની વ્યાખ્યા સુધારવા સૂચવું છું અને એ મુજબ ભરપાઇ મૂડીની મર્યાદા 'રૂ. 50 લાખથી વધુ નહીં'ના બદલે ' રૂ. બે કરોડથી વધુ નહીં' અને ટર્નઑવર ' રૂ 2 કરોડથી વધુ નહીં' ના સ્થાને 'રૂ. 20 કરોડથી વધુ નહીં' એ રીતે વધારું છું. આનાથી બે લાખથી વધુ કંપનીઓને એમના પાલનની જરૂરિયાતોમાં સરળતાનો લાભ મળશે.

**81.** સ્ટાર્ટ અપ્સ અને શોધકોને સીધો લાભ મળે એવા વધુ પગલાં તરીકે હું એક વ્યક્તિની કંપની (ઓપીસી)ની શરૂઆતને પ્રોત્સાહિત કરવા સૂચવું છું. ઓપીસીને ભરપાઇ મૂડી અને ટર્ન ઑવર પર કોઇ

પણ નિયંત્રણો વિના વિક્સવા દેવાશે, ગમે ત્યારે તેઓ અન્ય કોઇ પણ પ્રકારની કંપનીમાં ફેરવવાની છૂટ રહેશે, ઓપીસી સ્થાપવા માટે ભારતીય નાગરિકને નિવાસની મર્યાદા 182 દિવસથી ઘટાડીને 120 દિવસ રહેશે અને બિનનિવાસી ભારતીયો (એનઆરઆઇ) પણ ભારતમાં ઓપીસી શરૂ કરી શકશે.

**82.** કેસના ઝડપી ઉકેલ સુનિશ્ચિત કરવા એનસીએલટી માળખાને મજબૂત કરાશે, ઈ-કૉર્ટ્સ સિસ્ટમ અમલી કરાશે અને દેવા ઉકેલની વૈકલ્પિક પદ્ધતિઓ અને એમએસએમઇ માટેનું વિશેષ માળખું રજૂ કરાશે.

**83.** આગામી નાણાં વર્ષ 2021-22 દરમિયાન અમે ડેટા એનાલિટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ ડ્રિવન એમસીએ21 વર્ઝન 3.0 શરૂ કરવાના છીએ. આ 3.0 વર્ઝનમાં ઇ-સ્ક્રુટિની, ઇ-એડજ્યુડિકેશન, ઇ-કન્સલ્ટેશન અને પાલન વ્યવસ્થાપન માટે વધારાના મૉડ્યુલસ હશે.

*વિનિવેશ અને વ્યૂહાત્મક વેચાણ*

**84.** કોવિડ-19 છતાં અમે વ્યૂહાત્મક વિનિવેશ તરફ કામ કરવાનું ચાલુ રાખ્યું. બીપીસીએલ, એર ઇન્ડિયા, શિપિંગ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા, કન્ટેનર કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા, આઇડીબીઆઇ બૅન્ક, બીઇએમએલ, પવન હંસ, નીલાચલ ઇસ્પાત નિગમ લિમિટેડ અને અન્યો જેવા સંખ્યાબંધ વ્યવહારો 2021-22માં પૂર્ણ થશે. આઇડીબીઆઇ બૅન્ક સિવાય અમે બે જાહેર ક્ષેત્રની બૅન્કો અને એક જનરલ ઇંશ્યોરન્સ કંપની વર્ષ 2021-22માં ખાનગીકરણ માટે હાથ ધરવા સૂચવીએ છીએ. આમાં ધારાકીય સુધારાઓની જરૂર પડશે અને હું આ સત્રમાં જ સુધારા રજૂ કરવા દરખાસ્ત કરું છું.

**85.** 2021-22માં અમે એલઆઇસીનો આઇપીઓ પણ લાવીશું અને એ માટે જરૂરી સુધારાઓ હું આ સત્રમાં જ લાવી રહી છું.

**86.** આત્મનિર્ભર પૅકેજમાં મેં જાહેરાત કરી હતી કે હું જાહેર ક્ષેત્રના સાહસોના વ્યૂહાત્મક વિનિવેશની નીતિ બહાર પાડીશ. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે સરકારે આ નીતિને મંજૂરી આપી છે. આ નીતિ તમામ બિન-વ્યૂહાત્મક અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ડિસઇન્વેસ્ટમેન્ટ માટેનો સ્પષ્ટ રોડમેપ પૂરો પાડે છે. અમે ચાર ક્ષેત્રો વ્યૂહાત્મક રાખ્યા છે જ્યાં ઓછા જાહેર સાહસોના એકમો જ જાળવી રખાશે અને બાકીના બધા ખાનગીકરણ કરાશે. બાકીના સેક્ટર્સમાં તમામ કેન્દ્રીય જાહેર સાહસોનું ખાનગીકરણ કરાશે. આ નીતિના મુખ્ય અંશો જોડાણ-3માં દર્શાવેલા છે.

**87.** ડિસઇન્વેસ્ટમેન્ટ પૉલિસીને ઝડપથી આગળ લઇ જવા હું નીતિને કેન્દ્રીય જાહેર ક્ષેત્રની કંપનીઓની આગામી યાદી પર કામ કરવા કહું છું જેથી એને વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટ માટે હાથ ધરી શકાય.

**88.** એવી જ રીતે રાજ્યોને એમની જાહેર ક્ષેત્રની કંપનીઓનું ડિસઇંવેસ્ટમેન્ટ હાથ ધરવા માટે પ્રોત્સાહિત કરવા અમે રાજ્યો માટે કેન્દ્રીય ફંડ્સના પ્રોત્સાહન પૅકેજ પર કામ કરીશું.

**89.** નિષ્ક્રિય અસ્કયામતો આત્મનિર્ભર ભારતમાં યોગદાન આપશે નહીં. બિનમહત્ત્વની અસ્કયામતોમાં મોટા ભાગે સરકાર/ મંત્રાલયો/ વિભાગો અને જાહેર ક્ષેત્રના સાહસોની ફાજલ જમીન છે. આ જમીનો દ્વારા કાં તો સીધા વેચાણ, છૂટછાટ અથવા એવા અન્ય માર્ગે નાણાં ઊભા કરી શકાય. આમાં વિશેષ ક્ષમતાની આવશ્યકતા છે અને એ હેતુ માટે હું કંપની સ્વરૂપે *સ્પેશિયલ પર્પઝ વ્હીકલ*નો ઉપયોગ કરવા સૂચવું છું જે આ પ્રવૃત્તિઓ હાથ ધરે.

**90.** માંદા કે ખોટ કરતા કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો બંધ કરવાનું સમયસર પૂર્ણ થાય એ સુનિશ્ચિત કરવા અમે સુધારેલી મિકેનિઝમ દાખલ કરીશું જે આવા એકમો સમયસર બંધ થાય એ સુનિશ્ચિત કરશે.

**91.** 2021-22ના બજેટ અંદાજમાં મેં ડિસઇન્વેસ્ટમેન્ટથી પ્રાપ્તિ તરીકે રૂ. 1,75,000 કરોડ અંદાજ્યા છે.

### *સરકારી નાણાકીય સુધારા*

**92.** ટ્રેઝરી સિંગલ એકાઉન્ટ સિસ્ટમ (ટીએસએ) હેઠળ સ્વાયત્ત સંસ્થાઓ વાસ્તવિક ખર્ચાના સમયે સરકારના ખાતામાંથી સીધું ફંડ મેળવે છે અને એનાથી વ્યાજ ખર્ચ બચે છે. અમે આ ટીએસએ સિસ્ટમને 2021-22થી સાર્વત્રિક ઉપયોગ માટે લંબાવીશું.

**93.** 15મા નાણાં પંચની ભલામણો પર અમે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓને તાર્કિક બનાવવા અને સંખ્યા ઘટાડવા વિગતે કવાયત હાથ ધરી છે. આનાથી વધુ સારી અસર માટે ખર્ચ એકીકરણ થઈ શક્શે.

**94.** મલ્ટી સ્ટેટ કૉ-ઓપરેટિવ્ઝના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે અને એમને તમામ ટેકો પૂરો પાડશે. સહકારીઓ માટે ' ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ' સુવ્યવસ્થિત કરવા હું એમના માટે એક અલગ વહીવટી માળખું સ્થાપવાની દરખાસ્ત કરું છું.

### *3. આકાંક્ષી ભારત માટે સમાવિષ્ટ વિકાસ*

**95.** માનનીય અધ્યક્ષ સર, આ સ્તંભ હેઠળ હું કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, ખેડૂતોના કલ્યાણ અને ગ્રામીણ ભારતમાં પરપ્રાંતીય શ્રમિકો અને શ્રમિકો અને નાણાકીય સમાવિષ્ટતાને આવરી લઈશ.

### *કૃષિ*

**96.** અમારી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. તમામ વસ્તુઓ માટે ઉત્પાદન ખર્ચ કરતા ઓછામાં ઓછી દોઢી રકમ મળે એ માટે એમએસપી પદ્ધતિમાં આમૂલ ફેરફાર કરાયો છે. પ્રાપ્તિ પણ સ્થિર ગતિએ વધવાનું જારી છે. આના પરિણામે ખેડૂતોને ચૂકવણીમાં ધરખમ વધારો થયો છે.

**97.** ઘઉંના કિસ્સામાં ખેડૂતોને 2013-14માં કુલ ચૂકવાયેલ રકમ રૂ. 33874 કરોડ હતી. 2019-29માં તે રૂ. 62802 કરોડ હતી. 2020-2021માં વધારે સારી રૂ. 75060 કરોડની રકમ ખેડૂતોને ચૂકવાઇ હતી.

ઘઉં ઉગાડનારા લાભાર્થી ખેડૂતોની સંખ્યા પણ 2019-20ના 35.57 લાખની સરખામણીએ 2020-21માં વધીને 43.36 લાખ થઈ હતી.

**98.** ડાંગર માટે 2013-14માં રૂ. 63928 કરોડની રકમ ચૂકવાઇ હતી. 2019-2020માં એ વધીને રૂ. 1,41,930 કરોડ થઈ. 2020-2021માં વધારે સારી રૂ. 172752 કરોડ અંદાજાઇ છે. લાભાર્થી ખેડૂતોની સંખ્યા 2019-20માં 1.24 કરોડ હતી તે 2020-21માં વધીને 1.54 કરોડ થઈ હતી.

**99.** એવી જ રીતે દાળ-કઠોળના કિસ્સામાં 2013-14માં રૂ. 236 કરોડની રકમ ચૂકવાઇ હતી. હવે 2020-2021માં તે રૂ. 10530 કરોડ છે. 2013-14 કરતા 40 ગણા કરતા વધુનો વધારો.

**100.** કૉટન ઉગાડનારા ખેડૂતોની પ્રાપ્તિમાં પ્રચંડ-વિસ્મયકારક વધારો જોવા મળ્યો છે. 2013-14માં રૂ. 90 કરોડથી રૂ. 25,974 કરોડ (27મી જાન્યુઆરી 2021 મુજબ). વિગતો જોડાણ -4માં છે.

**101.** આ વર્ષના આરંભે માનનીય પ્રધાનમંત્રીએ સ્વામિત્વ યોજના આરંભી હતી. આ યોજના હેઠળ ગામોમાં મિલકત માલિકોને અધિકારના રેકોર્ડ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં 1241 ગામોમાં 1.80 લાખ મિલકત-માલિકોને કાર્ડ્સ પૂરાં પડાયાં છે. હવે નાણાંકીય વર્ષ 21-22માં આને તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિસ્તારવા હું દરખાસ્ત કરું છું.

**102.** આપણા ખેડૂતોને પૂરતું ધિરાણ પૂરું પાડવા મેં નાણાં વર્ષ 2022માં કૃષિ ધિરાણનો લક્ષ્યાંક વધારીને 16.5 લાખ કરોડ કર્યો છે. પશુ સંવર્ધન, ડેરી અને મત્સ્યપાલનને વધારે ધિરાણ પ્રવાહ મળે એ સુનિશ્ચિત કરવા અમે ધ્યાન કેન્દ્રિત કરીશું.

**103.** ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડની ફાળવણી અમે રૂ. 30000 કરોડથી વધારી રૂ. 40000 કરોડ કરી રહ્યા છીએ.

**104.** નાબાર્ડ હેઠળ રૂ. 5000 કરોડના ભંડોળ સાથે સૂક્ષ્મ સિંચાઇ ફંડની સ્થાપના થઈ છે અને એમાં બીજા રૂ. 5000 કરોડ ઉમેરીને બમણું કરવાની હું દરખાસ્ત કરું છું.

**105.** કૃષિ અને સંલગ્ન પેદાશોમાં મૂલ્યવર્ધનને વેગ આપવા 'ઑપરેશન ગ્રીન સ્કીમ'નો વ્યાપ વિસ્તારાશે. હાલ આ યોજના ટામેટા, કાંદા અને બટાકાને લાગુ પડે છે એ હવે વિસ્તારીને એમાં જલદી બગડી જાય એવી 22 પેદાશોનો સમાવેશ કરાશે.

**106.** ઈ-નામ સાથે આશરે 1.68 કરોડ ખેડૂતો નોંધાયેલા છે અને એની મારફત 1.14 લાખ કરોડના મૂલ્યનો વેપાર થયો છે. કૃષિ બજારમાં ઇ-નામથી જે પારદર્શિતા અને સ્પર્ધાત્મકતા આવી છે એને ધ્યાને લઈને ઇ-નામ સાથે વધુ 1000 મંડીઓને જોડવામાં આવશે.

**107.** એપીએમસીઓને એમની માળખાગત સુવિધાઓ વધારવા માટે એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ઉપલબ્ધ કરાવાશે.

*મત્સ્યોદ્યોગ*

**108.** આધુનિક મત્સ્ય બંદરો અને મત્સ્ય લેન્ડિંગ સેન્ટર્સ વિકાસમાં સંગીન રોકાણોની હું દરખાસ્ત મૂકું છું. શરૂઆતમાં પાંચ મુખ્ય મત્સ્ય બંદરો, કોચી, ચેન્નાઇ, વિશાખાપટ્ટનમ, પારાદિપ અને પેટુઆઘાટને આર્થિક પ્રવૃત્તિઓના હબ તરીકે વિકસાવાશે. અમે નદીઓ અને જળમાર્ગોના કિનારે જમીન પરના મત્સ્ય બંદરો અને ફિશ લેન્ડિંગ સેન્ટર્સ પણ વિક્સાવીશું.

**109.** સેવાળ એટલે કે દરિયાઇ વનસ્પતિની ખેતી એ ઉભરતું ક્ષેત્ર છે અને કાંઠાના સમુદાયોનાં જીવનને બદલી નાખવાની સંભાવના ધરાવે છે. સેવાળની ખેતીને ઉત્તેજન આપવા હું તમિલનાડુમાં સ્થપાનારા બહુહેતુક સેવાળ પાર્કની દરખાસ્ત મૂકું છું.

*પરપ્રાંતીય શ્રમિકો અને શ્રમિકો*

**110.** અમે વન નેશન વન રાશન કાર્ડ યોજનાની શરૂઆત કરી. આ યોજના દ્વારા લાભાર્થીઓનું રાશન દેશમાં ગમે ત્યાંથી મેળવી શકે છે. ખાસ કરીને પરપ્રાંતીય શ્રમિકોને આ યોજનાથી લાભ થાય છે- જેઓ એમનાં પરિવારથી દૂર રહે છે તેઓ એમનું રાશન જ્યાં હોય ત્યાંથી થોડું અને એમનાં પરિવારો એમનાં વતનમાં બાકીનું રાશન મેળવી શકે છે. મને જણાવતાં આનંદ થાય છે કે વન નેશન વન રાશન કાર્ડ યોજના 32 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા અમલીકરણ હેઠળ છે અને 69 કરોડ લાભાર્થીઓ સુધી પહોંચે છે- એટલે કે કુલ 86% લાભાર્થીઓ આવરી લેવાયા છે. આગામી જૂજ મહિનાઓમાં બાકીના 4 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સાંકળી લેવાશે.

**111.** બિનસંગઠિત શ્રમિકો ખાસ કરીને પરપ્રાંતીય શ્રમિકો તરફ અમારા પ્રયાસો વધારે વિસ્તારવા હું એક પૉર્ટલ શરૂ કરવાની દરખાસ્ત મૂકું છું જેમાં નૌકા, બિલ્ડિંગ અને બાંધકામ કામદારો અને અન્યોની જોઇતી માહિતી એકત્ર કરાશે. આનાથી પરપ્રાંતીય શ્રમિકો માટે આરોગ્ય, કુશળતા, વીમો, ધિરાણ અને ખાદ્યાન્ન યોજનાઓ ઘડવામાં મદદ મળશે.

**112.** 4 શ્રમ સંહિતાઓના અમલીકરણ સાથે અમે 20 વર્ષો અગાઉ શરૂ થયેલી પ્રક્રિયા સમાપ્ત કરીશું. વૈશ્વિક રીતે પહેલી વાર સામાજિક સુરક્ષાના લાભો નૌકા અને પ્લેટફૉર્મ શ્રમિકોને પણ અપાશે. તમામ કૅટેગરીઝના શ્રમિકોને લઘુત્તમ પગાર લાગુ થશે અને તેઓ એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશન દ્વારા આવરી લેવાશે. તમામ કૅટેગરીઝમાં મહિલાઓને કામ કરવાની છૂટ રહેશે અને પૂરતા રક્ષણ સાથે રાતપાળીમાં કામ કરવાની પણ છૂટ રહેશે. સાથે સાથે નોકરીદાતાઓ પર પાલનનો બોજો સિંગલ નોંધણી અને લાયસન્સિંગ અને ઓનલાઇન રિટર્ન્સ સાથે ઘટાડી દેવાશે.

*નાણાકીય સમાવેશ*

**113.** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે સ્ટૅન્ડ અપ ઈન્ડિયા યોજના હેઠળ ધિરાણ પ્રવાહને વધારે સુગમ કરવા હું માર્જિન મનીની જરૂરિયાત 25%થી ઘટાડીને 15% કરવા અને કૃષિને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે પણ ધિરાણનો સમાવેશ કરવા હું સૂચવું છું.

**114.** એમએસએમઇ સેક્ટરને સમર્થન માટે અમે સંખ્યાબંધ પગલાં લીધાં છે. આ બજેટમાં હું આ ક્ષેત્ર માટે રૂ. 15,700 કરોડ પૂરાં પાડું છું, અને એ આ વર્ષના બજેટ અંદાજ કરતા બમણાંથી વધારે છે.

*4. માનવમૂડીનું પુનઃ શક્તિવર્ધન*

**115.** તાજેતરમાં જાહેર થયેલી નેશનલ એજ્યુકેશન પૉલિસી (એનઇપી)ને સારો આવકાર મળ્યો છે.

*શાળા શિક્ષણ*

**116.** નેશનલ એજ્યુકેશન પોલિસીના તમામ ઘટકોને સમાવવા 15000થી વધુ શાળાઓને ગુણવત્તાયુક્ત રીતે મજબૂત કરાશે. આ શાળાઓ એમનાં પ્રદેશોમાં નમૂનારૂપ શાળાઓ તરીકે ઉભરશે અને અન્ય શાળાઓને પોલિસીના આદર્શો હાંસલ કરવા માટે માર્ગદર્શક બનશે.

**117.** એનજીઓ/ખાનગી શાળાઓ/રાજ્યો સાથેની ભાગીદારીમાં 100 નવી સૈનિક સ્કૂલો સ્થાપવામાં આવશે.

*ઉચ્ચ શિક્ષણ*

**118.** બજેટ 2019-20માં મેં હાયર એજ્યુકેશન કમિશન ઑફ ઇન્ડિયાની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો હતો. આનો અમલ કરવા માટે અમે આ વર્ષે કાયદો ઘડવાની પ્રક્રિયા દાખલ કરનાર છીએ. ધારાધોરણ સ્થાપવા, એક્રેડિટેશન, નિયમન અને ફંડિંગ માટે ચાર અલગ અલગ વાહનો સાથેની એ છત્ર સંસ્થા હશે.

**119.** આપણા ઘણાં શહેરોમાં ભારત સરકાર દ્વારા સમર્થિત વિવિધ રિસર્ચ સંસ્થાઓ, વિશ્વ વિદ્યાલયો અને કૉલેજો છે. દાખલા તરીકે હૈદ્રાબાદમાં આવી 40 મુખ્ય સંસ્થાઓ છે. આવા 9 શહેરોમાં અમે વિધિવત છત્ર માળખાઓ સર્જીશું જેથી આવી સંસ્થાઓને પોતાની આંતરિક સ્વાયત્તા જાળવી રાખવા સાથે વધારે સારો સુમેળ હોઇ શકે. આ હેતુ માટે એક ગ્લુ ગ્રાન્ટ અલગથી રાખવામાં આવશે.

**120.** લદાખમાં સુલભ ઉચ્ચ શિક્ષણ માટે હું લેહમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય સ્થાપવાની દરખાસ્ત મૂકું છું.

**121.** એનઇપીના ભાગરૂપે હાથ ધરાનારા અન્ય મહત્ત્વના પ્રોજેક્ટ્સ જોડાણ 5માં સૂચિબદ્ધ કરાયા છે.

### *અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ*

**122.** અમે આપણા આદિવાસી વિસ્તારોમાં 750 એકલવ્ય મોડેલની નિવાસી શાળાઓ સ્થાપવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આવી દરેક શાળાની એકમ કિંમત રૂ. 20 કરોડથી વધારી રૂ. 38 કરોડ કરવાની હું દરખાસ્ત કરું છું. અને પર્વતીય તેમજ દુર્ગમ વિસ્તારોમાં આ કિંમત રૂ. 48 કરોડ રહેશે. આનાથી આપણા આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખડતલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સર્જવામાં મદદ મળશે.

**123.** અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમે પૉસ્ટ મેટ્રિક સ્કૉલરશિપ યોજના સુધારી છે. આ બાબતે મેં કેન્દ્રીય મદદ પણ વધારી છે. છ વર્ષ માટે 2025-2026 સુધી અમે રૂ. 35,219 કરોડ ફાળવી રહ્યા છીએ અને એનાથી 4 કરોડ એસસી વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે.

### *કુશળતા*

**124.** 2016માં અમે નેશનલ એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ આરંભી હતી. આપણા યુવાઓ માટે એપ્રેન્ટિસશીપ તકો વધારે વધારવાના દ્રષ્ટિકોણથી સરકાર એપ્રેન્ટિસશીપ એક્ટ સુધારવાની દરખાસ્ત મૂકે છે. અમે શિક્ષણ બાદની એપ્રેન્ટિસશીપ પૂરી પાડવા, ઇજનેરીમાં સ્નાતકો અને ડિપ્લોમા હૉલ્ડર્સની તાલીમ માટે હાલની નેશનલ એપ્રેન્ટિસશીપ ટ્રેનિંગ સ્કીમ (એનએટીએસ)ને ફરી એક હરોળમાં મૂકીશું. આ માટે રૂ. 3000 કરોડ પૂરાં પડાશે.

**125.** કુશળતા યોગ્યતાને માનદંડ કરવા, મૂલ્યાંકન અને પ્રમાણપત્ર માટે યુનાઇટેડ આરબ અમીરાત (યુએઇ) સાથેની ભાગીદારીમાં પ્રમાણિત કાર્યદળની ગોઠવણી સાથે એક પહેલ ચાલી રહી છે. જાપાનીઝ ઔદ્યોગિક અને વૉકેશનલ કુશળતા, ટેકનિક અને જ્ઞાન મળી રહે એ માટે ભારત અને જાપાન વચ્ચે આપણી પાસે સહયોગી ટ્રેનિંગ ઇન્ટર ટ્રેનિંગ પ્રોગ્રામ (ટીઆઇટીપી) પણ છે. અમે આ પહેલને બીજા ઘણાં વધુ દેશો સાથે આગળ લઈ જઈશું.

### 5. *નવીનીકરણ, સંશોધન અને વિકાસ*

**126.** જુલાઇ 2019નાં મારાં બજેટ સંબોધનમાં મેં નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની જાહેરાત કરી હતી. અમે હવે કાર્યરીતિ ઘડી કાઢી છે અને એનઆરએફનો મૂડીખર્ચ રૂ. 50000 કરોડ પાંચ વર્ષોમાં રહેશે. એનાથી એ સુનિશ્ચિત થશે કે ઓળખી કઢાયેલા રાષ્ટ્રીય અગ્રતાના મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન સાથે દેશની એકંદર રિસર્ચ ઈકોસિસ્ટમ મજબૂત થાય.

**127.** તાજેતરના ભૂતકાળમાં ડિજિટલ ચૂકવણીમાં અનેકગણો વધારો થયો છે. ડિજિટલ વ્યવહારોને વધારે વેગ આપવા માટે હું સૂચિત યોજના માટે રૂ. 1500 કરોડ ફાળવું છું. આ યોજના ચૂકવણીની ડિજિટલ રીતને નાણાકીય પ્રોત્સાહનો પૂરાં પાડશે.

**128.** અમે એક નવી પહેલ- નેશનલ લેન્ગવેજ ટ્રાન્સલેશન મિશન (એનએલટીએમ) હાથ ધરી રહ્યા છીએ. આનાથી વહીવટ અને નીતિ સંબંધી જ્ઞાન સંપદા ઇન્ટરનેટ પર છે એ મુખ્ય ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ બનશે.

**129.** ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ હેઠળના જાહેર ક્ષેત્રના સાહસ ન્યુ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ (એનએસઆઇએલ) બ્રાઝિલથી એમેઝોનિયા સેટેલાઇટ અને એની સાથે જૂજ ભારતીય નાના ઉપગ્રહો લઈને પીએસએલવી-સીએસ51 લૉન્ચને અમલી કરશે.

**130.** ગગનયાન મિશન પ્રવૃત્તિઓના ભાગરૂપે ચાર ભારતીય અવકાશયાત્રીઓને રશિયામાં જેનેરિક સ્પેસ ફ્લાઇટ્સ પાસાંઓની તાલીમ અપાઇ રહી છે. પહેલું માનવસહિત લૉન્ચ ડિસેમ્બર 2021માં નિર્ધારિત છે.

**131.** આપણા સમુદ્રોમાં સજીવ-નિર્જીવ સંસાધનોનો વિપુલ ભંડાર છે. આ ક્ષેત્રને વધુ સારી રીતે સમજવા અમે ડીપ ઓશન મિશન પાંચ વર્ષોમાં રૂ. 4000 કરોડના બજેટ ખર્ચ સાથે શરૂ કરવાના છીએ. આ મિશન સમુદ્રમાં ઊંડે સર્વે એક્સ્પોરેશન અને સમુદ્રની અંદરની જૈવિક વિવિધતાને જાળવવા માટેની પરિયોજનાઓને આવરી લેશે.

### 6. *મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ*

**132.** અધ્યક્ષ સર, હવે હું છ સ્તંભોમાંના છેલ્લા સ્તંભ પર આવું છું. અમારા મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સના મહત્ત્વના સિદ્ધાંતોમાંના એકમાં સુધારા માટેની યોજનાઓનું એ વર્ણન કરે છે.

**133.** ન્યાય ઝડપી મળે એ માટે છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમે ટ્રિબ્યુનલ્સમાં સુધારા લાવવા સંખ્યાબંધ પગલાં ભર્યાં છે. સુધારાની આ પ્રક્રિયા ચાલુ રાખતા હું હવે ટ્રિબ્યુનલ્સની કામગીરી તાર્કિક કરવા વધુ પગલાંઓ સૂચવું છું.

**134.** સંસદમાં અમે નેશનલ કમિશન ફોર એલાઇડ હેલ્થકેર પ્રોફેશનલ્સ ખરડો 56 એલાઇડ હેલ્થકેર પ્રોફેશન્સના પારદર્શક અને કાર્યક્ષમ નિયમનની દ્રષ્ટિએ લાવ્યા હતા. આ ઉપરાંત નર્સિંગ વ્યવસાયમાં પારદર્શિતા, કાર્યદક્ષતા અને શાસનના સુધારા લાવવા સરકાર દ્વારા નેશનલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી (દાઇ) કમિશન બિલ પસાર કરવા માટે રજૂ કરાશે.

**135.** સરકાર કે કેન્દ્ર સરકારના જાહેર સાહસો સાથે કામ કરનારા અને કૉન્ટ્રાક્ટ્સ અમલી કરનારાને ધંધો કરવાની સુગમતા રહે એ માટે હું એક સમાધાન યંત્રણા સ્થાપવાની દરખાસ્ત મૂકું છું અને કૉન્ટ્રાક્ટ્યુઅલ વિવાદોના ઝડપી ઉકેલ માટે એનો ઉપયોગ કરવાનો રહેશે. આનાથી ખાનગી રોકાણકારો અને કૉન્ટ્રક્ટ્સમાં આત્મવિશ્વાસ વધશે.

**136.** આગામી વસ્તી ગણતરી દેશના ઇતિહાસની પહેલી ડિજિટલ વસ્તી ગણતરી હશે. આ પ્રચંડ અને સીમાચિહ્ન કાર્ય માટે મેં વર્ષ 2021-2022માં રૂ. 3768 કરોડ ફાળવ્યા છે.

**137.** ગોવા પૉર્ટુગલના શાસનમાંથી મુક્તિનું હીરક વર્ષ મનાવી રહ્યું છે. આ ઉજવણીઓ માટે હું ભારત સરકાર તરફથી ગોવાની સરકારને રૂ. 300 કરોડની ગ્રાન્ટ માટે દરખાસ્ત મૂકું છું.

**138.** ચાના બગીચામાં કામ કરતા કામદારો ખાસ કરીને આસામ અને પશ્ચિમ બંગાળમાં મહિલાઓ અને એમનાં બાળકોના કલ્યાણ માટે હું રૂ. 1000 કરોડ પૂરાં પાડવા સૂચવું છું. આ માટે એક ખાસ યોજના ઘડવામાં આવશે.

## *રાજવિત્તીય સ્થિતિ*

**139.** મારા સંબોધનના ભાગ એના છેલ્લાં કેટલાંક ફકરામાં મેં એ હકીકત તરફ આ પૂજ્ય ગૃહનું ધ્યાન આકર્ષિત કર્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના આરંભે અર્થતંત્ર પર મહામારીની અસર નબળા આવક પ્રવાહમાં પરિણમી હતી. એની સાથે સમાજના વંચિત વર્ગો ખાસ કરીને ગરીબ, મહિલાઓ, એસસી અને એસટીને આવશ્યક રાહત પૂરી પાડવા ખર્ચો વધ્યો હતો.

**140.** અન્ય ઘણાં દેશોથી ઊલટું આપણે મહામારી દરમિયાન શ્રેણીબદ્ધ મધ્યમ કદના પૅકેજીસ પસંદ કર્યા જેથી આપણે ઉદભવતી સ્થિતિ મુજબ આપણા પ્રતિસાદને માપીને લક્ષિત કરી શકીએ. એક વાર આરોગ્યની સ્થિતિ સ્થિર થઈ અને લૉકડાઉન ધીમે ધીમે હટાવાયું એટલે તરત આપણે સરકારી ખર્ચ વધારવા માંડ્યો જેથી ઘરેલુ માગ સજીવન થાય. પરિણામે 2020-2021 માટે રૂ. 30.42 લાખ કરોડના મૂળ બજેટ અંદાજના ખર્ચ સામે આપણો સુધારેલો અંદાજ રૂ. 34.50 લાખ કરોડ છે. અમે ખર્ચની ગુણવત્તા જાળવી રાખી છે. 2020-21ના બજેટ અંદાજમાં રૂ. 4.12 લાખ કરોડ સામે સુધારેલા અંદાજમાં મૂડી ખર્ચ રૂ. 4.39 લાખ કરોડ અંદાજાયો છે.

**141.** 2020-21ના સુધારેલા અંદાજમાં નાણાકીય ખાધ જીડીપીના 9.5% મૂકાઇ છે. એને સરકારી દેવા, બહુપક્ષીય ઋણ, નાની બચતના ફંડ્સ અને ટૂંકા ગાળાના ઋણમાંથી પૂરી કરાઇ છે. બીજા રૂ. 80000 કરોડની જરૂર પડશે જેના માટે આપણે આ બે મહિનામાં બજારમાં જઈશું. અર્થતંત્રને જરૂરી વેગ મળી રહે એ માટે ખર્ચ માટે 2021-22નો બજેટરી અંદાજ રૂ. 34.83 લાખ કરોડ છે. એમાં મૂડીખર્ચ તરીકે રૂ. 5.54 લાખ કરોડનો સમાવેશ થાય છે જે 2020-2021ના બજેટરી અંદાજ કરતા 34.5% વધારો સૂચવે છે. 2021-2022ના બજેટ અંદાજમાં રાજવિત્તીય ખાધ જીડીપીના 6.8% અંદાજાઇ છે. આગામી વર્ષે બજારમાંથી ઉછીના લેવાની કુલ રકમ 12 લાખ કરોડ રૂ.ની આસપાસ રહેશે. રાજવિત્તીય મજબૂતીકરણના અમારા માર્ગે આગળ વધવા અમે યોજના ધરાવીએ છીએ અને 2025-2026 સુધીમાં અને એ દરમિયાન સ્થિર ઘટાડા સાથે રાજવિત્તીય ખાધ જીડીપીના 4.5%ની નીચેના સ્તરે પહોંચવાનો ઇરાદો છે. સુધારેલા પાલન સાથે પહેલા અમે ટેક્સ આવક વધારીશું અને બીજું જાહેર સાહસો અને જમીન સહિતની એસેટ્સ મોનેટાઇઝેશનથી પ્રાપ્તિ વધારીશું. નાણાં ખરડા દ્વારા કન્ટિજન્સી ફંડ ઑફ ઇન્ડિયા રૂ. 500 કરોડથી વધારીને રૂ. 30000 કરોડ કરવાની દરખાસ્ત છે.

**142.** 15મા નાણાં પંચના વિચારો મુજબ સરકાર રાજ્યો પાસેથી શુદ્ધ ઋણને 2021-2022ના વર્ષ માટે જીએસડીપીના 4%ની સામાન્ય ટોચમર્યાદા જાળવી રહી છે. આ ટોચમર્યાદાનો એક ભાગ વધતા મૂડી ખર્ચ પર ખર્ચાશે. જીએસડીપીના 0.5%ની વધારાની ટોચમર્યાદા અમુક શરતોને આધીન આપવામાં આવશે. 15મા નાણાં પંચની ભલામણો મુજબ 2023-24 સુધીમાં રાજ્યો જીએસડીપીના 3%ની નાણાકીય ખાધ પર પહોંચે એ અપેક્ષિત છે

જુલાઇ 2019-20ના મારા બજેટમાં વધારાના અંદાજપત્રીય સંસાધનો અંગે મેં સ્ટેટમેન્ટ 27 શરૂ કર્યું હતું- એમાં ભારત સરકારની યોજનાઓને ભંડોળ આપવા માટે કાર્યરત સરકારી એજન્સીઓના ઋણનો અને જેની ફેરચૂકવણીનો બોજો સરકાર પર છે એનો ઘટસ્ફોટ હતો. મારા 2020-21ના બજેટમાં મેં સરકાર દ્વારા એફસીઆઇને અપાતી લોનનો સમાવેશ કરીને આ સ્ટેટમેન્ટનો વ્યાપ અને કાર્યક્ષેત્ર વધાર્યું હતું. આને એક કદમ ઓર આગળ લઈ જતાં આ વર્ષે 2020-21ના સુધારેલા અંદાજમાં હું અંદાજપત્રીય જોગવાઇઓ કરીને ખાદ્યાન્ન સબસિડી માટે એફસીઆઇને એનએસએસએફની લોન બંધ કરવા સૂચવું છું અને એ મુજબ 2020-21માં સુધારેલા અંદાજ અને બજેટ અંદાજ 2021-22માં બજેટ જોગવાઇઓ કરવામાં આવી છે. વધારાના બજેટ સંસાધનોની વિગતો જોડાણ-6માં છે.

**143.** આપણે જાણીએ છીએ કે એફઆરબીએમ એક્ટ રાજવિત્તીય ખાધને જીડીપીના 3% 31 માર્ચ 2020-2021 સુધીમાં હાંસલ કરવા ઠરાવે છે. આ વર્ષના ન ધારેલા અને અભૂતપૂર્વ સંજોગોને લીધે એફઆરબીએમ એક્ટની કલમ 4(5) અને 7(3) (બી) હેઠળ ડેવિયેશન સ્ટેટમેન્ટ રજૂ કરવાની જરૂર પડી છે જે હું એફઆરબીએમ દસ્તાવેજોના ભાગરૂપે ગૃહના મેજ પર મૂકું છું.

**144.** મેં પહેલા જ દર્શાવેલા વ્યાપક માર્ગની સાથે કેન્દ્ર સરકારના રાજવિત્તીય ખાધને હાંસલ કરવા તરફ હું એફઆરબીએમ એક્ટમાં સુધારો રજૂ કરીશ.

**145.** 2020ની 9મી ડિસેમ્બરે 15મા નાણાં પંચે એનો આખરી અહેવાલ 2021-2026ના ગાળાને આવરી લઈને રાષ્ટ્રપતિજીને સુપરત કર્યો. રાજ્યોનો 41% લંબરૂપ હિસ્સો જાળવીને સરકારે પંચનો અહેવાલ એક્સ્પ્લેનેટરી મેમોરેન્ડમ સાથે સંસદમાં મૂક્યો છે. અમે રાજવિત્તીય સમવાયતંત્ર તરફ અમારી પ્રતિબદ્ધતાને સ્વીકારીએ છીએ અને એટલે આ ભલામણોને વળગી રહેવાની દરખાસ્ત છે. 14મા નાણાં પંચમાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય તરીકે સોંપણી મેળવવા હકદાર હતું. હવે કેન્દ્ર દ્વારા જમ્મુ અને કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશને ફંડ પૂરું પડાશે. પંચની ભલામણો પર મેં 2020-2021માં 14 રાજ્યોને રૂ. 74,340 કરોડ સામે 2021-2022માં 17 રાજ્યોને મહેસૂલ ખાધ ગ્રાન્ટ તરીકે રૂ. 1,18,452 કરોડ પૂરાં પાડ્યાં છે.

હવે હું મારા પ્રવચનના ભાગ બી તરફ આગળ વધીશ.

## ભાગ બી

**147.** માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહામારી અને એના આફટરશૉકના ગંભીર પડકારનો સામનો કરી રહ્યું છે. આ મુશ્કેલ સમયમાં જ્યારે ઘણાં અર્થતંત્રો ફરી બેઠા થવાં સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે આપણા લોકો અને આપણા ઉદ્યોગે નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા પ્રદર્શિત કરી છે.

**148.** મેં અગાઉ કહ્યું એમ મહામારી બાદ નવી વિશ્વ વ્યવસ્થા ઉદ્ભવી રહ્યાનું જણાય છે, એક એવી જેમાં એશિયા અગ્રણી સ્થાન લેવા સજ્જ છે અને ભારતની એમાં અગ્રણી ભૂમિકા હશે. આ પરિપ્રેક્ષ્યમાં આપણી કર પ્રણાલિ પારદર્શક, અસરકારક રહેવી જોઇએ અને આપણા દેશમાં રોકાણો અને રોજગારને ઉત્તેજન આપે એવી હોવી જોઇએ. એની સાથે જ આપણા કરદાતાઓ પર ઓછામાં ઓછો બોજ લાદનારી હોવી જોઇએ.

> ***இயற்றலும் ஈட்டலுங் காத்தலும் காத்த வகுத்தலும் வல்ல தரசு.***
>
> \- ***திருக்குறள்*****385**
>
> રાજા/શાસક એ છે જે સંપત્તિનું સર્જન કરે છે, મેળવે છે, તેનું રક્ષણ કરે છે અને તમામનાં ભલાં માટે તેની વહેંચણી કરે છે
>
> \- થિરૂક્કલ, 385

### *સીધા વેરાની દરખાસ્તો*

**149.** આને ધ્યાનમાં રાખીને આપણી સરકારે સીધા વેરા પ્રણાલિમાં આપણા કરદાતાઓ અને અર્થતંત્રના લાભ માટે સુધારાની શ્રેણી દાખલ કરી હતી. મહામારીના જૂજ મહિનાઓ અગાઉ રોકાણને આકર્ષવા માટે આપણે કૉર્પોરેટ ટેક્સ ઘટાડીને વિશ્વમાં સૌથી ઓછામાંનો એક કરી દીધો હતો. ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ પણ નાબૂદ કરાયો. રિબેટ્સ વધારીને ટેક્સેશનનો બોજો નાના કરદાતાઓ પર હળવો કરી દેવાયો. 2020માં, રિટર્ન ભરનારાની સંખ્યા નાટ્યાત્મક રીતે વધી હતી. 2014માં આ સંખ્યા 3.31 કરોડ હતી તે 2020માં વધીને 6.48 કરોડ થઈ.

**150.** સીધા કર વહીવટીતંત્રમાં આપણે તાજેતરમાં ફેસલેસ એસેસમેન્ટ અને ફેસલેસ અપીલ શરૂ કરી હતી. હવે હું કર વહીવટીતંત્રને સરળ કરવા, પાલનની સરળતા માટે અને કાનૂની ઝઘડા ઘટાડવા આગળ વધુ પગલાં લેવા માગું છું.

*વરિષ્ઠ નાગરિકોને રાહત*

**151.** આપણા વરિષ્ઠ નાગરિકોને પ્રણામ કરીને હું મારી સીધા કરવેરાની દરખાસ્તોની શરૂઆત કરું છું. આમાંનાં ઘણાંએ ઘણી પાયાની જરૂરિયાતો પોતાની મેળે જતી કરી હોવા છતાં તેઓ આપણા રાષ્ટ્રના નિર્માણ માટે ઝઝૂમ્યા છે.

**152.** હવે આપણા દેશની આઝાદીના 75મા વર્ષમાં, આપણે જ્યારે આપણા પ્રયાસો નવાં જોમ સાથે ચાલુ રાખીએ છીએ ત્યારે 75 વર્ષ કે એનાથી ઉપરની વયના વરિષ્ઠ નાગરિકો પર પાલનનો બોજો આપણે ઘટાડવો જોઇએ. જેમની માત્ર પેન્શન અને વ્યાજની આવક છે એવા સિનિયર સિટિઝન્સ માટે હું આવક વેરા રિટર્ન ભરવામાંથી મુક્તિની દરખાસ્ત કરું છું. ચૂકવનાર બૅન્ક એમની આવક પરનો જરૂરી ટેક્સ કાપી લેશે.

*આવક વેરા કામકાજ માટે સમયમાં ઘટાડો*

**153.** માનનીય અધ્યક્ષશ્રી, હાલ એસેસમેન્ટ 6 વર્ષ સુધી અને ગંભીર કર છેતરપિંડીના કિસ્સામાં 10 વર્ષો સુધી રિ-ઓપન થઇ શકે છે. પરિણામે, કરદાતાઓએ લાંબા સમય સુધી અનિશ્ચિતતા હેઠળ રહેવું પડે છે.

**154.** એટલા માટે હું એસેસમેન્ટ રિ-ઓપનિંગની સમય મર્યાદા હાલના છ વર્ષથી ઘટાડી 3 વર્ષ કરવા સૂચવું છું. ગંભીર કરચોરીના કિસ્સામાં પણ જ્યાં પુરાવા હોય કે એક વર્ષમાં રૂ. 50 લાખ કે એથી વધુની આવક છુપાવી છે, તો એવામાં એસેસમેન્ટ 10 વર્ષો સુધી રિ-ઓપન થઈ શક્શે. આ રિ-ઓપનિંગ પણ આવક વેરા વિભાગના સર્વોચ્ચ શ્રી, પ્રિન્સિપાલ ચીફ કમિશનરની મંજૂરી બાદ જ થઈ શક્શે.

*વિવાદ સમાધાન સમિતિની સ્થાપના*

**155.** માનનીય અધ્યક્ષશ્રી, હાલની કરવેરા પ્રણાલિને નુક્સાન કરતાં કાનૂની ઝઘડા ઘટાડવા આ સરકારનો નિર્ધાર રહ્યો છે,

**156.** લાંબા સમયથી પડતર વિવાદો ઉકેલીને પોતાના સમય અને સંસાધનો પર વધુ તાણમાંથી મુક્ત થવા માટે કરદાતાઓને તક આપવા સરકાર ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્વાસ યોજના લાવી હતી. કરદાતાઓ તરફથી અત્યાર સુધીનો શ્રેષ્ઠ પ્રતિસાદ મળ્યો અને આ યોજના હેઠળ રૂ. 85000 કરોડથી વધુના કર વિવાદો ઉકેલવા એક લાખ દસ હજાથી વધુ કરદાતાઓએ આ યોજનાની પસંદગી કરી.

**157.** નાના કરદાતાઓ માટે કાનૂની ઝઘડા વધુ ઘટાડવા માટે હું એમના માટે વિવાદ સમાધાન સમિતિ સ્થાપવાની દરખાસ્ત મૂકું છું. કાર્યદક્ષતા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે આ સમિતિ ફેસલેસ હશે. રૂ. 50 લાખ સુધીની કરપાત્ર આવક અને રૂ. 10 લાખ સુધીની વિવાદી આવક ધરાવતા કોઇપણ આ સમિતિનો સંપર્ક સાધવા પાત્ર હશે.

### *ફેસલેસ આઇટીએટી*

**158.** પાલનની સરળતા અને યોગ્ય લાગે એમ કરવાની મુનસફીની સ્વતંત્રતા ઘટાડવા અમે કરવેરા પ્રક્રિયાઓને ફેસલેસ કરવા કટિબદ્ધ છીએ. સરકારે આ વર્ષે ફેસલેસ એસેસમેન્ટ અને અપીલ પહેલેથી જ શરૂ કરી દીધી છે.

**159.** આવકવેરા અપીલનું આગામી સ્તર ઇન્કમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ છે. હવે હું આ ટ્રિબ્યુનલને ફેસલેસ બનાવવાની દરખાસ્ત મૂકું છું. અમે નેશનલ ફેસલેસ ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ સેન્ટરની સ્થાપના કરીશું. ટ્રિબ્યુનલ અને અપીલકર્તા વચ્ચેનો તમામ સંદેશાવ્યવહાર ઇલેક્ટ્રોનિક રહેશે. જ્યાં વ્યક્તિગત સુનાવણીની જરૂર હશે ત્યાં તે વિડિયો કૉન્ફરન્સિંગથી થશે.

### **એનઆરઆઇને રાહત**

**160.** જ્યારે બિન-નિવાસી ભારતીયો ભારત પાછા ફરે છે ત્યારે તેમને એમના વિદેશી નિવૃત્તિ ખાતાઓમાં એમની ઉપાર્જિત થયેલી આવક સંદર્ભે સમસ્યાઓ રહે છે. સામાન્ય રીતે કરવેરાના સમયગાળામાં અસંગતતાને લીધે આમ થાય છે. વિદેશી કાર્યક્ષેત્રમાં ભારતીય કર માટે ક્રેડિટ મેળવવામાં પણ એમને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એમની બેવડા કરવેરાની આ હાડમારી દૂર કરવા માટે હું નિયમો જાહેર કરવાની દરખાસ્ત કરું છું.

### *ઑડિટમાંથી મુક્તિ*

**161.** અત્યારે જો તમારું ટર્ન ઑવર રૂ. 1 કરોડથી વધી જાય તો તમારે તમારા હિસાબો ઑડિટ કરાવવા પડે છે. ફેબ્રુઆરી 2020ના બજેટમાં મેં જે લોકો એમના 95% વ્યવહારો ડિજિટલી કરે છે એમના માટે ટેક્સ ઑડિટની મર્યાદા વધારીને રૂ. 5 કરોડ કરી હતી. ડિજિટલ વ્યવહારોને વધારે પ્રોત્સાહિત કરવા અને પાલનનો બોજો ઘટાડવા માટે હું આવી વ્યક્તિઓ માટે ટેક્સ ઑડિટની આ મર્યાદા રૂ. 5 કરોડથી વધારી રૂ. 10 કરોડ કરવા દરખાસ્ત કરું છું.

### *ડિવિડન્ડ- લાભાંશ માટે રાહત*

**162.** અગાઉના બજેટમાં મેં રોકાણને પ્રોત્સાહિત કરવા માટે ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેક્સ નાબૂદ કર્યો હતો. ડિવિડન્ડને શૅર ધારકના હાથમાં કરપાત્ર બનાવાયું હતું. હવે પૂર્તતાની સરળતા ખાતર હું REIT/ InvITને ડિવિડન્ડ ચૂકવણીને ટીડીએસમાંથી મુક્તિની દરખાસ્ત કરું છું. ઉપરાંત, એડવાન્સ ટેક્સ ભરવા માટે શૅરધારક દ્વારા ડિવિડન્ડ આવકની રકમનો સાચો અંદાજ કાઢી શકાતો નથી, એટલે હું એ દરખાસ્ત મૂકું છું કે ડિવિડન્ડ આવક પરની એડવાન્સ ટેક્સની જવાબદારી ડિવિડન્ડ જાહેર થયા કે ચૂકવાયા બાદ જ ઊભી થશે. વિદેશી પૉર્ટફોલિયો રોકાણકારો માટે પણ, હું સંધિના નીચા દરે ડિવિડન્ડ આવક પર ટેક્સ ડિડક્શનની દરખાસ્ત મૂકું છું.

### *ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિદેશી રોકાણ આકર્ષવું*

**163.** ગત બજેટમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિદેશી રોકાણ આકર્ષવા માટે અમે અમુક શરતોને આધિન વિદેશી સેઓવરિન વેલ્થ ફંડ્સ અને પેન્શન ફંડ્સને ભારતીય ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણમાંથી થતી એમની આવક પર 100% કરમુક્તિ મંજૂર કરી હતી. અમારા ધ્યાનમાં આવ્યું છે કે આમાંનાં કેટલાંક ફંડ્સને આમાંની કેટલીક શરતોને પહોંચી વળવામાં મુશ્કેલીઓ પડી રહી છે. મોટી સંખ્યામાં ફંડ્સ ભારતમાં રોકાણ કરે એ સુનિશ્ચિત કરવા માટે હું આમાંની કેટલીક શરતો, પ્રાઈવેટ ફંડિંગ પર પ્રતિબંધ, ધંધાદારી પ્રવૃત્તિઓ પરના નિયંત્રણો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સીધા રોકાણ સંબંધી શરતોમાં રાહતની દરખાસ્ત મૂકું છું.

**164.** ઝીરો કૂપન બૉન્ડ્સ જારી કરીને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ફંડિગની છૂટ આપવા માટે હું નોટિફાઇડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ્સને ટેક્સ એફિસિયન્ટ ઝીરો કૂપન બૉન્ડ્સ જારી કરી ફંડ ઊભું કરવા માટે પાત્ર કરવાની દરખાસ્ત મૂકું છું.

### *પરવડે એવા આવાસ/ ભાડાંના આવાસ*

**165.** આ સરકાર ' સૌને આવાસ' અને પરવડે એવા આવાસને અગ્રતાના ક્ષેત્રો તરીકે જુએ છે. જુલાઇ 2019ના બજેટમાં મેં પરવડે એવા ઘર ખરીદવા લેવાયેલી લોન માટે રૂ. 1.5 લાખ સુધીની વધારાનું વ્યાજ ડિડક્શન પૂરું પાડ્યું હતું. હું હવે આ ડિડક્શનની પાત્રતા પરવડે એવું ઘર ખરીદવા વધુ એક વર્ષ લંબાવીને 31મી માર્ચ 2022 કરવા દરખાસ્ત મૂકું છું.

**166.** આ ઉપરાંત પરવડે એવા આવાસોનો પુરવઠો જાળવી રાખવા હું દરખાસ્ત મૂકું છું કે એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ વધુ એક વર્ષ માટે- 31મી માર્ચ, 2022 સુધી ટેક્સ હૉલિ ડે મેળવી શકે છે.

**167.** પરપ્રાંતીય શ્રમિકોને એફોર્ડેબલ ભાડાના આવાસનો પુરવઠો મળે એને ઉત્તેજન આપવા અમે કટિબદ્ધ છીએ. નોટિફાઇડ થયેલા એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ પ્રોજેક્ટ્સને કરમુક્તિની છૂટ આપવા હું દરખાસ્ત મૂકું છું.

### *આઇએફએસસીને કર પ્રોત્સાહનો*

**168.** આ પ્રવચનના ભાગ-એ માં મેં કહ્યું એમ સરકાર ગિફ્ટ સિટીમાં ઇન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર (આઇએફએસસી)ને વૈશ્વિક ફાયનાન્સિયલ હબ બનાવવા કટિબદ્ધ છે. પહેલેથી અપાયેલા કર પ્રોત્સાહનો ઉપરાંત હું અન્ય બાબતોની સાથે એરક્રાફ્ટ લિઝિંગ કંપનીઓને મૂડી લાભ (કેપિટલ ગેઇન) માટે ટેક્સ હોલિ ડે, વિદેશી ભાડાપટ્ટે દેનારને ચૂકવાયેલ એરક્રાફ્ટ લીઝ રેન્ટલ્સ માટે કરમુક્તિ, આઇએફએસસીમાં વિદેશી ફંડ્સ રિલોકેટિંગ માટે કર પ્રોત્સાહનો અને આઇએફએસસીમાં આવેલી વિદેશી બૅન્કોના રોકાણ ડિવિઝનને કરમુક્તિની છૂટનો સમાવેશ કરવા દરખાસ્ત મૂકું છું.

### *રિટર્ન્સ પહેલેથી ભરેલા હશે*

**169.** માનનીય અધ્યક્ષશ્રી, કરદાતા માટે પૂર્તતા-પાલન સરળ કરવા માટે પગારની આવક, કર ચૂકવણી, ટીડીએસ, વગેરે આવક વેરા રિટર્નમાં પહેલેથી ભરાઇને આવે છે. રિટર્ન ભરવાનું વધારે સુગમ કરવા માટે લિસ્ટેડ સિક્યોરિટિઝથી થયેલા મૂડી લાભની વિગતો, ડિવિડન્ડ આવક અને બૅન્કો, પોસ્ટ ઑફિસ વગેરેથી વ્યાજની આવક પણ પહેલેથી ભરેલી હશે.

### *નાના ટ્રસ્ટોને રાહત*

**170.** શૈક્ષણિક સંસ્થાઓ અને હૉસ્પિટલ્સ ચલાવતા નાના ચેરિટેબલ ટ્રસ્ટોને પૂર્તતાનો બોજો ઓછો કરવા અમે આશાવાદી છીએ. અત્યાર સુધી જેમની વાર્ષિક પ્રાપ્તિ રૂ. 1 કરોડથી વધારે ન હોય એવી આ સંસ્થાઓને સમૂળગી મુક્તિ છે. હવે હું આ રકમ વધારીને રૂ. 5 કરોડ કરવાની દરખાસ્ત કરું છું.

### *શ્રમ કલ્યાણ*

**171.** અમારા ધ્યાને આવ્યું છે કે કેટલાંક નોકરીદાતાઓ પ્રોવિડન્ટ ફંડ સુપરએન્યુએશન ફંડ અને અન્ય સામાજિક સુરક્ષાના ફંડ્સ માટે કર્મચારીઓનું યોગદાન કાપી લે છે પણ આ યોગદાનને નિર્ધારિત સમયમાં જમા કરાવતા નથી. કર્મચારીઓને આનાથી વ્યાજ કે આવકનું નુક્સાન જાય છે. બાદમાં જો નોકરીદાતા નાણાકીય રીતે સક્ષમ ન રહે તો આવું યોગદાન જમા ન થવાથી કર્મચારીઓને કાયમી નુક્સાન જાય છે.

**172.** કર્મચારીઓનું યોગદાન સમયસર જમા થાય એ સુનિશ્ચિત કરવા માટે હું ફરી દોહરાવું છું કે નોકરીદાતા કર્મચારીઓના ફાળાને મોડો જમા કરાવશે તો નોકરીદાતાને ડિડક્શનની છૂટ મળશે નહીં.

### *સ્ટાર્ટ અપ્સ માટેના પ્રોત્સાહનો*

**173.** દેશમાં સ્ટાર્ટ અપ્સને પ્રોત્સાહિત કરવા હું સ્ટાર્ટ અપ્સ માટે ટેક્સ હોલિ ડે મેળવવા માટેની પાત્રતા વધુ એક વર્ષ- 31મી માર્ચ, 2022 કરવા દરખાસ્ત મૂકું છું. ઉપરાંત, સ્ટાર્ટ અપ્સના ફંડિંગને પ્રોત્સાહિત કરવા હું સ્ટાર્ટ અપ્સમાં રોકાણ માટે મૂડી લાભની મુક્તિને વધુ એક વર્ષ સુધી, 31મી માર્ચ, 2022 સુધી લંબાવવા દરખાસ્ત મૂકું છું.

## *પરોક્ષ વેરાની દરખાસ્તો*

### *જીએસટી*

**174.** હું મારી પરોક્ષ વેરાની દરખાસ્તો પર આવું એ પહેલાં હું જીએસટી અંગે ગૃહને માહિતગાર કરવા માગું છું. જીએસટીને હવે ચાર વર્ષ થયા અને એને વધુ સરળ કરવા માટે અમે ઘણાં પગલાં લીધા છે. આમાંના કેટલાંકમાં સમાવિષ્ટ છે:

i. એસએમએસ મારફત નિલ રિટર્ન,
ii. નાના કરદાતાઓ માટે ત્રિમાસિક રિટર્ન અને માસિક ચૂકવણી,
iii. ઇલેક્ટ્રોનિક ઇનવોઇસ સિસ્ટમ,
iv. વેલિડેટેડ ઇનપુટ ટેક્સ સ્ટેટમેન્ટ,
v. પહેલેથી ભરેલા અને સુધારી શકાય એવા જીએસટી રિટર્ન, અને
vi. વારાફરતી રિટર્ન ફાઇલિંગ

જીએસટીએન સિસ્ટમની ક્ષમતા વધારી દેવાઇ છે. કર ચોરોને અને બનાવટી બિલ બનાવનારાને ઓળખી કાઢવા અમે ડીપ એનાલિટિક્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ગોઠવી છે અને એમની સામે ખાસ ઝુંબેશ શરૂ કરી હતી.

**175.** પરિણામો જાતે જ બોલે છે. છેલ્લા કેટલાંક મહિનાઓમાં આપણે રેકોર્ડ કલેક્શન કર્યું છે.

**176.** જીએસટી કાઉન્સિલે જટિલ મુદ્દાઓ કાળજીપૂર્વક દૂર કર્યા છે. કાઉન્સિલનાં ચેર પર્સન તરીકે હું ગૃહને ખાત્રી આપવા માગું છે કે જીએસટીને વધારે સરળ બનાવવા અને વિપરિત ડ્યૂટી માળખા જેવી અનિયમિતતા દૂર કરવા અમે શક્ય દરેક પગલાં લઈશું.

### *આબકારી જકાતનું સુયોજન*

**177.** આપણી કસ્ટમ ડ્યૂટી નીતિના બે જોડિયા ઉદ્દેશો હોવા જોઇએ- ઘરેલુ ઉત્પાદનને ઉત્તેજન અને ભારતને વૈશ્વિક વેલ્યુ ચેનમાં સ્થાન આપવામાં મદદ કરી નિકાસને બહેતર બનાવવી. ભાર હવે કાચી સામગ્રી સરળતાથી મળે અને મૂલ્ય વર્ધિત પેદાશોની નિકાસ પર મૂકવો રહ્યો.

**178.** આ દિશામાં આપણે ગયા વર્ષે કસ્ટમ ડ્યૂટી માળખાને તપાસી દુરસ્ત કરવાનું શરૂ કર્યું હતું. આ સમારકામ માટે ક્રાઉડ સોર્સિંગ દ્વારા સૂચનો મગાવાયા અને એનો અદભૂત પ્રતિસાદ આપનારા દરેકનો હું આભાર માનું છું. હવે હું આ વર્ષે 400 જેટલી જૂની મુક્તિઓની સમીક્ષાની દરખાસ્ત મૂકું છું. અમે આ વ્યાપક મસલતો દ્વારા કરીશું અને 2021ની પહેલી ઑક્ટોબરથી અમે સુધારેલું - વિકૃતિઓથી મુક્ત કસ્ટમ્સ ડ્યૂટી માળખું અમલી કરીશું. હું એ પણ દરખાસ્ત મૂકું છું કે હવેથી નવી કોઈપણ કસ્ટમ્સ ડ્યૂટી મુક્તિની માન્યતા એની જારી તારીખથી બે વર્ષની રહેશે.

### *ઇલેક્ટ્રોનિક અને મોબાઇલ ફોન ઉદ્યોગ*

**179.** ઘરેલુ ઇલેક્ટ્રોનિક ઉત્પાદન ઝડપથી વધ્યું છે. આપણે હવે મોબાઇલ્સ અને ચાર્જર્સ જેવી વસ્તુઓની નિકાસ કરીએ છીએ. વધારે ઘરેલુ મૂલ્ય વર્ધન માટે આપણે ચાર્જર્સના ભાગો અને મોબાઇલના સબ-પાર્ટ્સ પરની કેટલીક મુક્તિઓ પાછી ખેંચીએ છીએ. ઉપરાંત મોબાઇલના કેટલાંક ભાગો 'નિલ' રેટથી હવે મધ્યમ 2.5%ના દરમાં જશે.

### *આયર્ન અને સ્ટીલ*

**180.** આયર્ન અને સ્ટીલના ભાવમાં તાજેતરમાં તીવ્ર વધારો થયો એનાથી એમએસએમઇ અને અન્ય વપરાશકાર ઉદ્યોગોને બહુ ખરાબ અસર થઈ છે. એટલે, અમે નૉન-એલોય, એલોય અને સ્ટેનલેસ સ્ટીલની સેમીઝ, ફ્લેટ અને લૉન્ગ પ્રોડક્ટ્સ પરની કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડીને એકસરખી 7.5% કરી રહ્યા છીએ. મેટલ રિસાયકલર્સ જેમાં મોટા ભાગના એમએસએમઇ છે એમને રાહત પૂરી પાડવા હું સ્ટીલ સ્ક્રેપ

પર ડ્યૂટી માફી 31મી માર્ચ, 2022 સુધી આપી રહી છું. ઉપરાંત હું અમુક ચોક્કસ સ્ટીલ પેદાશો પરની એડીડી અને સીવીડી પર હટાવી રહી છું. કૉપર રિસાઇકલર્સને રાહત આપવા પણ હું કૉપર સ્ક્રેપ પરની ડ્યૂટી 5%થી ઘટાડીને 2.5% કરી રહી છું.

### *ટેક્સટાઈલ*

**181.** ટેક્સટાઈલ ક્ષેત્ર રોજગારી ઊભી કરીને અર્થતંત્રમાં મહત્ત્વનુ યોગદાન આપે છે. મેનમેડ ટેક્સટાઈલના ઇનપુટ રૉ મટિરિયલ્સ પર ડ્યુટીઝ સુયોજિત કરવાની જરૂર છે. અમે હવે નાયલોન ચેનને પૉલિસ્ટર અને અન્ય મેનમેડ ફાઇબર્સની હરોળમાં લાવી રહ્યા છીએ. કેપ્રોલેક્ટમ, નાયલૉન ચિપ્સ અને નાયલૉન ફાયબર અને યાર્ન પરની બીસીડીના દરો અમે એકસરખા ઘટાડીને 5% કરી રહ્યા છીએ. આનાથી ટેક્સટાઈલ ઉદ્યોગ, એમએસએમઇ અને નિકાસને પણ મદદ મળશે.

### *રસાયણો*

**182.** ઘરેલુ મૂલ્ય વર્ધનને ઉત્તેજન અને હસ્તક્ષેપ દૂર કરવા માટે અમે કેમિકલ્સ પર ડ્યુટીના દરો સુધાર્યા છે. અન્ય વસ્તુઓ ઉપરાંત અમે ઇનવર્ઝનને સુધારવા નેપ્થા પરની કસ્ટમ ડ્યૂટી ઘટાડી 2.5% કરી છે.

### *સોનું અને ચાંદી*

**183.** સોના અને ચાંદી પર હાલ બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી 12.5% લાગે છે. જુલાઇ 2019માં ડ્યૂટી 10%થી વધારાઇ ત્યારથી આ કિમતી ધાતુઓના ભાવ તીવ્ર રીતે વધ્યા છે. એને અગાઉના સ્તરની નજીક લાવવા અમે સોના અને ચાંદી પરની કસ્ટમ ડ્યૂટી તર્કસંગત રીતે સુયોજિત કરી રહ્યા છીએ.

### *રિન્યુએબલ એનર્જી*

**184.** પાર્ટ-એ માં અમે પહેલેથી સ્વીકાર્યું કે સોલર એલર્જીને ભારત માટે જંગી સંભાવના-આશા છે. ઘરેલુ ક્ષમતા નિર્માણ કરવા અમે સોલર સેલ્સ અને સોલર પેનલ્સ માટે તબક્કાવાર ઉત્પાદન યોજના જાહેર કરીશું. હાલ ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા અમે સોલર ઇન્વર્ટર્સ પરની ડ્યૂટી 5%થી વધારી 20% અને સોલર લેન્ટર્ન્સ પરની ડ્યૂટી 5%થી વધારી 15% કરી રહ્યા છીએ.

### *મૂડી સાધનો અને ઑટો પાટ્ર્સ*

**185.** ઘરાઆંગણે હેવી કેપ્ટલ ઉપકરણો ઉત્પાદિત કરવામાં અપાર સંભાવનાઓ રહેલી છે. અમે આગામી સમયમાં દર માળખાની સર્વગ્રાહી સમીક્ષા કરીશું જો કે હાલ તરત અમે ચોક્કસ વસ્તુઓ પર ડ્યૂટી રેટ્સ સુધારી રહ્યા છીએ. ટનલ બૉરિંગ મશીન પરની મુક્તિઓ અમે પાછી ખેંચવા દરખાસ્ત મૂકીએ છીએ. એના પર હવે કસ્ટમ ડ્યૂટી 7.5% લાગશે; અને એના ભાગો પર ડ્યૂટી 2.5%. અમુક ચોક્કસ ઑટો પાટ્ર્સને ઑટો પાટ્ર્સના સામાન્ય દરોની હરોળમાં લાવવા અમે એના પર કસ્ટમ્સ ડ્યૂટી વધારીને 15% કરી રહ્યા છીએ.

*એમએસએમઇ ઉત્પાદનો*

**186.** એમએસએમઇના લાભ માટે અમે ચોક્કસ ફેરફારો સૂચવીએ છીએ. સ્ટીલ સ્ક્રૂઝ અને પ્લાસ્ટિક બિલ્ડર વેર્ઝ પરની ડ્યૂટી અમે 10%થી વધારી 15% કરી રહ્યા છીએ. ગારમેન્ટસ, લેધર અને હસ્તકલાની વસ્તુઓના નિકાસકારોને પ્રોત્સાહન તરીકે અમે ડ્યૂટી ફ્રી વસ્તુઓની આયાત પર મુક્તિને સુયોજિત કરી રહ્યા છીએ. મોટા ભાગે આ તમામ વસ્તુઓ આપણા એમએસએમઇ ઘર આંગણે બનાવે છે. અમુક ચોક્કસ પ્રકારના લેધર પણ સારી ગુણવત્તા અને સારા જથ્થામાં ઘર આંગણે મોટા ભાગે એમએસએમઇ દ્વારા બને છે એટલે અમે એની આયાત પરની મુક્તિ પાછી ખેંચી રહ્યા છીએ. ફિનિશ્ડ સિન્થેટિક જેમ સ્ટૉન્સ પરની કસ્ટમ્સ ડ્યૂટી પણ ઘરેલુ પ્રોસેસિંગને ઉત્તેજન આપવા અમે વધારી રહ્યા છીએ,

*કૃષિ પેદાશો*

**187.** ખેડૂતોને લાભ આપવા માટે અમે કૉટન પરની કસ્ટમ્સ ડ્યૂટી શૂન્યથી વધારી 10% અને રૉ સિલ્ક અને સિલ્ક યાર્ન પરની 10%થી વધારી 15% કરી રહ્યા છીએ. અમે ડેથ્યુટેડ ઇથાઇલ આલ્કૉહૉલ પરની એન્ડ યુઝ આધારિત છૂટછાટ પણ પરત ખેંચી રહ્યા છીએ. મેઝ બ્રાન (મકાઇની થૂલી), રાઇસ બ્રાન ઑઇલ કેક અને એનિમલ ફીડ એડિટિવ્ઝ જેવી વસ્તુઓ પર હાલ દરો એકસમાન રીતે સુધારી 15% છે.

**188.** કૃષિ ઉત્પાદનને અસરકારક રીતે જાળવી અને પ્રોસેસિંગ કરવા સાથે  કૃષિ માળખાગત સુવિધાઓને સુધારવાની તાતી જરૂર છે જેથી આપણે વધુ પેદાશ લઈ શકીએ. આનાથી આપણા ખેડૂતોને વધારે વળતર મળી રહેશે. આ હેતુ માટે સંસાધનો ફાળવવા હું નાની સંખ્યામાં વસ્તુઓ પર એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (એઆઇડીસી) સૂચવું છું. તેમ છતાં આ સેસ લાગુ કરતી વખતે અમે મોટા ભાગની વસ્તુઓ પર ગ્રાહકો પર એનો વધારાનો બોજો ન પડે એની કાળજી લીધી છે.

*પ્રક્રિયાઓનું સુયોજન અને પાલનની સુગમતા*

**189.** એમનો વિવેકપૂર્ણ રીતે ઉપયોગ થાય એ માટે અમે એડીડી અને સીવીડી લેવીઓ સંબંધી જોગવાઇઓમાં ચોક્કસ સુધારા સૂચવીએ છીએ. કસ્ટમ્સ તપાસ પૂર્ણ કરવા અમે ચોક્કસ સમય મર્યાદા ઠરાવી છે. 2020માં અમે તુરંત સીમાશુલ્ક પહેલ શરૂ કરી જે ફેસલેસ, પેપરલેસ અને સંપર્ક વિહિન કસ્ટમ્સ પગલાં લઈ આવી. સપ્ટેમ્બર 2020થી અમલી અમે રૂલ્સ ઑફ ઑરિજિન પ્રશાસન માટે એક નવી પ્રક્રિયા અમલી કરી છે. એનાથી એફટીએના દુરુપયોગ પર અંકુશ લાવવામાં મદદ મળી છે.

**190.** સીધા અને પરોક્ષ વેરામાં સૂચવાયેલા ફેરફારોની ચોક્કસ વિગતો મારા પ્રવચનના જોડાણમાં સૂચિબદ્ધ છે.

**191.** માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો સાથે હું આ અંદાજપત્ર આ પૂજ્ય ગૃહને સોંપું છું.

<u>**બજેટ ભાષણ ભાગ- એની પરિશિષ્ટ**</u>

**જોડાણ-1**

## આરોગ્ય અને તંદુરસ્તી-ખર્ચ

*(રૂ. કરોડમાં)*

| મંત્રાલય/વિભાગ | વાસ્તવિક 2019-20 | બજેટ અંદાજ 2020-21 | બજેટ અંદાજ 2021-22 |
|---|---|---|---|
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** | 62,397 | 65,012 | 71,269 |
| **આરોગ્ય સંશોધન વિભાગ** | 1,934 | 2,100 | 2,663 |
| **આયુષ મંત્રાલય** | 1,784 | 2,122 | 2,970 |
| **કોવિડ સંબંધી વિશેષ જોગવાઇ** | | | |
| *રસીકરણ* | | | 35,000 |
| **પેય જળ અને સ્વચ્છતા વિભાગ** | 18,264 | 21,518 | 60,030 |
| પોષણ | 1,880 | 3,700 | 2,700 |
| પાણી અને સ્વચ્છતા માટે નાણાં પંચની ગ્રાન્ટ | | | 36,022 |
| આરોગ્ય માટે નાણાં પંચની ગ્રાન્ટ | | | 13,192 |
| **કુલ** | **86,259** | **94,452** | **2,23,846** |

**જોડાણ-2**

***ફ્લેગશિપ પરિયોજનાઓ: માર્ગ અને રાજમાર્ગ***

મુખ્ય એક્સપ્રેસવે/કૉરિડૉર

- દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે: બાકીના 260 કિમીનું કામ 31.3.2021 પહેલાં આપી દેવાશે.
- બેંગલુરુ-ચેન્નાઇ એક્સપ્રેસવે: 278 કિમી વર્તમાન નાણાંકીય વર્ષમાં શરૂ થશે. બાંધકામ 2021-22માં શરૂ થશે.
- દિલ્હી-દહેરાદૂન ઈકોનોમિક કૉરિડૉર: 210 કિમી ચાલુ નાણાંકીય વર્ષમાં શરૂ થશે. નિર્માણ 2021-22માં શરૂ થશે.

- કાનપુર-લખનૌ એક્સપ્રેસવે: નેશનલ હાઇ વે 27ને વૈકલ્પિક રૂટ પૂરો પાડતો 63 કિમીનો એક્સપ્રેસવે 2021-22માં શરૂ થશે.

- ચેન્નાઇ-સાલેમ કૉરિડૉર: 277 કિમીના એક્સપ્રેસવેનું કામ સોંપાશે અને નિર્માણ 2021-22માં શરૂ થશે.

- રાયપુર-વિશાખાપટ્ટનમ: છત્તીસગઢ, ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશમાંથી પસાર થતા 464 કિમીનું કામ ચાલુ વર્ષમાં સોંપાશે. નિર્માણ 2021-22માં શરૂ થશે.

- અમૃતસર-જામનગર: બાંધકામ 2021-22માં શરૂ થશે.

- દિલ્હી-કતરા: નિર્માણ 2021-22માં શરૂ થશે.

*તમામ નવા ફોર અને સિક્સ લેન હાઇ વેઝ ઉપર સ્પીડ રડાર્સ, વેરિએબલ મેસેજ સાઇનબૉર્ડ્સ, જીપીએસ સમર્થિત રિકવરી વાન્સ સાથેની આધુનિક ટ્રાફિક વ્યવસ્થાપન પ્રણાલી સ્થાપિત કરાશે.*

**જોડાણ-3**

## *વિનિવેશ/વ્યૂહાત્મક વિનિવેશ નીતિના મુખ્ય અંશો*

### *હેતુઓ*

a) નાણાકીય સંસ્થાનો સહિત કેન્દ્ર સરકારના જાહેર ક્ષેત્રના સાહસોની હાજરી લઘુત્તમ કરવી અને ખાનગી ક્ષેત્ર માટે રોકાણની નવી જગ્યા સર્જવી.

b) વિનિવેશ બાદ કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (સીપીએસઇઝ)/ નાણાકીય સંસ્થાઓનો આર્થિક વિકાસ ખાનગી મૂડી, ટેકનોલોજી અને શ્રેષ્ઠ વ્યવસ્થાપન આચરણ દ્વારા થશે. આર્થિક વિકાસમાં અને નવી નોકરીઓમાં યોગદાન આપશે.

c) વિનિવેશમાંથી જે આવક થાય એ સામાજિક ક્ષેત્ર અને સરકારના વિકાસાત્મક કાર્યક્રમોને નાણા પૂરાં પાડવામાં વાપરવી.

### *નીતિની વિશેષતાઓ*

a) આ નીતિ હાલના સીપીએસઈઝ, જાહેર ક્ષેત્રની બૅન્કો અને જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓને આવરી લે છે.

b) વિવિધ ક્ષેત્રોને વ્યૂહાત્મક અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રો એ રીતે વર્ગીકૃત કરાશે.

c) વર્ગીકૃત વ્યૂહાત્મક ક્ષેત્રો છે:

i) અણુ ઉર્જા, અવકાશ અને સંરક્ષણ

ii) પરિવહન અને દૂરસંચાર

iii) પાવર, પેટ્રોલિયમ, કોલસો અને અન્ય ખનીજો

iv) બૅન્કિંગ, વીમા અને નાણાકીય સેવાઓ

d) વ્યૂહાત્મક ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસોની હાજરી ઓછામાં ઓછી રખાશે. વ્યૂહાત્મક ક્ષેત્રોમાં બાકીના સીપીએસઈઝનું ખાનગીકરણ કરાશે કે વિલિનીકરણ કરાશે કે અન્ય સીપીએસઈઝ સાથે સબસિડિયરીસાઈઝ્ડ કરાશે કે બંધ કરી દેવાશે.

e) બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સીપીએસઈઝને ખાનગીકરણ કરાશે, નહીંતર બંધ કરી દેવામાં આવશે.

**જોડાણ-4**

*કૃષિ વસ્તુઓની એમએસપીથી ખરીદી*

| વર્ષ | ઘઉં | | ડાંગર | | કપાસ | | શણ | | કઠોળ | તેલીબિયાં અને કોપરાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એમએસપી મૂલ્ય કરોડમાં | લાભાન્વિત ખેડૂતોની સંખ્યા (લાખ માં) | એમએસપી મૂલ્ય કરોડમાં | લાભાન્વિત ખેડૂતોની સંખ્યા (લાખ માં) | એમએસપી મૂલ્ય કરોડમાં | લાભાન્વિત ખેડૂતોની સંખ્યા (લાખ માં) | એમએસપી મૂલ્ય કરોડમાં) | લાભાન્વિત ખેડૂતોની સંખ્યા (લાખ માં) | એમએસપી મૂલ્ય કરોડમાં | એમએસપી મૂલ્ય કરોડમાં) |
| 2010-11 | 24764.3 | NA | 52573.04 | NA | - | - | - | - | 1.75 | 149.03 |
| 2011-12 | 33152 | NA | 58084.48 | NA | 14 | 0.02 | 47.7 | 0.46 | 0.005 | 1.52 |
| 2012-13 | 49020.18 | NA | 65039.28 | NA | 4797 | 7.3 | 140.19 | 1.15 | 407.22 | 394.06 |
| 2013-14 | 33874.20 | NA | 63927.65 | NA | 90 | 0.14 | 53.98. | 0.5 | 235.86 | 1626.39 |
| 2014-15 | 39232.20 | NA | 66948.00 | NA | 18506 | 29.5 | 6.56 | 0.06 | 1128.93 | 45.52 |
| 2015-16 | 40727.60 | NA | 73981.90 | 73.08 | 1825 | 1.91 | - | - | - | 15.90 |
| 2016-17 | 35015.53 | 20.47 | 85802.73 | 76.85 | - | - | 28.79 | 0.17 | 1039.39. | 946.71 |
| 2017-18 | 50089.00 | 31.87 | 90397.86 | 72.31 | 898 | 0.88 | 172.16 | 1.22 | 8566.13 | 5072.73 |
| 2018-19 | 6204.33 | 38.77 | 116839.47 | 96.94 | 2976 | 2.38 | 66.79 | 0.26 | 20145.60 | 7091.11 |
| 2019-20 | 62802.88 | 35.57 | 141928.08 | 124.59 | 28500 | 21.5 | 56.24 | 0.55 | 8284.45 | 8305.06 |
| 2020-21 | 75059.60 | 43.36 | 172752** | 154** | 25974* | 18.26* | 2.99 | 0.01 | 10530.20 | 3647.11 |
| * 27.01.21 સુધી ; **અંદાજિત મૂલ્ય | | | | | | | | | | |

*NA= ઉપલબ્ધ નથી.*

**જોડાણ-5**

*એનઇપીના ભાગરૂપે શિક્ષણ અંગેની પહેલ*

- તમામ સ્કૂલ શિક્ષકો માટે નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સ ફોર ટિચર્સ-એનપીએસટી સ્વરૂપે માનક વિક્સાવાશે. આનાથી શિક્ષકોની ક્ષમતાઓ વધશે અને એને દેશમાં તમામ સરકારી અને ખાનગી સ્કૂલ સિસ્ટમના 92 લાખ શિક્ષકો અનુસરશે.
- રમકડાં મનોરંજન અને શિક્ષણ બન્નેની અભિવ્યક્તિ છે. શાળા શિક્ષણના તમામ સ્તરોએ એક અનોખી સ્વદેશી રમકડાં આધારિત ભણતરની –શિક્ષણકળા વિક્સાવાશે. આ શિક્ષણકળા વર્ગખંડોના વ્યવહારને ભૌતિક અને ગોખણપટ્ટીવાળા ભણતરથી મનોહર અને આનંદી અનુભવમાં રૂપાંતરિત કરશે.
- ડિજિટલ ફર્સ્ટ માઈન્ડસેટના પરિપ્રેક્ષ્યમાં એક નેશનલ ડિજિટલ એજ્યુકેશનલ આર્કિટેક્ચર (એનડીઈએઆર)ની સ્થાપના કરાશે જેમાં ડિજિટલ આર્કિટેક્ચર ન માત્ર શિક્ષણ અને ભણતરની પ્રવૃત્તિઓને સમર્થન કરશે પણ કેન્દ્ર અને રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોની શૈક્ષણિક આયોજન, સુશાસન અને વહીવટી પ્રવૃત્તિઓને પણ સમર્થન કરશે. તે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે એક વિવિધ એજ્યુકેશન ઈકો-સિસ્ટમ આર્કિટેક્ચર પૂરું પાડશે, એક સમવાયી પણ આંતર ઓપરેબલ સિસ્ટમ જે તમામ હિતધારકો ખાસ કરીને રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સ્વાયત્તા સુનિશ્ચિત કરશે.
- બધિર બાળકો માટે સરકાર ઈન્ડિયન સાઇન લેન્ગ્વેજ દેશભરમાં એકરૂપ કરવા પર કામ કરશે અને એમના ઉપયોગ માટે રાષ્ટ્રીય અને રાજ્ય અભ્યાસક્રમ સામગ્રીઓ વિક્સાવશે.
- સંખ્યાબંધ વરિષ્ઠ અને નિવૃત્ત શિક્ષકો છે. વિષયો, રચનાઓ અને શિક્ષણકળા પર સતત ઓનલાઇન/ઓફલાઇન સહયોગ દ્વારા શાળા શિક્ષકો અને એજ્યુકેટર્સના વ્યક્તિગત માર્ગદર્શન માટે એમનો ઉપયોગ કરાશે.
- અત્યાર સુધી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન એક પરિમાણીય માપદંડ પર થતું હતું. હવે એમાં ધરમૂળ ફેરફાર થશે જેમાં મૂલ્યાંકનનો ઉપયોગ વિદ્યાર્થીના મનન સ્તરને નક્કી કરવા જ નહીં પણ બાળકની સંભાવના, અનોખી શક્તિઓને ઓળખી કાઢવાની તક તરીકે પણ થશે. આ માટે વિદ્યાર્થીઓને એમની શક્તિઓ, રસના વિષયો, ધ્યાન આપવાના જરૂરી ક્ષેત્રો અંગેની મૂલ્યવાન માહિતી આપવા માટે એક સાકલ્યવાદી પ્રગતિ કાર્ડની કલ્પના કરાઇ છે અને એ રીતે તેમને કારકિર્દીની શ્રેષ્ઠ પસંદગી કરવામાં મદદરૂપ થશે.
- સંસાધનો વધારે સુલભ બને એ માટે પ્રૌઢ શિક્ષણના સમગ્ર ક્ષેત્રને આવરી લઈને ઓનલાઇન મૉડ્યુલ્સ શરૂ કરાશે.
- વર્ષ દરમિયાન કોવિડ-19 મહામારી છતાં અમે 30 લાખથી વધુ પ્રાથમિક શિક્ષકોને ડિજિટલી તાલીમ આપીને શિક્ષણના સમગ્ર ક્ષેત્રને આવરી લીધું. આને આગળ લઈ જઇ, 2021-22માં અમે

નેશનલ ઇનિશિયેટિવ ફોર સ્કૂલ હેડ્સ એન્ડ ટીચર્સ ફોર હૉલિસ્ટિક એડવાન્સમેન્ટ (નિષ્ઠા) દ્વારા 56 લાખ શાળા શિક્ષકોની તાલીમ શક્ય બનાવીશું.

- વિદ્યાર્થીઓને ચિંતા અને તનાવમાંથી બહાર આવવામાં મદદ મળે એ માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણા પ્રધાનમંત્રી એમની બૉર્ડ પરીક્ષાઓ પૂર્વે દર વર્ષે વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા રહે છે. આ દિશામાં અમે 2022-23 શૈક્ષણિક સત્રથી અમલી બને એ રીતે તબક્કાવાર સીબીએસઇ બૉર્ડ પરીક્ષા સુધારા રજૂ કરીશું. પરીક્ષાઓને ગોખણપટ્ટીથી દૂર કરાશે અને વિદ્યાર્થીઓને એમની કલ્પનાત્મક સ્પષ્ટતા, વિશ્લેષણ કુશળતા અને વાસ્તવિક જીવનની સ્થિતિઓમાં જ્ઞાનને કેવી રીતે લાગુ કરવું એના આધારે પરખવામાં આવશે.
- વિદેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ સાથે વધારે શૈક્ષણિક સહયોગને ઉત્તેજન આપવા બેવડી ડિગ્રીઓ, સંયુક્ત ડિગ્રીઓ, જોડિયા વ્યવસ્થાપન અને અન્ય એવી યંત્રણાઓની છૂટ આપવા માટે એક નિયામક યંત્રણા અમલી કરવાની દરખાસ્ત છે.

જોડાણ-6

| વધારાના બજેટરી સંસાધનો (ઈબીઆર્સ)નું સરવૈયું (સરકાર દ્વારા સંપૂર્ણ નિયંત્રિત બૉન્ડ્સ, એનએસએસએફ લૉન અને અન્ય સંસાધનો) | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | *રૂ. કરોડમાં* |
| **ભાગ એ- સરકાર દ્વારા પૂર્ણ નિયંત્રિત બૉન્ડ્સ જારી કરી એકત્ર ઈબીઆર્સ** | | | | | | | | |
| માગ નંબર | મંત્રાલય/વિભાગનું નામ<br>યોજનાનું નામ | 2016-17<br>વાસ્તવિક | 2017-18<br>વાસ્તવિક | 2018-19<br>વાસ્તવિક | 2019-20<br>વાસ્તવિક | 2020-21<br>બજેટ અંદાજ | 2020-21<br>સુધારેલો અંદાજ | 2021-22<br>બજેટ અંદાજ |
| 24 | **ઉચ્ચ શિક્ષણ વિભાગ** | | | | | | | |
| | રિવાઇટલાઈઝિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સિસ્ટમ્સ ઇન એજ્યુકેશન (રાઇઝ) | --- | --- | --- | --- | 3000.00 | --- | |
| 44 | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** | | | | | | | |
| | પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના | --- | --- | --- | --- | 3000.00 | --- | |
| 59 | **આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય** | | | | | | | |
| | પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) | --- | --- | 20000.00 | --- | 10000.00 | --- | |
| 61 | **જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનરોદ્ધાર વિભાગ** | | | | | | | |
| | પોલાવરમ સિંચાઇ યોજના | --- | --- | 1400.00 | 1850.00 | --- | 2234.29 | |
| | ) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ત્વરિત સિંચાઇ લાભ કાર્યક્રમ અને અન્ય પરિયોજના) | 2187.00 | 3105.00 | 5493.40 | 1963.30 | 5000.00 | 4225.00 | |
| 62 | **પેયજળ અને સ્વચ્છતા વિભાગ** | | | | | | | શૂન્ય |
| | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)<br>જળજીવન મિશન/રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ | ---<br>--- | ---<br>--- | 8698.20<br>--- | 3600.00<br>--- | ----<br>12000.00 | ---<br>--- | |
| 70 | **નવીન અને નવીકરણ ઉર્જા મંત્રાલય** | | | | | | | |
| | ગ્રિડ ઇન્ટરએક્ટિવ રિન્યુએબલ પાવર, ઑફ-ગ્રિડ/ડિસ્ટ્રીબ્યુટેડ એન્ડ | 1640.00 | --- | --- | --- | --- | --- | |
| | ) પ્રધાનમંત્રી-કિસાન ઉર્જા સંસકરણ એવમ ઉત્થાન મહાઅભિયાન (પીએમ-કુસુમ) | --- | --- | --- | --- | 1000.00 | --- | |
| 77 | **બંદર, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલય** | | | | | | | |
| | ઇનલેન્ડ વૉટરવેઝ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (આઇડબલ્યુએઆઇ) પ્રોજેક્ટ્સ | 340.00 | 660.00 | --- | ---- | --- | --- | |
| 78 | **વિદ્યુત મંત્રાલય** | | | | | | | |
| | દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના/સૌભાગ્ય | 5000.00 | 4000.00 | 13827.00 | 3782.00 | 5500.00 | 5000.00 | |
| | ) પાવર સિસ્ટમ ડેવલપમેન્ટ ફંડ પ્રોજેક્ટ્સ | --- | | 5504.70 | --- | --- | --- | |
| 86 | **ગ્રામીણ વિકાસ વિભાગ** | | | | | | | |
| | પ્રધાનમંત્રી આવાસ યોજના(પીએમએવાય) ગ્રામીણ | --- | 7330.00 | 10678.80 | 10811.00 | 10000.00 | 20000.00 | |
| | *કુલ* | ***9167.00*** | ***15095.00*** | ***65602.10*** | ***22006.30*** | ***49500.00*** | ***31459.29*** | |

## ભાગ-બી– એનએસએસએફથી લૉન મારફત અપાયેલ નાણાકીય મદદ

(રૂ. કરોડમાં )

| ક્રમ | મંત્રાલય/વિભાગનું નામ<br>સંસ્થાનું નામ | 2016-17<br>વાસ્તવિક | 2017-18<br>વાસ્તવિક | 2018-19<br>વાસ્તવિક | 2019-20<br>વાસ્તવિક | 2020-21<br>બજેટ અંદાજ | 2020-21<br>સુધારેલો અંદાજ | 2021-22<br>બજેટ અંદાજ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | **ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ** | | | | | | | |
| | ફૂડ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા# | 70000.00 | 65000.00 | 97000.00 | 110000.00 | 136600.00 | 84636.00 | --- |
| 2 | **આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય** | | | | | | | |
| | બિલ્ડિંગ મટિરિયલ્સ એન્ડ ટેકનૉલોજી પ્રમોશન કાઉન્સિલ | --- | 8000.00 | --- | 15000.00 | --- | 10000.00 | |
| 3 | **ખાતર વિભાગ** | | | | | | | |
| | મેટલ્સ એન્ડ મિનરલ્સ ટ્રેડિંગ કૉર્પોરેશન | --- | --- | --- | 1310.00 | --- | --- | --- |
| 4 | **અન્ય જાહેર એજન્સીઓને મદદ** (કેટલીક ચોક્કસ યોજના હેઠળ વધારાના સંશોધનની જરૂરિયાત, જો હોય, માટેની જરૂરિયાતને પહોંચી વળવા) | | | | | | | 30000.00 |
| | **કુલ** | **70000.00** | **73000.00** | **97000.00** | **126310.00** | **136600.00** | **94636.00** | **30000.00** |
| | ***ભેગો સરવાળો(A+B)*** | ***79167.00*** | ***88095.00*** | ***162602.10*** | ***148316.13*** | ***186100.00*** | ***126095.29*** | ***30000.00*** |

**#** 31-03-2020ના રોજ એફસીઆઇ સાથે એનએસએસએફની બાકી લૉન રકમ 2,54,600 કરોડ હતી

***<u>નોંધ:</u>***

***(i)*** *એર ઇન્ડિયાના એઆઇએએચએલને તબદીલ થયેલા દેવા માટે નાણાંની જોગવાઇ કરવા નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળના એર ઇન્ડિયા એસેટ હૉલ્ડિંગ લિમિટેડ (એએલએએચએલ)ને નાણાકીય વર્ષ 2019-20માં રૂ. 7000 કરોડ સુધીના સંપૂર્ણ રીતે સરકાર દ્વારા બજાવણી ધરાવતા બૉન્ડ્સ જારી કરીને ઈબીઆર્સ ઊભા કરવાની છૂટ અપાઇ હતી.*

***(ii)*** *રેલવે મંત્રાલયને એની રાષ્ટ્રીય પરિયોજનાઓ માટે નાણાં વ્યવસ્થા કરવા માટે ઋણ ગ્રહણ મારફત રૂ. 10200 કરોડ સુધીની (નાણાં વર્ષ 2018-19માં 5200 કરોડ અને નાણાં વર્ષ 2019-20માં 5000 કરોડ) પોતાની ફંડ જરૂરિયાતોને પહોંચી વળવાની છૂટ અપાઇ હતી. પુન:ચૂકવણીની જવાબદારી સરકારની સામાન્ય આવક પર વહન થઈ રહી છે.*

***(iii)*** ***<u>જાહેર ક્ષેત્રની બૅન્કોમાં મૂડી રેડવી:</u>*** *જાહેર ક્ષેત્રની બૅન્કો (પીએસબીઝ) ના રિકેપિટલાઇઝેશન માટે નાણાં વર્ષ 2017-18માં રૂ. 80000 કરોડ, 2018-19માં રૂ. 1,06,000 કરોડ અને 2019-20માં રૂ. 65,443 કરોડની રકમ રેડવામાં આવી હતી. નાણાંવર્ષ 2020-21માં સરકાર દ્વારા અત્યાર સુધી 5500 કરોડ રૂપિયાની રકમ પીએસબીઝમાં નવી મૂડી તરીકે વ્યાજ વિનાની વિશેષ જામીનગીરીઓ મારફત ઉમેરવામાં આવી છે. ત્રણ અન્ય બૅન્કો આઇડીબીઆઇ (4557 કરોડ), એક્ઝિમ બૅન્ક (5050 કરોડ) અને આઇઆઇએફસીએલ (5297.60 કરોડ)માં પણ ભારત સરકારે બૉન્ડ્સ જારી કરીને મૂડી દાખલ કરી છે.*

***(iv)*** *વાર્ષિકી પરિયોજનાઓ પર જવાબદારીઓનું સરવૈયું પ્રાપ્તિ બજેટ 2021-22ના ભાગ-બીમાં અપાયું છે. નાણાંકીય વર્ષ 2019-20ના અંતે નહીં ચૂકવાયેલી જવાબદારીઓની રકમ રૂ. 41,822.04 કરોડ હતી.*

<u>બજેટ પ્રવચનના ભાગ-બીનું જોડાણ</u>

## સીધા વેરાની દરખાસ્તો

| ક્રમ | દરખાસ્ત | સૂચિત સુધારા સંક્ષિપ્તમાં |
|---|---|---|
| 1. | **સિનિયર સિટિઝન્સને રાહત** | 75 વર્ષ કે એનાથી ઉપરની વયના વરિષ્ઠ નાગરિકો પર પૂર્તતા-પાલનનો બોજો હળવો કરવા જો ચૂકવનાર બૅન્ક દ્વારા ચૂકવવાપાત્ર કરની પૂરી રકમ બાદ કરાઇ હોય તો એમને આવક વેરા રિટર્ન ભરવાની જરૂરિયાતમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત છે. જેમને પેન્શન આવક ઉપરાંત માત્ર વ્યાજની જ આવક છે એવા આવા વરિષ્ઠ નાગરિકોને જ આ મુક્તિ ઉપલબ્ધ કરવાની દરખાસ્ત છે. |
| 2. | **સ્મયમર્યાદામાં ઘટાડો** | પાલનનો બોજો ઘટાડવા માટે જે તે એસેસમેન્ટ વર્ષના અંતથી એસેસમેન્ટ ફરી ખોલવા માટેની સમયમર્યાદા હાલના છ વર્ષથી ઘટાડી 3 વર્ષ કરવાની દરખાસ્ત છે. એક વર્ષમાં રૂ.50 લાખ કે એથી વધુની અઘોષિત આવકના પુરાવા હોય તો જ 10 વર્ષ સુધી ફરી ખોલવાની છૂટ આપવાની દરખાસ્ત છે. ઉપરાંત રિ-ઓપનિંગમાં મનસૂફીને સંપૂર્ણ દૂર કરવાની દરખાસ્ત છે અને એટલે ડેટા એનાલિટિક્સ, સી એન્ડ એજીના વાંધાના આધારે સિસ્ટમ બતાવે એવા કેસો અને સર્ચ/સર્વેના કેસોમાં જ રિઓપનિંગ થઈ શક્શે. ઉપરાંત, આવક વેરા કાર્યવાહીમાં વહેલી તકે ચોક્કસતા લાવવા જનરલ એસેસમેન્ટ કે આવક વેરા રિટર્ન પ્રોસેસિંગ અને રિટર્ન ફાઇલિંગ માટે પણ સમયમર્યાદા ત્રણ મહિના સુધી ઘટાડવાની દરખાસ્ત છે. |
| 3. | **ડિવિડન્ડ માટે રાહત** | કરદાતાઓને રાહત પૂરી પાડવા ડિવિડન્ડ આવક પરની એડવાન્સ ટેક્સની જવાબદારી ડિવિડન્ડ જાહેર થયા/ચૂકવણી થયા બાદ જ ઊભી થશે. રિઅલ એસ્ટેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રસ્ટ્સ કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (આરઈઆઇટી/ ઇનવીઆઇટી)ને ચૂકવાતું ડિવિડન્ડ ટીડીએસમાંથી મુક્ત રહેશે. એ સ્પષ્ટતાની પણ દરખાસ્ત છે કે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોની ડિવિડન્ડ આવક સહિતની આવક પર ટેક્સ ડિડક્શન સંધિના દરે હશે. જો લગુ ટેક્સ દર એમએટી કરતા ઓછો હોય તો વિદેશી કંપની માટે ડિવિડન્ડ ચૂકવણીને મિનિમમ ઑલ્ટરનેટ ટેક્સ (એમએટી) વસૂલવાથી મુક્તિ આપવાની પણ દરખાસ્ત છે. |

| | | |
|---|---|---|
| 4. | **વિવાદ સમાધાન સમિતિ (ડીઆરસી)ની સ્થાપના** | કાનૂની ઝઘડા ઘટાડવા અને નાના કરદાતાઓ માટે વિવાદ સમાધાનને ઉત્તેજન આપવા એક વિવાદ સમાધાન સમિતિ રચવાની દરખાસ્ત છે. 50 લાખ સુધીની કરપાત્ર આવક અને 10 લાખ સુધીની વિવાદી આવક ધરાવનાર કરદાતા આ સમિતિ પાસે જવા પાત્ર હશે. કાર્યદક્ષતા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સમિતિની કાર્યવાહી ફેસલેસ રીતે હાથ ધરાશે.<br><br>પરિણામે, 01.02.2021થી સેટલમેન્ટ કમિશન બંધ થઈ જશે. જો કે જો અરજદાર પસંદ કરે તો પડતર કેસો એક વચગાળાના બૉર્ડ દ્વારા નક્કી થશે. |
| 5. | **ફેસલેસ આવક વેરા એપેલેટ ટ્રિબ્યુનલ (આઇટીએટી)** | પારદર્શી ટેક્સ એપેલેટ યંત્રણા પૂરી પાડવા આવક વેરા એપેલેટ ટ્રિબ્યુનલને ફેસલેસ અને કાર્યક્ષેત્ર વિહિન બનાવવાની દરખાસ્ત છે. એક નેશનલ ફેસલેસ ઇન્કમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ સ્થપાશે અને ટ્રિબ્યુનલ અને એપેલન્ટ વચ્ચેનો તમામ સંદેશાવ્યવહાર ઇલેક્ટ્રોનિકલી થશે. જ્યારે પણ વ્યક્તિગત સુનાવણીની જરૂર પડે તો એ વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા થશે. |
| 6. | **અર્બન કો ઓપરેટિવ બૅન્ક(યુસીબી)ને સ્મૉલ ફાયનાન્સ બૅન્ક (એસએફબી)માં ફેરવવા પર કર તટસ્થતા** | યુસીબીઓને એસએફબીમાં ફેરવવાનું સુવિધાજનક બનાવવા યુસીબીમાંથી એસએફબીમાં સંક્રાંતિ માટે કર તટસ્થતા સૂચવાઇ છે. એટલે એસએફબીને તબદીલ કરાયેલી અસ્કયામતો માટે યુસીબીએ મૂડી લાભ ચૂકવવાની જરૂર રહેશે નહીં. |
| 7. | **કિફાયતી આવાસ અને કિફાયતી ભાડા આવાસ પરિયોજના માટે કર પ્રોત્સાહન** | કિફાયતી ઘર ખરીદવા માટે પ્રોત્સાહિત કરવા માટે આવા ઘર ખરીદવા લેવાયેલી લોન માટે રૂ. 1.5 લાખના વ્યાજ માટે વધારાનું ડિડક્શન મેળવવા પાત્રતાનો ગાળો લંબાવીને 31મી માર્ચ 2020 કરવાની દરખાસ્ત છે.<br><br>પરવડે એવા કિફાયતી ઘરોનો પુરવઠો વધારવા, પરવડે એવા હાઉસિંગ પ્રોજેક્ટ માટે ટેક્સ હૉલિ ડે મેળવવાનો પાત્રતા ગાળો વધુ એક વર્ષ માટે 31મી માર્ચ, 2022 સુધી લંબાવવા સૂચવાય છે.<br><br>પરપ્રાંતીય શ્રમિકોને કિફાયતી ભાડાનાં ઘરના પુરવઠાને ઉત્તેજન આપવા નૉટિફાઇડ એફૉર્ડેબલ રેન્ટલ હાઉસિંગ પ્રોજેક્ટ્સને નવી કર મુક્તિની છૂટ આપવાની પણ દરખાસ્ત છે. |

| | | |
|---|---|---|
| 8. | **સ્ટાર્ટ-અપ્સ માટેના કરલાભો** | દેશમાં વધુ સ્ટાર્ટ-અપ્સ સ્થાપવાને પ્રોત્સાહિત કરવા સ્ટાર્ટ અપ્સ માટેનો ટેક્સ હૉલિ ડે મેળવવાનો પાત્રતા ગાળો વધુ એક વર્ષ લંબાવીને 31મી માર્ચ, 2022 કરવાની દરખાસ્ત છે.<br><br>સ્ટાર્ટ-અપમાં રોકાણને પ્રોત્સાહિત કરવા, સ્ટાર્ટ-અપ્સમાં કરાયેલા રોકાણ માટે મૂડી લાભ મુક્તિનો લાભ મેળવવાનો પાત્રતા ગાળો વધુ એક વર્ષ લંબાવીને 31મી માર્ચ, 2022 કરવાની દરખાસ્ત છે. |
| 9. | **નિવૃત્તિ લાભ ખાતાની આવક માટે એનઆરઆઇને છૂટછાટ** | કરવેરામાં વિસંગતતાના કારણે એનઆરઆઇને એમના વિદેશી નિવૃત્તિ લાભ ખાતાની ઉપાર્જિત આવકના સંદર્ભમાં જે ખરી હાડમારી વેઠવી પડે છે એને દૂર કરવા માટે વિદેશી નિવૃત્તિ લાભ ખાતા પર ઉદભવતા આવકના કરવેરા એકરૂપ કરવા માટેના નિયમો જાહેર કરવાની દરખાસ્ત છે. |
| 10. | **ઑડિટમાંથી મુક્તિ** | ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહિત કરવા અને જેઓ એમના મોટા ભાગના વ્યવહારો ડિજિટલી કરે છે એવી વ્યક્તિને પાલનનો બોજો ઘટાડવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે જેઓ પોતાના 95% વ્યવહારો ડિજિટલી કરે છે એવી વ્યક્તિઓ માટે ટેક્સ ઑડિટની મર્યાદા રૂ. 5 કરોડથી વધારીને રૂ. 10 કરોડ કરવી. |
| 11. | **ડિસઇન્વેસ્ટમેન્ટ માટે ખોટ આગળ લઈ જવા માટેની શરતમાં છૂટછાટ** | પીએસયુના વ્યૂહાત્મક વિનિવેશને ઉત્તેજન આપવા એવી દરખાસ્ત કરવામાં આવે છે કે એકત્રીકરણમાં વિનિવેશ થયેલા પીએસયુ માટે ખોટને આગળ વધારવા સંબંધી શરતમાં છૂટ આપવી. |
| 12. | **વિનિવેશ માટે ટેક્સ તટસ્થ ડિમર્જર માટેની શરતમાં રાહત** | વ્યૂહાત્મક વિનિવેશને ઉત્તેજન આપવા પરિણમતી કંપનીને પીએસયુ દ્વારા અસ્કયામત હસ્તાંતરણ કર તટસ્થ ડિમર્જર તરીકે ધારી લેવાની દરખાસ્ત કરવામાં આવે છે. |
| 13. | **ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેટ ફંડ (આઇડીએફ) દ્વારા ઝીરો કૂપન બૉન્ડ્સ** | ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ફંડિંગને છૂટ આપવા માટે અધિસૂચિત આઇડીએફ દ્વારા જારી કરાયેલા ઝીરો કૂપન બૉન્ડ્સને કર લાભ માટે પાત્ર બનાવવાની દરખાસ્ત કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| 14. | **યુનિટ લિન્ક્ડ ઇન્શ્યોરન્સ પ્લાન (યુલિપ)ના કરવેરાને તર્કસંગત બનાવવા** | યુલિપના કરવેરાને તર્કસંગત બનાવવા ર.. 2.5 લાખ સુધીના વાર્ષિક પ્રિમિયમ ધરાવતી યુલિપની પાકતી રકમ માટે કરમુક્તિની છૂટ આપવાની દરખાસ્ત છે. જો કે મૃત્યુ પર મળતી રકમને વાર્ષિક પ્રિમિયમ પર કોઇ પણ જાતની મર્યાદા વિના મુક્તિ મળવાની ચાલુ રહેશે. 01.02.2021ના રોજ કે ત્યારબાદ લેવાયેલી પૉલિસીઓ પર જ યુલિપના વાર્ષિક પ્રિમિયમની રૂ. 2.5 લાખની ટોચ મર્યાદા લાગુ પડશે. ઉપરાંત સમાનતા પૂરી પાડવા માટે બિન-મુક્ત યુલિપને મ્યુચ્યુઅલ ફંડને ઉપલબ્ધ છે એ જ છૂટછાટવાળા મૂડી લાભ કરવેરા પદ્ધતિ પૂરી પાડવાની રહેશે. |
| 15. | **પ્રોવિડન્ટ ફંડ પર કર-મુક્ત આવકને તર્કસંગત કરવી** | ઊંચી આવક ધરાવતા કર્મચારીઓ દ્વારા ઉપાર્જિત આવક માટે કર મુક્તિને તર્કસંગત બનાવવા એવી દરખાસ્ત કરાઇ છે કે વિવિધ પ્રોવિડન્ટ ફંડ્સને કર્મચારીઓના વાર્ષિક રૂ. 2.5 લાખ ફાળા પર થતી વ્યાજની આવક પૂરતી જ કર મુક્તિને નિયંત્રિત કરવી. આ નિયંત્રણ 01.04.2021 કે ત્યારબાદ કરાયેલા ફાળા માટે જ લાગુ પડશે. |
| 16. | **ભાગીદારો દ્વારા મેળવાયેલી વધારાની રકમની કરપાત્રતા** | સ્પષ્ટતા પૂરી પાડવા એવી દરખાસ્ત કરવામાં આવે છે કે ભાગીદારી પેઢીથી ભાગીદારો દ્વારા એમના મૂડી ફાળા ઉપરાંતની મેળવાયેલી અસ્કયામતો કે રકમના કરવેરા સંબંધી જોગવાઇઓને તર્કસંગત બનાવવી. |
| 17. | **ગુડવિલ- અસ્કયામતો પર ઘસારા અંગેની સ્પષ્ટતા** | સ્પષ્ટતા પૂરી પાડવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે ગુડવિલ- અસ્કયામતો પર કોઇ ઘસારાની છૂટ રહેશે નહીં. તેમ છતાં ગુડવિલ વેચાણ પર ગુડવિલ મેળવવા માટે ચૂકવાયેલી રકમ માટે ડિડક્શનની છૂટ રહેશે. |
| 18. | **મંદીમાં આખો વેપાર વેચવા (સ્લમ્પ સેલ) માટેની સ્પષ્ટતા** | સ્પષ્ટતા પૂરી પાડવા માટે એ સૂચવવામાં આવે છે કે સ્લમ્પ સેલ (મંદીમાં આખો વેપાર વેચવો) માં તમામ પ્રકારની તબદિલીઓનો સમાવેશ રહેશે. |
| 19. | **બનાવટી બિલ/ નકલી સોદા** | મહેસૂલનું રક્ષણ કરવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે રૂ. 2 કરોડથી વધુના બનાવટી બિલ/નકલી વ્યવહારો માટે શરૂ કરાયેલી શિક્ષાત્મક કાર્યવાહી અસ્કયામતો હંગામી રીતે ટાંચમાં લેવા માટે પણ પાત્ર રહેશે. |
| 20. | **નાના ટ્રસ્ટો માટે મુક્તિ** | શૈક્ષણિક સંસ્થાઓ અને હૉસ્પિટલ્સ ચલાવતા નાના ચૅરિટેબલ ટ્રસ્ટોને પૂર્તતા-પાલનનો બોજો ઘટાડવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે આવા ટ્રસ્ટો માટે મંજૂરી વગેરે પાલન માટે લાગુ ન કરવા માટે હાલ વાર્ષિક રૂ. 1 કરોડની પ્રાપ્તિની મર્યાદા છે |

| | | |
|---|---|---|
| | | એ વધારીને રૂ. 5 કરોડ કરવી. |
| 21 | **ચૅરિટેબલ સંસ્થાઓ દ્વારા ખોટ આગળ લઈ જવી** | સ્પષ્ટતા પૂરી પાડવા માટે ચૅરિટેબલ ટ્રસ્ટોને ખોટ આગળ લઈ જવા દેવાની છૂટ રહેશે નહીં એવી સ્પષ્ટતા કરવાની દરખાસ્ત છે. તેમ છતાં લૉન પુનઃ ચૂકવણી અને ભંડોળની પરિપૂર્ણતાની લાગુ પડે એ રીતે છૂટ રહેશે. |
| 22. | **ઈક્વિલાઇઝેશન લેવી માટેની સ્પષ્ટતા** | સ્પષ્ટતા પૂરી પાડવા એવી સ્પષ્ટપણે ચોખવટ કરાઇ રહી છે કે આવક-વેરા હેઠળ કરપાત્ર વ્યવહારો ઇક્વિલાઇઝેશન લેવી માટે પાત્ર નથી. ઉપરાંત, સામાન કે સેવાના ફિઝિકલ/ઑફલાઇન સપ્લાય પર ઈક્વિલાઇઝેશન લેવી લાગુ કરવા બાબતે ચોખવટ કરવાની પણ દરખાસ્ત છે. |
| 23 | **શ્રમ કલ્યાણ નિધિઓમાં નિર્ધારિત તારીખ સુધીમાં કર્મચારીઓનો ફાળો સમયસર જમા કરાવવો** | નોકરીદાતાઓ દ્વારા વિવિધ કલ્યાણ નિધિઓમાં કર્મચારીઓના યોગદાનને સમયસર જમા નહીં કરાવાતા તે કર્મચારીઓને વ્યાજ/આવકનું કાયમી નુકસાનમાં પરિણમે છે. નોકરીદાતાઓ દ્વારા કર્મચારીઓનો આ ફાળો આ નિધિઓમાં સમયસર જમા થાય એ સુનિશ્ચિત કરવા માટે એ પુનરુચ્ચારણ કરવાની દરખાસ્ત કરવામાં આવે છે કે નોકરીદાતાઓ કર્મચારીઓનો ફાળો મોડો જમા કરાવે એને નોકરીદાતાને કદી ડિડક્શન તરીકે છૂટ રહેશે નહીં. |
| 24 | **સોવરિન વેલ્થ ફંડ અને પેન્શન ફંડ (એસડબલ્યુએફ/ પીએફ)ને મુક્તિ માટે શરતોમાં રાહત** | ભારતીય માળખાગત સુવિધાઓમાં વધુ સંખ્યામાં એસડબલ્યુએફ/પીએફ રોકાણ કરે એ માટે પ્રોત્સાહિત કરવા એવી દરખાસ્ત કરવામાં આવે છે કે ગત અંદાજ પત્રમાં રજૂ કરાયેલી 100% કર મુક્તિ મેળવવા માટેની અમુક શરતોમાં રાહત આપવામાં આવે. જે શરતોમાં રાહતની દરખાસ્ત છે એમાં લૉન કે ધિરાણ પર મનાઇ, ધંધાદારી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચરની માલિકી ધરાવતી સંસ્થામાં સીધું રોકાણ ઇત્યાદિનો સમાવેશ થાય છે. |
| 25. | **આઇએફએસસીને કર પ્રોત્સાહનો** | આઇએફએસસીને ઉત્તેજન આપવા માટે એને વધારે કર પ્રોત્સાહનો પૂરાં પાડવા માટેની દરખાસ્ત કરવામાં આવે છે જેમાં એરક્રાફ્ટ લિઝિંગ કંપનીની આવકના મૂડી લાભ માટે ટેક્સ હૉલિ ડે, વિદેશી ભાડા પટ્ટે આપનારને ચૂકવાયેલ એરક્રાફ્ટ લીઝ રેન્ટલ માટે કર મુક્તિ, આઇએફએસસીમાં વિદેશી ફંડ્સના રિ-લોકેશન માટે કર પ્રોત્સાહનો, આઇએફએસસીમાં સ્થિત વિદેશી બૅન્કોના રોકાણ ડિવિઝનને કર મુક્તિઓનો સમાવેશ થાય છે. |

| | | |
|---|---|---|
| 26 | **કાપી લેનાર/ ઉઘરાવનાર દ્વારા રિટર્ન ન ભરવું** | નોંધપાત્ર કર રકમ કાપી લેવાઇ છે/ઉઘરાવી લેવાઇ છે એવા કિસ્સામાં વ્યક્તિઓ દ્વારા રિટર્ન્સ ન ભરવાની ટેવને નિરુત્સાહ કરવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે છેલ્લા બે વર્ષ માટે રૂ. 50000 કે એનાથી વધારે ટીડીએસ/ટીસીએસ થયો છે અને આવકનું રિટર્ન ભર્યું નથી એવી વ્યક્તિના કિસ્સામાં ટીડીએસ/ટીસીએસનો દર નિર્ધારિત દર કરતા બમણો અથવા 5%, બેમાંથી જે વધારે હોય તે રહેશે. આ જોગવાઇ એવા વ્યવહારો માટે લાગુ રહેશે નહીં જ્યાં કરની પૂરી રકમ કાપી લેવાની જરૂર હોય, જેમ કે પગાર, બિન-નિવાસીને ચૂકવણી, લૉટરી, ઇત્યાદિ. |
| 27 | **સામાનની ખરીદી પર ટીડીએસ ઉઘરાણૂં** | ટીડીએસનો વ્યાપ વધારવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે એક વર્ષમાં રૂ. 50 લાખથી વધુના ખરીદીના વ્યવહાર પર 0.1% ટીડીએસ ઉઘરાવવાનો રહેશે. પાલનનો બોજ ઘટાડવા એવી પણ દરખાસ્ત કરવામાં આવે છે કે જેમનું ટર્ન ઑવર રૂ. 10 કરોડથી વધારે હોય એવી વ્યક્તિઓ પર જ ડિડક્શનની જવાબદારી રહેશે. |
| 28 | **ઑથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ્સના સ્થાને બૉર્ડ ફોર એડવાન્સ રૂલિંગ્સ** | કેસોના ઝડપી નિકાલને સુનિશ્ચિત કરવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે ઑથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ્સના સ્થાને બૉર્ડ ફોર એડવાન્સ રૂલિંગ્સ મૂકવામાં આવે. આવા બૉર્ડ્સના આદેશ સામે વડી અદાલતમાં અપીલની જોગવાઇ પૂરી પાડવા પણ દરખાસ્ત કરવામાં આવે છે. |
| 29. | **એડવાન્સ પ્રાઈઝિંગ એગ્રીમેન્ટ (એપીએ) અને સેકન્ડરી એડજસ્ટમેન્ટ માટે મિનિમમ ઑલ્ટરનેટ ટેક્સ (એમએટી)ને સાથે ગોઠવવો** | એપીએ કે સેકન્ડરી એડજસ્ટમેન્ટના કારણે રિપેટ્રિએશન વર્ષમાં મેટની જવાબદારી ઊભી થઈ છે એવા કરદાતાઓને રાહત પૂરી પાડવા માટે મેટની જોગવાઇઓને આવી આવકની કરપાત્રતાના વર્ષ સાથે એકરૂપ કરવાની દરખાસ્ત કરવામાં આવે છે. |
| 30. | **લીવ ટ્રાવેલ કન્સેશન (એલટીસી) કેશ સ્કીમ માટે મુક્તિ** | કર્મચારીઓને રાહત પૂરી પાડવા માટે એવી દરખાસ્ત કરવામાં આવે છે કે એલટીસીના બદલામાં કમ્રચારીઓને અપાયેલી રકમને નિર્ધારિત ખર્ચ કર્યાને આધીન રહીને કરમુક્તિ પૂરી પાડવામાં આવે. |

| | | |
|---|---|---|
| 31 | **નિવાસી યુનિટ્સના પ્રાથમિક વેચાણ માટે સેફ હાર્બર લિમિટમાં વધારો** | ઘર ખરીદનારાઓ અને રિયલ એસ્ટેટ ડેવલપર્સને પ્રોત્સાહિત કરવા માટે રહેણાંક એકમોના પ્રાથમિક વેચાણ માટે સેફ હાર્બર લિમિટ 10%થી વધારીને 20% કરવાની દરખાસ્ત કરવામાં આવે છે. |
| 32 | **પરચૂરણ** | ▪ ઑડિટ રિપોર્ટમાં દર્શાવાયેલ આવકના એડજસ્ટમેન્ટ માટે સ્પષ્ટતા પૂરી પાડવા અને અમુક ચોક્કસ ડિડક્શન્સની છૂટ માટે રિટર્ન્સના પ્રોસેસિંગ સંબંધી જોગવાઇઓમાં પરિણામરૂપ સુધારા કરવાની દરખાસ્ત કરવામાં આવે છે.<br>▪ અધિકૃત સત્તા દ્વારા રિટર્ન્સ મંગાવવા માટે નોટિસ જારી કરવાને સમર્થ બનાવવા પણ દરખાસ્ત કરવામાં આવે છે.<br>▪ કરદાતાઓના એક વર્ગ માટે ખામીયુક્ત રિટર્ન સંબંધી નિયમમાં રાહત માટે અને ચોક્કસ કરદાતાઓ માટે રિટર્નની નિર્ધારિત તારીખો એકરૂપ કરવાની  સત્તા બૉર્ડને આપવા દરખાસ્ત કરવામાં આવે છે.<br>▪ એ ચોખવટ કરવાની દરખાસ્ત કરવામાં આવે છે કે લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશિપ વ્યવસાયિકો માટેના ધારી લીધેલા ટેક્સ માટે પાત્ર ઠરશે નહીં.<br>▪ સ્પષ્ટતા પૂરી પાડવા માટે શબ્દ 'લાયેબલ ટુ ટેક્સ'ની વ્યાખ્યા કરવાની દરખાસ્ત કરવામાં આવે છે. |

## બજેટ પ્રવચનનું પરિશિષ્ટ

**એ. કસ્ટમ્સ એન્ડ સેન્ટ્રલ એક્સાઇઝમાં કાયદાકીય ફેરફારો:**

**1. કસ્ટ્મ્સ એક્ટ, 1962માં મોટા સુધારા:**

| ક્રમ | સુધારા |
|---|---|
| **એ.** | **ડ્વેલ ટાઇમ (વસવાટનો સમય)માં ઘટાડો અને ઈઓડીબી (વેપાર સુવિધા)** |
| 1. | સામાનના આગમનના દિવસના અગાઉના દિવસના અંત પહેલાં બિલ્સ ઑફ એન્ટ્રી ફાઈલ કરવાનું ફરજિયાત કરવાની દરખાસ્ત કરવામાં આવે છે. (કલમ 46) |
| 2. | સ્વંય સુધારાના આધારે આયાતકાર/નિકાસકાર દ્વારા ચોક્કસ સુધારાઓની છૂટ આપવાની દરખાસ્ત કરવામાં આવે છે. અત્યાર સુધી તમામ સુધારાઓ અધિકારી દ્વારા મંજૂર કરાવવાના રહેતા હતા. (કલમ 149) |
| 3. | પેપરલેસ પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવા માટે નોટિસ, આદેશ ઇત્યાદિ આપવા માટે કૉમન પૉર્ટલના વપરાશને કાયદેસરતા આપવાની દરખાસ્ત કરવામાં આવે છે અને કસ્ટમ્સ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવા વેપાર માટે પૉર્ટલ વન પૉઇન્ટ ડિજિટલ ઈન્ટરફેસ તરીકે કામ કરશે. |
| **બી.** | **કાર્યદક્ષતા અને જવાબદારી** |
| 1 | કાયદામાં એ અધિકૃત કરવા એક નવી જોગવાઇ ઉમેરવાની દરખાસ્ત કરવામાં આવે છે કે કસ્ટમ્સ એક્ટ હેઠળ અપાયેલી તમામ શરતી મુક્તિઓ જો અન્ય રીતે નિર્દિષ્ટ ન હોય, તેમાં ફેરફાર ન કરાયો હોય કે રદ ન થઈ હોય તો આવી મંજૂરી કે ભિન્નતાની તારીખથી તરત બે વર્ષ બાદ આવતી 31મી માર્ચે સમાપ્ત થઈ જશે. (કસ્ટમ્સ એક્ટની કલમ 25) |
| 2. | તપાસ પૂર્ણ કરવા માટે ચોક્કસ અપવાદોને આધીન બે વર્ષનો સમયગાળો અધિકૃત કરવા માટે નવી કલમ 28બીબી રજૂ કરવાની દરખાસ્ત છે. |
| **સી.** | **કર પાલન સુધારવું** |
| 1. | એક એવી જોગવાઇની દરખાસ્ત છે કે માફી કે મુક્તિનો ખોટો દાવો કરીને નિકાસ માટે આવતો કોઇપણ સામાન જપ્તીને પાત્ર બનાવવો. [ કસ્ટ્મ્સ એક્ટની કલમ 113માં પેટા-કલમ (જેએ) ઉમેરાઇ રહી છે] |
| 2. | સામાનની નિકાસ પર ઠગાઈયુક્ત ઈનવૉઈસીસનો ઉપયોગ કરીને કોઇપણ વ્યક્તિ ટેક્સ રિફંડ કે જકાત જતી કરવાની માગ (ડ્યુટી ડિસ્ચાર્જ ) નો દાવો કરે એવા ચોક્કસ કેસમાં દંડ નિર્ધારિત કરવા કસ્ટમ્સ એક્ટ (કલમ 114એસી)માં નવી જોગવાઇ ઉમેરાઇ રહી છે. |
| **ઈ.** | **જપ્ત સોનાનો નિકાલ** |
| 1. | જપ્ત સોનાનો ખટલા પૂર્વે નિકાલ થાય, આવા નિકાલને ઝડપી કરવા માટેની કાર્યવાહી સુધારવા કસ્ટમ્સ એક્ટની કલમ 110ને સુધારવાની દરખાસ્ત છે. |

## 2. કસ્ટમ્સ ટૅરિફ એક્ટ, 1975માં સુધારા:

| ક્રમ | સુધારા |
|---|---|
| **A** | કસ્ટમ્સ ટૅરિફ એક્ટ**,** 1975ના પ્રથમ પરિશિષ્ટમાં સુધારો |
| 1. | કસ્ટમ્સ ટૅરિફ એક્ટના પ્રથમ પરિશિષ્ટને એચએસએન 2022ના સુધારાઓને સુસંગત રીતે સુધારવાની દરખાસ્ત છે. આ ફેરફારો 01.01.2022થી અમલમાં આવશે.<br><br>ઉપરાંત ચોક્કસ નવી ટૅરિગ લાઇન્સ પણ સર્જવામાં આવી રહી છે. |
| B | **એન્ટી-ડમ્પિંગ ડ્યુટી (એડીડી), કાઉન્ટરવેઈલિંગ ડ્યુટી (સીવીડી)ની જોગવાઇઓમાં સુધારો અને સલામતીનાં પગલાં** |
| 1. | એડીડી, સીવીડી [કસ્ટમ્સ ટૅરિફ એક્ટની કલમ 9, 9એ અને સંબંધિત નિયમો] સંબંધી જોગવાઇમાં નિમ્ન લિખિત સુધારા નિમ્ન જોગવાઇઓ માટે કરવાની દરખાસ્ત છે:<br>**(i)** છેતરપિંડી વિરોધી તપાસ શરૂ થયાની તારીખથી ડ્યુટી લાદવી;<br>**(ii)** એન્ટી-અબ્સૉર્પ્શન જોગવાઓ;<br>**(iii)** એકી વખતે પાંચ વર્ષ માટે એવી સમીક્ષા પર આ ડ્યુટીઓ લાદવી;<br>**(iv)** ડૉમેસ્ટિક ટૅરિફ એરિયા માટે ક્લિયર થયેલા સામાનના ઉત્પાદન માટે ઈઓયુ અને એસઈઝેડ્સ દ્વારા ઉપયોગમાં લેવાતા ઇનપુટ્સ (એડીડી કે સીવીડી આકર્ષતા) પર એડીડી/સીવીડી લાદવા માટે એક સમાન જોગવાઈઓ;<br>**(v)** જ્યારે જ્યારે કોઇ ચોક્કસ એડીડી કે સીવીડી હંગામી રીતે રદ કરવામાં આવે ત્યારે આવું હંગામી રદબાતલ એકી વખતે એક વર્ષથી વધશે નહીં;<br>**(vi)** તપાસમાં સમીક્ષા કાર્યવાહીમાં, સમીક્ષાધીન એડીડીની મુદત સમાપ્તિના કમ સે કમ ત્રણ મહિના અગાઉ અધિકૃત સત્તાધીશ દ્વારા આખરી તારણો જારી કરવા (પહેલી જુલાઇ, 2021થી અમલી);<br>ક્રમ (vi)ના સુધારા જે તે નિયમોમાં થઈ રહ્યા છે અને બાકીના અન્ય ફેરફારો કસ્ટમ્સ ટૅરિફ એક્ટમાં કરાઇ રહ્યા છે. |
| 2. | હિતોના રક્ષણના નિયમો સુધારાઇ રહ્યા છે જેથી ઘરેલુ ઉદ્યોગને હાનિ થાય એ રીતે વધેલા જથ્થામાં આયાતના કિસ્સામાં તપાસની રીત અને પ્રક્રિયાને સેફગાડ્ર્સ ટીઆર્ક્યુઝ લાગુ કરવા માટે જોગવાઇ થઈ શકે. |

## 3. સેન્ટ્રલ એક્સાઈઝ એક્ટ, 1944માં સુધારા :

| | |
|---|---|
| 1. | ▪ વર્લ્ડ કસ્ટમ્સ ઑર્ગેનાઈઝેશન દ્વારા હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ ઑફ નોમેનક્લેચર (એચએસએન) ની સમીક્ષાના પરિણામે નવી ટૅરિફ લાઇન્સનો ઉમેરો.<br><br>▪ સ્પષ્ટીકરણ પ્રકારના જૂજ નજીવા ફેરફારો પણ પરિશિષ્ટમાં થઈ રહ્યા છે. |

**4. કસ્ટમ્સ નિયમોમાં સુધારા:**

નિમ્ન લિખિત કાર્યોની છૂટ માટે વેપાર સુવિધા તરીકે કસ્ટમ્સ (ડ્યુટીના છૂટછાટવાળા દરે સામાનની આયાત) નિયમો, 2017 [આઇજીસીઆર] બનાવાઇ રહ્યા છે:

- આઇજીસીઆર હેઠળ આયાતી સામગ્રી પર જોબ વર્ક (કિમતી ધાતુઓ સિવાય)
- આઇજીસીઆર હેઠળ આયાત કરાયેલ આયાતી મૂડી સામાનને ઘસારાવાળા મૂલ્ય પર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવણી કર્યેથી મંજૂરી

**બી. કસ્ટમ્સ ડ્યુટી દરોમાં ફેરફારો**

**1. ખેડૂતો, એમએસએમઇ અને અન્ય ઘરેલુ ઉત્પાદકોના લાભ માટે બરાબરીની તકો સર્જવા માટે બેઝિક કસ્ટમ્સ ડ્યુટીમાં ફેરફારો. [02.02.2021થી અમલી]:**

| ક્રમ | કેટેગરી | ચોક્કસ વસ્તુઓ | ડ્યુટીનો દર | |
|---|---|---|---|---|
| | | | પહેલાં | હવે |
| 1. | **ખેતીવાડી પેદાશો અને મત્સ્યમારી ક્ષેત્ર** | કપાસ | 0 | 5%* |
| | | કપાસ વેસ્ટ | શૂન્ય | 10% |
| | | રૉ સિલ્ક (ફેંકવામાં ન આવેલું) અને સિલ્ક યાર્ન/ સિલ્ક વૅસ્ટમાંથી યાર્ન સ્પન | 10% | 15% |
| | | એક્સાઈઝ પાત્ર સામાનના ઉત્પાદન માટે અપેય બનાવાયેલ મદ્યાર્ક ઇથાઇલ આલ્કોહૉલ (ઇથેનૉલ) | 2.5% | 5% |
| | | ઝીંગા ખોરાક (પ્રૉન ફીડ) | 5% | 15% |
| | | ગોળી સ્વરૂપે માછલીઓનો ખોરાક | 5% | 15% |
| | | માછલીઓ, ક્રસ્ટેશન, , છીપલાં-મોલસ્ક્સ કે કરોડ વિનાના અન્ય દરિયાઇ જીવોના લોટ, આહાર અને ગોળીઓ | 5% | 15% |
| | | મેઝ બ્રાન | શૂન્ય | 15% |
| | | ડિ-ઑઇલ્ડ રાઇસ બ્રાન કેક | શૂન્ય | 15% |
| 2. | **રસાયણો** | કાર્બન બ્લેક | 5% | 7.5% |
| | | બિસ-ફિનોલ એ | શૂન્ય | 7.5% |
| | | એપિક્લોરોહાઈડ્રિન | 2.5% | 7.5% |
| 3. | **પ્લાસ્ટિક્સ** | અન્યત્ર સમાવેશ કે નિર્દિષ્ટ નથી એવો બિલ્ડરનો પ્લાસ્ટિક વૅર | 10% | 15% |
| | | પૉલિકાર્બોનેટ્સ | 5% | 7.5% |

| | | | | |
|---|---|---|---|---|
| 4. | **લેધર** | વેટ બ્લ્યુ ક્રોમ ટેન્ડ લેધર, ક્રસ્ટ લેધર, તમામ પ્રકારના ફિનિશ્ડ લેધર જેમાં એમનાં સ્પ્લિટ્સ અને સાઈડ્સ પણ સામેલ છે | શૂન્ય | 10% |
| 5. | **જેમ્સ એન્ડ જ્વેલરી** | કટ એન્ડ પૉલિશ્ડ ક્યુબિક ઝિર્કોનિયા | 7.5% | 15% |
| | | સિંથેટિક કટ એન્નડ પૉલિશ્ડ સ્ટોન્સ | 7.5% | 15% |
| 6. | **મૂડી સામાન અને મશીનરી** | ટનલ બૉરિંગ મશીન્સ | શૂન્ય | 7.5% |
| | | ટનલ બૉરિંગ મશીન્સના ઉત્પાદન માટેના ભાગો અને ઘટકો | શૂન્ય | 2.5% |
| 7. | **ઑટો સેક્ટર** | ઈગ્નિશન વાયરિંગ સેટ્સ, સેફ્ટી ગ્લાસ, સિગનલિંગ ઉપકરણોના ભાગો , ઇત્યાદિ નિર્ધારિત ઑટો પાર્ટ્સ | 7.5%/ 10% | 15% |
| 8. | **ધાતુ પેદાશો** | સ્ક્રૂ, નટ્સ ઇત્યાદિ | 10% | 15% |

**5%ના દરે એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ પણ લાગશે.*

**2. ઈલેક્ટ્રોનિક ક્ષેત્રે મૂલ્ય વર્ધનને ઉત્તેજન આપવા કસ્ટમ્સ ડ્યુટીમાં કરાયેલા ફેરફારો ( અન્ય રીતે નિર્દિષ્ટ ન હોય તો 2.2.2021થી અમલી**

| **ક્રમ** | **વર્ણન** | **પહેલાં** | **હવે** |
|---|---|---|---|
| 1. | મોબાઇલ ફોનના નિર્દિષ્ટ ભાગો બનાવવા માટે ઇનપુટ્સ, પાર્ટ્સ કે સબ પાર્ટ્સ જેમાં સામેલ છે:<br>(1) પ્રિન્ટેડ સર્કિટ બૉર્ડ એસેમ્બ્લી (પીસીબીએ)<br>(2) કેમેરા મૉડ્યુલ<br>(3) કનેક્ટર્સ<br>**[01.04.2021ની અસરથી લાગુ]** | 0<br>0<br>0 | 2.5%<br>2.5%<br>2.5% |
| 2. | ચાર્જર કે એડેપ્ટરના ઉત્પાદન માટે પ્રિન્ટેડ સર્કિટ બૉર્ડ એસેમ્બ્લી [પીસીબીએ] અને મૉડ્યુલ્ડ પ્લાસ્ટિક | 10% | 15% |
| 3. | મૉબાઇલ ચાર્જરના ઇનપુટ્સ અને પાર્ટ્સ [પીસીબીએ અને મૉડ્યુલ્ડ પ્લાસ્ટિક સિવાયના] | શૂન્ય | 10% |
| 4. | લિથિઅમ-આયર્ન બૅટરી અને બૅટરી પેકના ઉત્પાદન માટે ઇનપુટ્સ, પાર્ટ્સ અને સબ-પાર્ટ્સ [પીસીબીએ અને લિ-આયન સેલ સિવાયના] [ 01.04.2021થી અમલી | 0 | 2.5% |
| 5. | રેફ્રિજરેટર/ એર કન્ડિસ્નરના કૉમ્પ્રેસર | 12.5% | 15% |

| | | | |
|---|---|---|---|
| 6. | નિર્દિષ્ટ વાયર્સ અને કેબલ્સ | 7.5% | 10% |
| 7. | ટ્રાન્સફૉર્મરના નિર્દિષ્ટ ભાગો જેવા કે બૉબિન્સ, બ્રેકેટ્સ, વાયર્સ ઇત્યાદિ | શૂન્ય | લાગુ દર |
| 8. | એલઈડી લાઇટ્સના ઇનપુટ્સ અને ભાગો કે એલઈડી લેમ્પ્સ સહિતના ફિક્સ્ચર્સ | 5% | 10% |
| 9. | સોલર ઇન્વર્ટર્સ | 5% | 20% |
| 10. | સોલર લેન્ટર્ન્સ કે સોલર લેમ્પ્સ | 5% | 15% |

**3. ઇનપુટ્સ ખર્ચ ઘટાડવા માટે ઘરેલુ ઉત્પાદકો દ્વારા ઉપયોગમાં લેવાતા રૉ મટિરિયલ્સ અને ઈનપુટ્સ પર કસ્ટમ ડ્યુટીમાં ફેરફારો અને ઇન્વર્ટેડ ડ્યુટી માળખામાં સુધારો:**

| ક્રમ | ઇનપુટ/ રૉ મટિરિયલ (સેક્ટર માટે) | ચોક્કસ વસ્તુઓ | ડ્યુટીનો દર | |
|---|---|---|---|---|
| | | | **પહેલાં** | **હવે** |
| 1. | **પેટ્રોકેમિકલ ઉદ્યોગ** | નેપ્થા | 4% | 2.5% |
| 2. | **ટેક્સ્ટાઈલ ઉદ્યોગ** | કેપ્રોલેક્ટમ | 7.5% | 5% |
| | | નાયલૉન ચિપ્સ | 7.5% | 5% |
| | | નાયલૉન ફાયબર અને યાર્ન | 7.5% | 5% |
| 3. | **લોહ અને બિનલોહ ધાતુઓ** | આયર્ન અને સ્ટીલ મેલ્ટિંગ સ્ક્રેપ, સ્ટેનલેસ સ્ટીલ સ્ક્રેપ સહિત [31.3.2022 સુધી] | 2.5% | શૂન્ય |
| | | બિનલોહ સ્ટીલની પ્રાઇમરી/સેમી-ફિનિશ્ડ પેદાશો | 10% | 7.5% |
| | | બિન-લોહ અને લોહ-સ્ટીલની ફ્લેટ પ્રોડક્ટ્સ | 10%/ 12.5% | 7.5% |
| | | બિન-લોહ, સ્ટેનલેસ અને લોહયુક્ત સ્ટીલની લૉન્ગ પ્રોડક્ટ્સ | 10% | 7.5% |
| | | સીઆરજીઓ સ્ટીલના ઉત્પાદનમાં વપરાતી કાચી સામગ્રી | 2.5% | શૂન્ય |
| | | કૉપર સ્ક્રેપ | 5% | 2.5% |
| 6. | **ઉડ્ડયન ક્ષેત્ર** | સંરક્ષણ મંત્રાલયના જાહેર ક્ષેત્રના એકમો દ્વારા વિમાનોના ઉત્પાદન માટે એન્જિન સહિતના કૉમ્પૉનન્ટ્સ કે પાર્ટ્સ | 2.5% | 0% |

| | | | | |
|---|---|---|---|---|
| 7. | **કિમતી ધાતુઓ** | સોનું અને ચાંદી * | 12.5% | 7.5%* |
| | | ગોલ્ડ ડોર બાર * | 11.85% | 6.9%* |
| | | સિલ્વર ડોર બાર* | 11% | 6.1%* |
| | | પ્લેટિનમ, પેલિડમ ઇત્યાદિ | 12.5% | 10% |
| | | ગૉલ્ડ/સિલ્વર ફાઈન્ડિંગ્સ | 20% | 10% |
| | | કિમતી ધાતુઓને વૅસ્ટ અને સ્ક્રેપ | 12.5% | 10% |
| | | સ્પેન્ટ કૅટાલિસ્ટ કે ઍશ જેમાં કિમતી ધાતુ હોય | 11.85% | 9.2% |
| | | કિમતી ધાતુના સિક્કા | 12.5% | 10% |
| 8 | **પશુપાલન** | ફીડ એડિટિવ્ઝ કે પ્રિ-મિક્સિસ | 20% | 15% |

** 2.5%ના દરે એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ પણ લાગશે.*

***4.*** આ બધા ઉપર એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ પર લાદવામાં આવ્યો છે એટલે નિમ્ન લિખિત વસ્તુઓ પર બીસીડીના દરો ઘટાડવામાં આવ્યા છે જેથી મોટા ભાગની વસ્તુઓ પર એકંદરે ગ્રાહકોએ વધારાનો બોજો સહન કરવાનો ન આવે. આવી વસ્તુઓ પર બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (બીસીડી)ના સુધારેલા દરો નીચે મુજબ રહેશે.

| **વસ્તુ** | **સુધારેલા બેઝિક કસ્ટમ ડ્યુટીના દરો *** |
|---|---|
| સફરજન | 15% |
| ચેપ્ટર 22માં આવતા આલ્કોહોલિક પીણાં | 50% |
| ક્રુડ એડિબલ ઑઇલ (પામ, સૉયાબીન, સનફ્લાવર) | 15% |
| કોલ, ઈગ્નાઇટ અને પિટ | 1% |
| નિર્દિષ્ટ ખાતર (યુરિયા, એમઓપી, ડીએપી) | 0% |
| ઍમોનિયમ નાઇટ્રેટ | 2.5% |
| મટર, કાબુલી ચણા, બંગાળી ચણા, મસૂર | 10% |

** આ વસ્તુઓ પર એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ડેવલપમેન્ટ સેસના દરો માટે ભાગ સીનો સંદર્ભ લેવો.*

**4.** પેટ્રોલ અને ડિઝલ પર એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (એઆઈડીસી) લાદવાના પરિણામે એમના પરના બેઝિક એક્સાઇઝ ડ્યુટી (બીઈડી) અને સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યુટી (એસએઈડી)ના દરો ઘટાડવામાં આવ્યા છે જેથી એકંદરે ગ્રાહકોએ વધારાનો કોઇપણ બોજો સહન ન કરવો પડે. પરિણામે અનબ્રાન્ડેડ પેટ્રોલ અને ડિઝલ પર બેઝિક એક્સાઈઝ ડ્યુટી અનુક્રમે રૂ. 1.4 અને રૂ. 1.8 લિટર લાગશે. અનબ્રાન્ડેડ પેટ્રોલ અને ડિઝલ પર એસએઈડી લિટરે અનુક્રમે રૂ. 11 અને રૂ. 8 રહેશે. બ્રાન્ડેડ પેટ્રોલ અને ડિઝલ માટે પણ એવી રીતે ફેરફારો કરાયા છે. આ વસ્તુઓ પર એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસના દરો માટે ભાગ-સીનો સંદર્ભ લેવો.

## 6. મુક્તિઓનું સુયોજન

| ક્રમ | સામાનની કેટેગરી | નિર્દિષ્ટ વસ્તુઓ | પહેલાં | હવે |
|---|---|---|---|---|
| 1. | **ખનીજ** | નેચરલ બૉરેટ્સ અને એના કૉન્સન્ટ્રેટ્સ | શૂન્ય /5% | 2.5% |
| 2. | **રસાયણ** | સ્પાન્ડેક્સ યાર્નના ઉત્પાદન માટે મિથાઇલ ડાઇફિનાઇલઆઇસોસાયનેટ (એમડીઆઇ) | શૂન્ય | 7.5% |
| 3. | **હસ્તકલા, ગાર્મેન્ટ્સ અને લેધરમાં નિકાસ દેખાવના આધારે જકાત મુક્ત આયાતની છૂટ ધરાવતી વસ્તુઓ** | અગાઉના નાણાંકીય વર્ષમાં કરેલી નિકાસના આધારે મૉટિફ, ગ્લ્ય, વિનીર, પૉલિશ, હૂક્સ, રિવેટ્સ, બટન, વેલ્ક્રો, ચાટોન, બૅજીસ, સીવવાનો દોરો, ઇત્યાદિ જેવી ચોક્કસ ડ્યુટી ફ્રી વસ્તુઓની હસ્તકલા, ગાર્મેન્ટ્સ અને લેધરના નિકાસકારોને છૂટ<br>આ છૂટછાટો માટે 31.3.2021ની આખર તારીખ અપાઇ રહી છે. | શૂન્ય | લાગુ પડતો દર |

## 7. એન્ટી-ડમ્પિંગ ડ્યુટી અને કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી રદ/ કામચાલુ રદ/ બંધ કરવી

| ક્રમ | નિર્દિષ્ટ વસ્તુઓ |
|---|---|
| 1. | નિમ્નલિખિતની આયાત પર 2.2.2021થી 30.09.2021 સુધીના ગાળા માટે એન્ટી-ડમ્પિંગ ડ્યુટી હંગામી રીતે રદ કરવામાં આવે છે.<br>(a) પીપલ્સ રિપબ્લિક ઑફ ચીનથી ઉદ્ભવતા લોહ-સ્ટીલના સ્ટ્રેટ લેન્ગ્થ બાર્સ અને રોડ્સ, તારીખ 18.10.2018ના જાહેરમાના ક્રમાંક 54/2018થી લદાયેલી;<br>(b) તારીખ 25.09.2019ના જાહેરનામા ક્રમાંક 38/2019-સીયુએસ (એડીડી)થી લદાયેલી બ્રાઝિલ, પીપલ્સ રિપબ્લિક ઑફ ચીન અને જર્મનીથી ઉદભવતા કે નિકાસ થતાં નૉન-કૉબાલ્ટ ગ્રેડના હાઇ સ્પીડ સ્ટીલ;<br>(c) 23.06.2020ના જાહેરનામા ક્રમાંક 16/202-સીયુએસ (એડીડી) દ્વારા લદાયેલ પીપલ્સ રિપબ્લિક ઑફ ચીન, વિયેટનામ અને કોરિયા રિપબ્લિકથી ઉદ્ભવતા કે નિકાસ થતા સ્ટીલના ફ્લેટ રોલ્ડ પ્રોડક્ટ્સ, પ્લેટેદ કે કૉટેડ વિથ ઍલોય ઑફ એલ્યુમિનિયમ કે ઝિંક. |
| 2. | 7.09.2017ના જાહેરનામા ક્રમાંક 1/2017-સીયુએસ (સીવીડી)થી લદાયેલ, પીપલ્સ રિપબ્લિક ઑફ ચીનથી ઉદભવતી કે નિકાસ થતાં ચોક્કસ હૉટ રોલ્ડ અને કૉલ્ડ રૉલ્ડ સ્ટેનલેસ સ્ટીલ ફ્લેટ પ્રોડક્ટ્સની આયાત પરની કાઉન્ટરવેલિંગ ડ્યુટી 2.2.2021થી 30.09.2021 સુધી હંગામી ધોરણે રદ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| 3. | 9.10.2020ના જાહેરનામાં ક્રમાંક 2/2020-કસ્ટમ્સ (સીવીડી)થી લદાયેલ ઇન્ડોનેશિયાથી ઉદભવતા કે નિકાસ થતાં સ્ટેનલેસ સ્ટીલના ફ્લેટ પ્રોડક્ટ્સ પરની હંગામી કાઉન્ટરવેલિંગ ડ્યૂટી રદ કરવામાં આવે છે. |
| 4. | સમાપ્તિ સમીક્ષામાં પીપલ્સ રિપબ્લિક ઑફ ચીન, કોરિયા ગણરાજ્ય, યુરોપિયન સંઘ, સાઉથ આફ્રિકા, તાઇવાન, થાઇલેન્ડ અને અમેરિકાથી ઉદ્ભવતા કે નિકાસ થતા 600 મીમી થી 1250 મિમીની પહોળાઇના અને 1250 મિમિથી વધુના બિનવાસ્તવિક ઉપયોગના સ્ટેનલેસ સ્ટીલના ફ્લેટ પ્રોડક્ટ્સ પર 11મી ડિસેમ્બર, 2015ના જાહેરનામા ક્રમાંક 61/2015-કસ્ટમ ડ્યુટી ( એડીડી) અને 24મી ઑક્ટોબર 2017ના જાહેરનામા ક્રમાંક 52/2017 –કસ્ટમ્સ (એડીડી)થી અત્યાર લગી લાગવા પાત્ર એન્ટી ડમ્પિંગ ડ્યુટી સમાપ્તિએ બંધ કરી દેવાઇ છે. |

**8. અન્ય છૂટક ફેરફારો**

| **ક્રમ** | **સામાનની કેટેગરી** | **નિર્દિષ્ટ વસ્તુઓ** |
|---|---|---|
| 1. | **પરચુરણ** | ફિલ્મ નિર્માતાઓ દ્વારા કૉસ્ટ્યુમ્સ અને પ્રૉપ્સની હંગામી આયાતને મુક્તિ |
| | | સોલર પાવર જનરેશન પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે મશીનરી, ઇન્સ્ટ્રુમેન્ટ્સ, એપ્લાયન્સીસ, કૉમ્પોનન્ટ્સ કે ઑક્સિલયરી ઇક્વિપમેન્ટ્સની તમામ વસ્તુઓને અપાયેલી મુક્તિ રદ થઈ રહી છે. [જાહેરનામા ક્રમ. 1/2021-સીયુએસ] |
| 2. | પ્રોજેક્ટ આયાત | તમામ હાઇ સ્પીડ રેલવે પ્રોજેક્ટ્સને લાભ અપાઇ રહ્યો છે |
| 3. | આઇટી/ઈલેક્ટ્રોનિક્સ | કમ્પ્યૂટર્સ માટેનાં પ્રિન્ટર્સમાં વપરાતા ઇંક કાર્ટ્રિજ્સ, રિબન એસેમ્બ્લી, રિબન ગિયર એસેમ્બ્લી, રિબન ગિયર કાર્ટ્રિજ પરની બીસીડીનો છૂટછાટવાળો દર પરત ખેંચાઇ રહ્યો છે |
| 4. | રમકડાં | ઇલેક્ટ્રૉનિક રમકડાંનાં વિવિધ ભાગો પર છૂટછાટવાળા બીસીડીના દરો પૂરાં પાડતા મુક્તિના જાહેરનામામાં હાલની એન્ટ્રીઓને એક જ એન્ટ્રીમાં સામેલ કરાઇ રહી છે અને આ નવી એન્ટ્રી માટે 15%નો સુધારેલો બીસીડી દર નિર્ધારિત થઈ રહ્યો છે. |
| 3. | હાલની છૂટક શરતોના બદલામાં એન્ડ યુઝ આધારિત | કસ્ટમ્સ મુક્તિઓમાં સંખ્યાબંધ વિઘ્નકારી શરતોને બદલે હવે ઇમ્પોર્ટ ઑફ ગૂડ્સ એટ કન્સેશનલ રેટ (આઇજીસીઆર)ના પાલનની જરૂરિયાતો મૂકાઇ રહી છે. આનાથી એન્ડ યુઝ આધારિત મુક્તિઓ માટે |

| | | |
|---|---|---|
| | મુક્તિઓને આઇજીસીઆરની શરતો હશે. | અનુપાલનની જરૂરિયાતો સરળ અને એકસરખી થઈ જશે. |

**સી. એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ નિર્દિષ્ટ વસ્તુઓ પર લાદવો. [2.2.2021થી અમલી]**

એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ નિમ્ન અનુસાર નિર્દિષ્ટ વસ્તુઓ પર લાદવામાં આવ્યો છે.

**(એ) કસ્ટમ્સ બાજુએ**

| **વસ્તુઓ** | સૂચિત સેસ (કસ્ટમ્સ) |
|---|---|
| ગોલ્ડ, સિલ્વર અને ડોર બાર્સ | 2.5% |
| આલ્કોહોલિક બેવરેજીસ (ચેપ્ટર 22 હેઠળ આવતા) | 100% |
| ક્રુડ પામ ઑઈલ | 17.5% |
| ક્રુડ સોયાબીન અને સનફ્લાવર ઑઇલ | 20% |
| સફરજન | 35% |
| કોલ, લિગ્નાઇટ અને પિટ | 1.5% |
| નિર્દિષ્ટ ખાતર (યુરિયા વગેરે) | 5% |
| મટર | 40% |
| કાબુલી ચણા | 30% |
| બંગાળી ચણા/ચિક મટર | 50% |
| મસૂર | 20% |
| કૉટન (કાર્ડ કે કોમ્બ વિના ) | 5% |

આ વસ્તુઓ પરના બેઝિક કસ્ટમ ડ્યુટીના દરો માટે પાર્ટ-બીનો સંદર્ભ લેવો. આમાંની મોટા ભાગની વસ્તુઓ પર એકંદરે ગ્રાહકો પર વધારાનો કોઇ બોજો પડશે નહીં.

(A) **એક્સાઇઝ બાજુએ**

પેટ્રોલ પર લિટરે રૂ. 2.5 અને ડિઝલ પર લિટરે રૂ. 4નો એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ લાદવામાં આવ્યો છે. આ વસ્તુઓ પર એઆઇડીસી લાદવાના પરિણામે અન્ય ડ્યુટીઓ અને સેસમાં સુધારા માટે ભાગ બીનો સંદર્ભ લેવો. એકંદરે ગ્રાહકો પર વધારાનો કોઇ બોજો પડશે નહીં.

**ઈ. સામાજિક કલ્યાણ સરચાર્જ (એસડબલ્યુએસ)**

| | |
|---|---|
| 1. | a. તમામ સામાનો માટે એક જ 10%નો એસડબલ્યુએસ દર જાળવી રાખવા જાહેરનામા ક્રમાંક 12/2018,, તારીખ 2.2.2018ને રદ કરાઇ રહ્યું છે.<br>b. એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ પરના એસડબલ્યુએસને સોના અને ચાંદી માટે મુક્તિ અપાઇ રહી છે. |

**એફ. સેન્ટ્રલ એક્સાઇઝમાં છૂટક ફેરફારો:**

| | | |
|---|---|---|
| 1. | બ્લેન્ડેડ ફ્યુઅલ:<br>M-15 પેટ્રોલ અને E-20 પેટ્રોલ | જો આ બ્લેન્ડેડ ફ્યુલ્સ ડ્યુટી ચૂકવાયેલ ઇનપુટ્સમાંથી બન્યા હોય તો અન્ય બ્લેન્ડેડ ફ્યુઅલ્સ (જેવા લે ઈ-5 અને ઈ-10) ની જેમ સેસ અને સરચાર્જીસમાંથી મુક્તિ |

**જી. સેન્ટ્રલ જીએસટી એક્ટ, 2017 (સીજીએસટી એક્ટ) અને ઇન્ટિગ્રેટેડ જીએસટી એક્ટ, 2017 (આઇજીએસટી એક્ટ)માં કાયદાકીય ફેરફારો:**

જીએસટી કાઉન્સિલની ભલામણોના આધાર પર સીજીએસટી એક્ટ અને આઇજીએસટી એક્ટમાં ચોક્કસ સુધારા કરવામાં આવ્યા છે. આ ફેરફારો એ જ્યારે નૉટિફાય થશે એ તારીખથી અમલમાં આવશે. શક્ય હશે ત્યાં સુધી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા આ પ્રકારના અધિનિયમોમાં તદનુસાર સુધારાની સાથે જ.

આમાં આ પગલાંઓ સામેલ છે.

(i) કરદાતાઓની સુવિધા માટે જેમકે વાર્ષિક હિસાબો અને હિસાબ મેળવણી સરવૈયું ઑડિટ કરવાની ફરજિયાત જરૂરિયાત રદ કરવી, સ્વ-પ્રમાણિત આધારે વાર્ષિક રિટર્ન ભરવું અને 1 જુલાઇ 2017થી અમલી ચોખ્ખી કેશ જવાબદારીઓ પર વ્યાજ વસૂલવું.

(ii) અનુપાલન સુધારવા જેમ કે સપ્લાયર દ્વારા આઉટવર્ડ સપ્લાયના સ્ટેટમેન્ટમાં વિગતો આપી હોય ત્યારે જ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળે, અમુક ગાળા માટે હંગામી ટાંચની માન્યતા, નિર્દિષ્ટ કિસ્સાઓમાં જ આઇજીએસટીની ચૂકવણી પર ઝીરો-રેટિંગ અને એને વિદેશી ધનપ્રાપ્તિ સાથે જોડવું.

(iii) જપ્તી અને સિઝર સંબંધી અન્ય ચોક્કસ ફેરફારો, લદાયેલ દંડના 25% જેટલી રકમ ચૂકવણી પર જ અપીલ દાખલ કરી શકવી.

**એચ . અન્ય કેટલાંક નજીવા પ્રકારના ફેરફારો છે. બજેટ દરખાસ્તોની વિગતો માટે એક્સ્પ્લેનેટરી મેમોરેન્ડમ અને અન્ય પ્રસ્તુત બજેટ દસ્તાવેજો જોઇ શકાય.**